—: અનુક્રમણિકા: —

આહાર મીમાંસા

પૃષ્ઠ.

તે જીવી બતાવી, તેનો પ્રત્યક્ષ દાખલો જગતને પૂરો પાડે છે." ધન્ય મુનિરાજ !

"શ્રાવકોના આહાર વિગેરેની વ્યવસ્થા પણ-જૈન મુનિ જીવનના આદર્શને સામે રાખીને જ ઉપદેશવામાં આવી હોય, એ સ્વાભાવિક છે. એટલે કે—શ્રાવકોના આહારના ભક્ષ્યા-ऽભક્ષ્ય વિવેકમાં પણ અહિંસા : સંયમ : અને તપ : એ ત્રણ તત્ત્વો મુખ્ય હોય, એ સ્વાભાવિક છે."

આહાર : એ જીવન નિર્વાહનું મુખ્યમાં મુખ્ય અંગ છે. તેમાં "અહિંસા : સંયમ : તપઃનો આશ્રય લેવાથી નિર્વાહનેઃ અને જીવનના હરેક તરેહના વિકાસને બાધ આવે." એમ માનવાને કારણ નથી. પરંતુ, બહુ સૂક્ષ્મ વિચાર કરવાથી "નિર્વાહ અને જીવન વિકાસને સારો અને યોગ્ય વેગ મળે છે." એમ માનવાને કારણ મળે છે. કેમકે-યોગ્ય નિર્વાહ અને વિકાસને બાધક થાય, તેવી રીતે અહિંસાઃ સંયમઃ અને તપઃનું પાલન કરવાનું હોતું નથી.

"અહિંસા : સંયમ : અને તપ : વગરના પ્રાણીઓનો નિર્વાહ અને વિકાસ સારો થાય છે." એમ કહી શકાય તેમ છે જ નહિ.

અહિં વિકાસની વ્યાખ્યાનું લક્ષ્ય માનસિકઃ કે આંતરિકઃ વિકાસ છે. શરીરે ગમે તેવો મજબુત માણસ બીકણ હોય, તો તે વિકાસ ગણાય જ નહિ. નિર્ભય માણસ ખુની, હરામખોર, બદમાશ હોય, તો તે પણ વિકાસ ગણાય જ નહિ. જીવનની

(૩) તેવે પ્રસંગે "ભૂલ ન થઇ બેસે" માટે અહિંસાના સૂક્ષ્મ તત્ત્વોનુંઃ સૂક્ષ્મ નિયમોનુંઃ અને યોગ્ય તાલિમનુંઃ જ્ઞાન મેળવવા પ્રથમથી જ પૂરતી કોશિષ કરે છે.

(૪) પ્રાણી તરીકેના પોતાના જીવન નિર્વાહ માટે, અને પોતાનો આત્મ વિકાસ કરવા માટે, કદાચ પરંપરાએ પણ હિંસા થવાના પ્રસંગો બનવાનો સંભવ લાગે, ત્યારે પણ જેમ બને તેમ ઓછામાં ઓછી હિંસા થાય, અને વધુમાં વધુ અહિંસા જળવાય, તે માટે પણ તેઓ કાળજીઃ તેનું સૂક્ષ્મ વિવેક જ્ઞાનઃ તથા બારીક અને કડક નિયમોનું પાલનઃ ધરાવે છે.

(૫) એટલે, જેમ બને તેમ, જીવનને વધુને વધુ અહિંસામય બનાવવાઃ અને રાખવાઃ જેમ બને તેમ વધુને વધુ સંયમી એટલે ઓછામાં ઓછી જરૂરીઆતવાળું બનાવવાઃ અને રાખવાઃ અને વધુમાં વધુ તપોમય એટલે ઇરાદાપૂર્વક સાચી સમજ પૂર્વક કષ્ટ ઉઠાવી લેવાની વૃત્તિવાળું બનાવવાઃ અને રાખવાઃ પ્રયાસો કરે છે. એટલે કે–પોતાની અહિંસક વૃત્તિને સંયમઃ અને તપઃની મદદથી વધુમાં વધુ અમલી બનાવે છે. તેઓનું પાંચ આચારોનું પાલનઃ ઉચ્ચ જીવનની પરાકાષ્ઠા છે.

જગત્‌માં ઉંચામાં ઉંચો માનસિક : વાચિક : અને કાયિકઃ સ્વ : અને પર : દ્રવ્ય : અને ભાવ : બાહ્ય : અને અભ્યંતર : અહિંસાનો આથી ઉંચો કોઇપણ આદર્શ સંભવી શકતો નથી. જૈન મુનિઓ પોતાના જીવનમાં

આહાર કરનારા છે.

૬. તેથી આગળ વધીને, માંસાહાર સાથે અન્ન: વનસ્પતિઓ: અને ઘી: દૂધ: વિગેરેને સ્થાન આપી, અલ્પ માંસાહાર કરનારા છે.

૭. તેથી આગળ વધીને, માંસાહાર વિનાજ માત્ર અન્ન: વનસ્પતિઓ: અને ઘી: દૂધ: દહીં: વિગેરેનો આહાર કરનારા છે.

૮. તેથી આગળ વધીને, વનસ્પતિ સુદ્ધાં-કોઇપણ સજીવ પદાર્થને તથા પોતાના હાથે નિર્જીવ કરેલા કોઇપણ અચિત્ત-અચેતનપદાર્થને પ પોતાના આહારમાંથી બાદ કરનારા છે.

૯. અને તેથાયે આગળ વધીને, પોતાને માટે બીજા કોઇએ પણ નિર્જીવ કરેલા ખોરાકને પણ પોતાના ખોરાક તરીકે લેવાનામાંથી બાદ કરીને, તદ્દન નિર્દોષ રીતે મળેલા ખોરાકથી જીવનનો નિર્વાહ ચલાવનારા માનવો આ જગત્ ઉપર આજે પણ વિદ્યમાન છે.

તેથી કરીને, "જૈન મુનિઓનું જીવન અકુદરતી કે કૃત્રિમ છે." એમ માનવાને કારણ નથી. પરંતુ પ્રાણી માત્રમાં રહેલી અહિંસા: સંયમ: અને તપોમય:વૃત્તિના વધારેમાં વધારે વિકાસના જીવંત દૃષ્ટાંત રૂપે જગત્માં તેમને મુખ્ય: ઉચ્ચ: અને પૂજ્યતમ: પ્રથમ દરજ્જાનું સ્થાન છે.

અને તે દૃષ્ટાંતમાં વ્રતધારી શ્રાવકોનું સ્થાન બીજું છે. પરંતુ, જૈન મુનિજીવન જીવતાં માનવો સિવાયના-ગૃહસ્થ જીવન જીવતા માનવોમાં તો વ્રતધારી શ્રાવકોનું પહેલું અને મુખ્ય સ્થાન છે. તેથી ઉતરતું સ્થાન સામાન્ય શ્રાવકોનુ છે. ને તેથી ઉતરતું બીજા માનવોનું છે.

ઉત્તમ નૈતિક જીવનની જરૂરીઆત લાયક દુન્યવી જીવન પૂરતીજ મર્યાદિત છે. માટે તેનો સ્વાર્થમાંજ સમાવેશ થાય છે. નિઃસ્વાર્થિ પરોપકારી જીવન તો આધ્યાત્મિક જીવનનો પાયો હોવાથી, નિઃસ્વાર્થી જીવનનું અસ્તિત્વ અને જરૂરીયાત સાબિત થાય છે. અને તેવું જીવન જીવનારા માનવો પણ જગત્માં કુદરતી રીતે જ અસ્તિત્વ ધરાવેજ છે. એ મોટામાં

દરેક શાખાઓ ઉપર પોતાનો આંતરિક વિકાસ જેટલો કાબુ ધરાવી શકે છે, તેટલી જ જીવનનૌકા વ્યવસ્થિત ચાલે છે. તે આંતરિક વિકાસને—અહિંસા : સંયમ : અને તપ : સાધી આપી શકે છે. બાહ્ય શારીરિક આરોગ્યને પણ તેથી ઘણી જ સુંદર મદદ મળે છે, ને દીર્ઘાયુષી થવાય છે.

૨ જીવનમાં અહિંસાના સ્થાનની ઉચ્ચ હદઃ

૧ ક્રૂરમાં ક્રૂર પ્રાણીઓ પણ પોતાના કુટુંબ કે પોતાની જાતિ તરફ ક્રૂરતા દાખવતા નથી, પરંતુ કુટુંબ પ્રત્યે વાત્સલ્ય અને સજાતીય પ્રાણીઓ તરફ બંધુભાવ ધરાવે છે. આ ગુણને લીધે દરેક પ્રાણી પોતાના સંતાનોનું પાલન કરે છે. અને પોતાની જાતિના બીજા પ્રાણીઓ સાથે ટોળામા રહી શકે છે.

૨. એટલાજ માટે, કુટુમ્બ વ્યવસ્થાઃ અને જ્ઞાતિ-સમાજ-રાજ્ય-ધર્મ વિગેરે પ્રકારની વ્યવસ્થાઓથી ગુંથાએલી પવિત્ર આર્ય સંસ્કૃતિ માનવજાતે ઉત્પન્ન કરી છે. અને તેની મદદથી વધુમાંવધુ અહિંસક રહેવાની તથા સર્વ બાજુએથી માનવજાતનું પોતાનું રક્ષણ થઇ શકે તેવી, તેમાં ગોઠવણો ગોઠવવાનો માનવજાતે પ્રયાસ કર્યો છે.

૩. આગળ વધીને બીજાના ભલા માટે પણ પ્રયાસ કરતા અથવા તે ખાતર જાતે કષ્ટ વેઠી લેતા પ્રાણીઓના દાખલા પણ મળી આવે છે.

એટલે, પ્રાણી માત્રમાં સ્વાભાવિક રીતે જ ઓછે વધતે અંશે અહિંસાની પણ માત્રા હોય જ છે.

૪. માનવજાત માત્રમાં અહિંસક વૃત્તિના તત્ત્વો કાંઇક વધુ હોય છે. જંગલીમાં જંગલી મનુષ્યા-ડકારી માનવમાં પણ ઉપર જણાવ્યા પ્રમાણે, એકંદરે—વખતે અંશે વાત્સલ્ય વૃત્તિ અને બંધુભાવ હોય છે, કે જે, તેને કેટલેક અંશે અહિંસક ગણે જ છે.

૫. તેથી આગળ વધીને મનુષ્ય સિવાયના પ્રાણીના માંસનેઃ

ગભરાટ ન છૂટે." માટે વખતોવખત અને વિવિધ પ્રકારના તપો-અનુષ્ઠાનો કરીને તપસ્વિતા–ઇચ્છા પૂર્વક કષ્ટ સહન કરવાની ટેવ–કેળવવી જોઈએ. અને વિવિધ વ્રતો: અભિગ્રહો: ત્યાગો: પ્રતિજ્ઞાઓ: એ વિગેરેથી, સંયમ કેળવવો જોઈએ. તોજ જીવનમાં જેમ બને તેમ વધુને વધુ અહિંસક રહેવાનું બની શકે છે. કેમકે–અહિંસાની વાતો અને ડંફાશો હાંકવાથી અહિંસક જીવન જીવી શકાતું નથી.

અલબત્ત, કેટલાક પ્રબળ આત્માઓ તાલીમ લીધા વિના પણ સંપૂર્ણ અહિંસકપણે રહેનારા મળી આવે છે. પરંતુ દરેક આત્માઓ તેવા નથી હોતા, ન હોઇ શકે. છતાં તાલીમ લેવી, એ સર્વ સામાન્ય ઉપાય તરીકે પ્રગતિ વાંચ્છુકોને માટે આવશ્યક છે. તેથીજ, કેટલાક બુદ્ધિમાનો કે વીર પુરુષોને નિશાળના શિક્ષણની કે લશ્કરી કવાયતની આવશ્યકતા નથી હોતી. પરંતુ, એવી વીરલ વ્યક્તિ કોઈક ઠેકાણે અને ક્વચિત્જ પાકે છે. માટે તેવી વ્યકિતઓ શિવાયની વ્યકિતઓની પ્રગતિ માટે તાલીમના વર્ગો: રોજની કવાયત: વિગેરે જરૂરના ગણાય છે. તેજ પ્રમાણે, ઉત્કૃષ્ટ અહિંસક રહેવાની ઇચ્છાવાળાએ સંયમ કેળવવા વ્રતઃ નિયમ: પચ્ચક્ખાણ: પ્રતિજ્ઞા: અભિગ્રહ: વિગેર આગ્રહ પૂર્વક વખતો વખત પૂરતી કાળજી: દૃઢતા: અને પુરતી સૂક્ષ્મતા:થી લેશમાત્ર પણ ભૂલ વિના: જેમ બને તેમ સેવવા જોઇએ. તેમજ તપઃ શકિત કેળવવા બચ્ચપણથી જ હજારો પ્રકારના વિવિધ તપોઅનુષ્ઠાનોમાંથી શક્તિ પ્રમાણે પસાર થવા કોઇને કોઈ તપો અનુષ્ઠાનોનું વખતો વખત આચરણ કરી હસતે ચહેરે કષ્ટ સહન કરવાની તાલિમ મેળવવી જોઇએ. જેમ બને તેમ સ્વેચ્છાથી કષ્ટ સહન કરવા માનવોએ તાલિમ બદ્ધ થવું જોઇએ.

માટે, જૈન મુનિજીવનઃ એ ત્રણ તત્ત્વથી ગુંથાયેલું છે. અને તેથી જગત્માં તેની ખાસ એ વિશિષ્ટતા છે. બીજા માનવો ન છુટકે, સંકડામણમાં આવે ત્યારે, કષ્ટ વેઠે છે. ત્યારે પણ તેઓ રોદણાં રોતા અને ગણ-

મોટું જગતને આશ્વાસન છે. ત્યારે, દુન્યવિ જીવનની અને નીતિની વધુ પડતી જાહેરાત કરી, આધ્યાત્મિક જીવનથી જગતને વન્ચિત રાખવામાં જગતના પ્રાણીઓ-માનવાદિક પ્રાણીઓનો દ્રોહ કરવા બરાબર થાય છે. આમ આધ્યાત્મિક વિકાસના સાધનોને રૂંધવા ન જોઇએ.

જૈન મુનિઓ જેમ બને તેમ હિંસા વિનાજ પોતાના જીવનનો નિર્વાહ કરે છે. પરંતુ, દરેક વખતે હિંસા વિના જીવનનો નિર્વાહ ચલાવવો કઠીન પડે છે, તેથી તેઓ જરૂરીઆત જ ઓછી ધરાવીને ઓછામાં ઓછા સાધનોથા વગર હિંસાએ જેટલું પ્રાપ્ત થાય, તેટલાથી નિર્વાહ કરે છે. એટલે કે જીવનમાં **સંયમ** કેળવે છે.

તે ઉપરાંત, કોઇ વખતે જરૂરીઆતની ચીજ હિંસા વિના લેશ માત્ર પણ પ્રાપ્ત થાય તેમ ન હોય, તો તે વિના ચલાવી લેવાની ટેવ કેળવવા સદા **તપોમય** જીવન કેળવે છે.

જરૂરીયાતોના સ્વેચ્છા પૂર્વકના ત્યાગથી જેટલી મુશ્કેલીઓ આવી પડે, જેટલું સહન કરવુ પડે, તે હસતે ચહેરે, અને આનંદ સાથે સહન કરે છે, તે **તપઃ** છે. ઇચ્છા વિના સહન કરવું પડે, તે તપ ગણાતું નથી.

એ ટેવ કેળવવા માટે વિવિધ પ્રકારના તપો-અનુષ્ઠાનો કરીને જુદે જુદે વખતે મનઃ વચનઃ અને શરીરઃને તાલીમ આપ્યે જ રાખે છે. જેનું પરીણામ હંમેશાં જોવામાં નથી આવતું. પરંતુ, જ્યારે કોઇ વખતે કટોકટીનો પ્રસંગ આવી લાગે, લેશમાત્ર પણ જરૂરીઆતની ચીજ પ્રાપ્ત થઇ શકે તેમ ન હોય, ત્યારે પણ તે મહાનુભાવો લેશમાત્ર મનમાં દુઃખ ધર્યા વગર પોતાનું જીવન અને કાર્ય શાંતિથી આગળ ધપાવી શકે છે.

એ સ્થિતિમાં બીજો માણસ હેરાન હેરાન થઇ જાય છે, ગભરાઇ જાય છે. કંઇક કંઇક જાતના વલખાં મારવા માંડે છે. કાંઇક જાતની ઉથલ પાથલ કરવા માંડે છે. પરંતુ, "ખરી મુશ્કેલીને પ્રસંગેપ—એવો

તેમાંથી આપે તેટલું, પોતાના ઉપયોગ પૂરતું લઇને, ઉપયોગ કરે છે. અચેતન પાણી ન મળે, ત્યાં સુધી પાણી વિના ચલાવી લે છે. પોતાની સામે છલોછલ ભરેલા નદીઃ તળાવઃ સમુદ્રઃ કૂવાઃ નળઃ વિગેરેમાંથી એક ટીંપું પણ પાણી લેશે નહિ. એટલું જ નહિ, પણ તેને અડકશે પણ નહિં. તથા તેમાં કે તેથી ન્હાશે પણ નહિં. પોતાની મેળે કે કોઇ આપે તો પણ તે લેશે તો નહીં, પણ તેને અડકશે પણ નહીં. માત્ર અશુચિ તત્ત્વની આવશ્યક શુદ્ધિ પણ ઉપર જણાવ્યા પ્રમાણે જરૂર પૂરતા અચેતન જળથી જ કરી લેશે.

જૈન મુનિ, કોઇપણ જીવજંતુને અડી જવાય, તો તે વિષે પણ બહુ સંભાળ રાખે છે પંચેન્દ્રિય પ્રાણીમાંની સ્ત્રી જાતિને ન અડવામાં બ્રહ્મચર્યની રક્ષા તો ગણેજ છે. તે સિવાયનાં પ્રાણીઓને "તેને દુઃખ ન થાય" તેથી તેનો જેમ બને તેમ સ્પર્શ પણ કરે નહિ, એકેન્દ્રિય જીવો તો બારીક હોય છે, તેથી તેને સહજમાં પીડા થવાનો સંભવ હોવાથી તેને અડકતાજ નથી. તેનો સંઘર્ષ થાય, તોપણ પ્રાયશ્ચિત કરી લે છે. તો પછી પોતાના જરુરીઆત માટે તેના ઉપર કોઇપણ હિંસક સંસ્કાર કરવાની, કે તેને લેવાની તો વાત જ શી?

અચેતન પાણીને અડે નહિ, અડીને લે નહિ, તેને વાપરે નહી. અચેતન કરવા જાતે પ્રયાસ કરે નહિ. કોઇને એ પ્રયાસ કરવાનું કહે નહિ, કોઇ કરતો હોય, તો તેને તેમ કરતો જોઇ "ઠીક" માને નહિ, તેમજ બીજો કોઇ અચેતન કરતો હોય, તે પણ જો જૈન મુનિને "પોતાને માટે કરે છે," એમ લાગે, તો તેનો-તે અચેતન પદાર્થોનો પણ ઉપયોગ કરી શકે નહી.

માત્ર, કોઇ માણસે પોતાના ઉપયોગ માટે અચેતન કરેલું હોય, તેમાંથી પોતાની જરૂરીઆત પૂરતું, સામા માણસને અડચણ ન પડે તેટલુંજ લઇને, નિર્વાહ કરી લે. આટલે સુધી પાણીની અને બીજી

ગણુતા વેઠે છે. ત્યારે જૈનમુનિ સમજ પૂર્વક વેઠે છે. ઉપરાંત, સદા આનંદ મગ્ન રહે છે. એ તેની વિશેષતા છે:

૩ જૈન મુનિ કોઇપણ–જીવની હિંસાથી આખી જીંદગી સુધી કેવી રીતે દૂર રહે છે?

સ્હેજ પણ જીવહિંસાને તેમના જીવનમાં સ્થાન નથી હોતું !!!

૧ **પૃથ્વી:** સૂર્યના તાપથા કે અતિ વપરાશથી અચિત્ત–નિર્જીવ–થયેલી ભૂમિ ઉપરપગે ચાલીને વિહાર કરે છે. સજીવ માટી વાળી ભૂમિ ઉપર વિચરતા જ નથી.

૨ તે સુવે, બેસે, અને ઉભા રહે છે, તે પણ અચિત્ત ભૂમિ ઉપર જ.

૩ અચિત્ત ભૂમિ ઉપર પણ જો કોઇ હરતા ફરતા જીવ જંતુ આવી જાય, તો પોતાના પાસેના [ઝીણામાં ઝીણા જીવને–પણ જરાયે પીડા ન કરે, તેવા કોમળ] ઉનના [રેશમમાં જીવ અટવાઇ જાય, સુતરાઉમાં ચોટી રહે. ઉનમાં ચોંટી શકે નહિ. તેમજ જંતુને હરકત ન થાય, અને દૂર થઇ જાય, તેવા] **રજોહરણથી** દૂર કરીને જ તે ભૂમિનો ઉપયોગ કરે છે.

૪ કોઇપણ કામમાં જરૂર પડે, તો માટી: રાખ: વિગેરે અચિત્ત જ વસ્તુનો અને તે પણ બીજા પાસેથી માંગીને ઉપયોગ કરી શકે છે. નકામી પડી હોય, તોપણ તે ચીજનો પોતાની મેળે લઇને ઉપયોગ કરતા નથી.

૫ **પાણી:** પાણી ગળ્યા વિનાનું તો વાપરતા જ નથી. એટલે પાણીમાં કોઇ પણ પોરા વિગેરે આવી જવાનો સંભવ નથી જ હોતો. તેમાં પણ, જૈન શાસ્ત્ર દ્રષ્ટિથી ગળેલું–એક પણ પોરા વગરનું–પાણી પણ **સચેતન પ્રાણી** છે તેનો પણ ઉપયોગ જૈન મુનિ લેશ માત્ર કરતા જ નથી. જો તે કોઇએ અચેતન કરેલું હોય, તો જ,

૭ ભૂખ્યા માણસો જંગલમાં જાંબુનું ઝાડ જોઇને જાંબુ ખાવાની ઇચ્છા કરવા લાગ્યા.

૧. એકે કહ્યું "અલ્યા ! જોઇશું રહ્યા છો ? મારો ચડમાં કુહાડા. પાડો ઝાડ હેઠું, કે પેટ ભરીને જાંબુ ખાઇએ."

૨. બીજાએ કહ્યું "અરે ! ધનચક્કર ! આખુ ઝાડ કાપવાની શી જરૂર છે ? મોટાં મોટાં ડાળાં કાપી લઇએ, કે જાંબુ જ જાંબુ. પેટ ભરીને ખાઇ લઇએ."

૩. ત્રીજાએ કહ્યું "અરે એવકુફ ! મોટા ડાળા કાપવાની શી જરૂર છે ? ડાળાઓમાં કયાં જાંબુ છે ? જાંબુ તો નાની નાની ડાળીઓમાં છે. તે કાપીએ એટલે બસ."

૪. અરે "ગાંડાભાઇ, લુમખાં લુમખા વેડીને નીચે પાડીશું, તોયે આપણું કામ થશે."

૫. પાંચમો કહે "અરે ! ભલામાણસ ! તારી પણ અક્કલ બહેર મારી ગઇ લાગે છે. ઉપર બેસીને એક એક જાંબુ તોડીને ખાવા હોય, તેટલાજ ખાઇ લઇએ, આપણી ભૂખ ભાંગશે, નકામા જાંબુ તોડી ધૂળમાં ઢગલો શા માટે કરવો ?"

૬. છઠ્ઠે કહ્યું—"વહાલા બંધુઓ ! આ નીચે પડ્યા છે ને ! તેમાંથી ગમે તેટલા ખાશો તોયે ખૂટે તેમ નથી. તો શા માટે હાથે કરીને જાંબુ તોડવા ઝાડ ઉપર ચઢવું ?"

આ દષ્ટાંત જગતના પ્રાણીઓના મનોદશાનો ટુંકામાં ચિતાર આપવા માટે ઘણુંજ આબેહુબ છે. આવા દષ્ટાન્તોના ચિત્રો આપણે ઘણીવાર ભીંતો ઉપર જોતાં હોઇએ છીએ, પરંતુ ગુરુગમ વિના. તેના પરમ રહસ્યઃ સચોટ ઉપદેશકત્વઃ અને વૈજ્ઞાનિક પૃથક્કરણઃ તરફ આપણું લક્ષ્ય જતુંજ નથી. પ્રાણી માત્રની માનસિક સ્થિતિનું સરળતાથી સમજાય તેવું આ આત્માઓનું, વ્યવહારુ-વૈજ્ઞાનિક પૃથક્કરણ છે.

કાળે હોય જ. એવો કુદરતનો કાયદો છે. તે ૭ વર્ગનાં નામ ની
પ્રમાણે પાડી બતાવ્યાં છે.

૧. કૃષ્ણ લેશ્યાવાળા જીવો.
૨. નીલ લેશ્યાવાળા જીવો.
૩. કાપોત લેશ્યાવાળા જીવો.
૪. તેજો લેશ્યાવાળા જીવો.
૫. પદ્મ લેશ્યાવાળા જીવો.
૬. શુકલ લેશ્યાવાળા જીવો

પ્રથમનાં ત્રણ નામો મનની મલિનતા સૂચક છે. અને પછી ત્રણનામો મનની શુદ્ધના સૂચક છે. ત્રણ મલિનતા સૂચકમાં પણ, ઓછ વત્તાપણું-તર-તમતા બતાવવા માટે ત્રણ પ્રકાર બતાવ્યા છે. તેજ પ્રમા શુદ્ધિ સૂચકમાએ ત્રણ પ્રકાર બતાવ્યા છે.

કૃષ્ણ: એટલે તદ્દન કાળું. કાળા વિચારો. એ ભયંકર મનોદશા પ્રતિક છે. **નીલ:** એ કાંઇક ઓછી કાળાશનું પ્રતીક છે. એજ પ્રમા **કાપોત:**-પારેવાના રંગ જેવા ભૂરા રંગ (બદ્દયું) ની કાળાશ સમજ તે તેથી ઓછી કાળાશનું પ્રતીક છે.

તેજ પ્રમાણે **તેજો લેશ્યા:**-કાંઇક પીળા પ્રકાશ યુકત ઘી રંગનું પ્રતીક છે. **પદ્મલેશ્યા:** એ પણ તેના કરતાં વધારે ઉજ્જ મનોદશાનું પ્રતીક છે. અને **શુકલ લેશ્યા** તદ્દન સ્વચ્છ-ઉજ્જવળ-રૂ જેવી મનોદશાનું પ્રતીક છે.

આ જગતનો કોઈપણ માનવ શું એમ કહેવાને હિંમત કરી તેમ છે ?-કે "આ જગતના દરેક પ્રાણીઓ એકજ સરખા સ્વભા હોય છે. એકજ સરખી મનોદશાવાળા હોય છે, તેમાં લેશપણ હોતો નથી." કોઈપણ સમજુ માણસની તાકાત નથી, કે-એ પ્રમ કહીજ શકે. તેને પ્રાણીઓની મનોદશાની તર-તમતાનો સ્વીકાર કર પડશે. એ તરતમતાનું સ્થૂળ વર્ગીકરણ ઉપર જણાવેલા ૭ પ્રકાર સિ વાય બીજી રીતે બતાવી શકાશે જ નહીં. જગતના માનસ શાસ્ત્રીઓ આ બાબતનો બરાબર વિચાર કરે. એ છેય મનોદશાનું ચિત્ર બાળકો સમજી શકે. તેવું, નીચેના દ્રષ્ટાંતથી આલેખન કરવામાં આવેલું છે.

જેટલી તરતમતાઓ ઓછી ઓછી ક્રૂરતાં હશે તેટલાં તેને અહિંસક માનવાને હરકત નથી.

આથી જૈન અહિંસાની, સર્વને લાગુ પડે તેવી વ્યાપક અને સ્પષ્ટ વ્યાખ્યાની ભૂમિકા સુધી આપણે આવી પહોંચીએ છીએ. એટલે કેઃ—

“ પોતાના જીવન વ્યવહારમાં પ્રાણી જેટલો જેટલો કૃષ્ણ લેશ્યા તરફ ઢળતો હોય. તેટલો તેટલો તેને હિંસક ગણવો, અને જેટલો જેટલો શુક્લ લેશ્યા તરફ ઢળતો હોય, તેટલો તેટલો તેને અહિંસક ગણવો. ”

કહો, અહિંસાની આ વ્યાખ્યામાં શો ભૂલ છે? ભૂલ બતાવો.

૫. અહિંસાની પરાકાષ્ઠા.

પોતાની મેળે કોઈ પણ જાતની હિંસા ન કરીને, ન કરાવીને, અને કરનારને સારો માન્યા વિના, સર્વથા અહિંસક રહી શકનારો આદર્શ વર્ગ જગતમાં વિદ્યમાન છે. એજ જગતનો પરમ આદર્શ અહિંસક માનવ વર્ગ છે. જડવાદના મોટા પાયા ઉપર ચાલતા વિશાળ પ્રચારથી ભલે જગત એક વખત તેને ન ઓળખે, પરંતુ સુરજ છાબડે ઢાંક્યો ઢાંકી શકાતો નથી. અલબત્ત, આખુંયે જગત તદ્દન એવું સદાયે બનવું સંભવિત નથી. એટલે “ બધાયે તેવા હોય, કે થાય, તો બીજા પાંચ પ્રકારની લેશ્યાવાળા જીવોના વ્યવહારો બંધ થઈ જવાની ” બીતિ સેવવી નકામી છે. એ પાંચ પ્રકારના જીવોનું અસ્તિત્વ છે. અસ્તિત્વ રહેવાનુંજ છે. માટે એ પાંચ પ્રકારને લગતા વ્યવહારો છે, અને રહેવાના છે. માટે ઉત્તમ વર્ગનો નિર્વાહ એ પાંચ પ્રકારના જીવો કરીજ શકે.

“ એવા પણ જીવોજ ન રહે અને બધા મુનિજ થઈ જાય, તો શું થાય?” તો એને લગતાં વ્યવહારો પણ નજ હોય. એટલે “લોક વ્યવહાર

આ દૃષ્ટાન્તો ઉપરથી સમજાશે, કે—શુક્લ લેશ્યાની મનોભાવનાવાળા તદ્દન અહિંસકઃ સંયમીઃ અને તપસ્વીઃ જીવો જૈનમુનિ જીવનની ચર્યા પાળી શકે છે. તેને તેવું જ જીવન પ્રિય લાગે છે. તેઓથી તે જીવન સહજ રીતે જ જીવી જવાય છે, જીવી શકાય છે. એ કુદરતનો કાયદો છે. ક્રૂરઃ ભયંકરઃ જંગલીઃ જીવોની મનોદશા કૃષ્ણ લેશ્યાની મનોભાવનાવાળી હોય છે

બાકીના વચલા વર્ગના જીવો અનેક પ્રકારની ચડતી કે ઉતરતી, મેલી કે ચોક્ખી વચલી મનોદશાવાળા હોય છે.

જગત્‌ના તમામ જીવોની મનોદશાના ઉપર પ્રમાણે છ પ્રકાર પાડવામા આવ્યા છે. જો કે તે પણ સ્થૂલ પ્રકારો છે. એક એક પ્રકારમા પણ અસંખ્ય પ્રકાર સમાઈ જાય છે.

જગતની આ પ્રમાણે પરિસ્થિતિ હોવાથી શુક્લ લેશ્યાવંત જીવો જગતમાં ઘણા થોડા હોય છે. છતાં પણ, તેવા જીવો હોય છે તો ખરા જ અને તેને માટેનું જૈન મુનિ જીવન છે. તેવા તેવા નિર્મળ જીવોને માટે શું અશક્ય હોય છે ? શું અવ્યવહારુ હોય છે ? શું ન પળે તેવું હોય ? તે કોઈ સમજાવશો ? તેમને તે બધું સહજ જ હોય છે.

કૃષ્ણ લેશ્યાવંતમાં પણ ઘણી તરતમતાઓ હોય છે. તેમાંનાં પણ કેટલા જીવો શુક્લ તરફના પ્રકારમાં હોય. તેટલાઓ તેટલા ઓછા, ઓછા ઓછા કૃષ્ણ ગણાય. અને તેટલા ઓછા હિંસકવૃત્તિના ગણાય.

આ હિંસાએ—વાઘો ક્રૂર સિંહો કે ઉત્તર ધ્રુવમાંના માંસ ખાનારા મનુષ્યો—એસ્કીમો વિગેરે, કે—જેઓને બીજો ખોરાક મળતો નથી. તેમાં પણ ઘણી તરતમતાઓ રહેવાની જ. તે લોકોમાં પણ કેટલાક અતિ ક્રૂર હશે. તો કેટલાક તેના કરતાં ઘણા અલ્પ ક્રૂર હશે. અનેક પ્રકારના માંસાહારી છતાં મનની ક્રૂરતામાં

માટે જ કોઇને પણ બોજો ન પડે, તેવી નિર્દોષ ભિક્ષા ઉપર જ, તેમનું જીવન રચવામાં ભારે યોજનાશક્તિની ગોઠવણ છે, અને તેઓને ઉચ્ચ આધ્યાત્મિક આદર્શના પાયા ઉપર પવિત્રમાં પવિત્ર જીવન જીવવાનું હોવાથી જાતે અહિંસક છતાં પોતાના નિર્વાહનો બોજો બીજા ઉપર પડવા છતાં બીજાને વધારે કરવી પડતી હિંસાનો ભાગ આવવાનો મુનિને સંભવ રહેતો નથી. કેમકે–ભિક્ષા દાતાઓને વધુ પડતી હિંસા કરવી ન પડે, તેવી રીતે તેમણે પોતાને માટે બનાવેલી ચીજોમાંથી–ભમરો જેમ ફૂલમાંથી ફૂલને કશીયે હરકત કર્યા વિના રસ ચૂસી લે, તેમ–ભિક્ષા મેળવી લે, તેમ જ, જૈન મુનિઓએ ભિક્ષા મેળવી લેવા ઉપરાંત ઉચ્ચ આધ્યાત્મિક જીવન જીવીને, સદાચારનો ઉપદેશ આપે છે. તેથી અનેક ગણો લાભ જગતના જીવોને તેમના તરફથી મળતો રહે છે. માટે માનવ જાતમાંના આવા શુક્લ લેશ્યાવંત જીવોને માટે ઉચિત ભિક્ષાવૃત્તિની ગોઠવણઃ એ ઉચ્ચ સામાજિક વ્યવસ્થાનો એ પૂરાવો છે. તે ધાર્મિક ઉપદેશના કામના ઉપકારનો બદલો નથી. તેમજ ધંધો પણ નથી. જનસમાજની સુવ્યવસ્થા માટે પણ એવા જીવોની સમાજમાં આવશ્યકતા સહજ રીતેજ હોય છે. તેથી " માનવ માટે ભિક્ષા એ એક જાતનો દોષ છે. દરેકે પોતાની મહેનત અને કુશળતાથી આજીવિકા મેળવવી જોઇએ." એ વાત સાચી છે, પરંતુ ઉપર જણાવેલા મુનિવર્ગ સિવાય એ સાચી છે.

આ સર્વમાન્ય સુંદર વ્યાખ્યા પ્રમાણે અહિંસક જીવન જીવનારા થોડા પણ આદર્શ માનવો જગત્માં જીવતા હોવાથી, જગત્ના માનવોની મનોવૃત્તિમાં અહિંસક જીવનનો–જેમ બને તેમ બીજાને હરકત કર્યા વિના જીવવાનો–આદર્શ સ્થિર રહે છે. અને તેથી કરીને જેમ બને તેમ જગત્માં સુવ્યવસ્થાઃ સુલેહઃ અને શાંતિઃનું વ્યાપક વાતાવરણ ટકી રહે છે. માનવી જીવનના તમામ અંગોને સાંકળી લેતી માનવી સંસ્કૃતિ પણ એજ આદર્શને ટેકો આપતી રહે છે અને સંસ્કૃતિને તેનો ટેકો મળે છે.

ચાલે ? કે ન ચાલે ? " તેવી ચિંતા પણ નકામીજ છે. એટલેય વ્યવહાર પછી કોના માટે ચલાવવાનો રહે છે !" અને આખુંયે જગત્ મુનિ બની જાય, તો પછી તેઓ જિન કલ્પના નિયમો પાળીને પોતાનો નિર્વાહ ચલાવી શકે." પણ એવી બીન જરૂરી કલ્પના નકામી છે. એવું જગત્માં કદી બનતું નથી. બનવાનુંયે નથી.

હવે માનીયે, કે-કદાચ કુદરતમાં એવીજ ઘટના બની જાય, કે-દરેક જીવો ઉચ્ચ પ્રકારની શુક્લ લેશ્યાવાળાજ આખા જગત્માં હોય, બીજી કોઇ લેશ્યાવાળા હોય જ નહિ. તોપણ, તે દરેકમાં અનશન કરી નિર્વાણ પામવાની તાકાત પણ કુદરતી જ હોય. એટલે તેઓને કશી અડચણ ન આવે, અથવા તેઓની શુક્લ લેશ્યા જળવાય, તેવા અચેતન સાધનો તેમને કોઇને કોઇ રીતે કુદરતી રીતે જ પૂરા પડી જાય. કેમકે-જ્યારે કુદરતની ઇચ્છા જ શુક્લ લેશ્યાવાળાઓને જ જગત્મા રાખવાની હોય, તો તેને લાયક સામગ્રી પૂરી પાડીને જ કુદરત પોતાનો એ ઉદ્દેશ સિધ્ધ કરી શકે, નહિંતર કુદરતનો ઉદ્દેશ સિધ્ધ થાય નહિ, એટલે પણ બધા શુક્લ લેશ્યાવાળા જ ભલે હોય. પરંતુ એમ બને જ નહીં. માટે આવા પ્રશ્નો નકામા છે. સાચા અહિંસા ભાવ તરફ અનાદર બુદ્ધિ-બાળકબુદ્ધિ-માંથી જન્મેલા હોય છે.

જ્યારે કેટલાક લોકો પંચેંદ્રિય જીવોનાં માંસ ખાય છે. દવા, ઔષધમાં, પ્રાણીજન્ય તત્વોનો ઉપયોગ કરે છે. ચીન વિગેરે દેશોમાં કીડા અને નાના જંતુઓના શાક અને અથાણાં કરીને ખાઇ જવાય છે. ત્યારે જૈન મુનિઓ એકેંદ્રિય જીવોનો પણ ત્યાગ રાખે છે. તેમને માંસ, દારૂ, માખણ, અને મધ તો એ મહા વિગયોનો તો સર્વથા ત્યાગજ હોય છે.

જૈન મુનિ જીવનના કોઇ પણ અંશમાં વર્ષોના વર્ષો સુધી જીવનભર લેશ માત્ર પણ હિંસાને સ્થાન નથી હોતું, તો પછી તેના ખાન-પાનમાં લેશ પણ સ્થાન ક્યાંથીજ હોય. !

તાકાત છે. સાચી વિશ્વશાંતિ પણ તેનાજ હાથમાં છે, સાચો ન્યાય પણ તેની પાસેજ છે, અને જગત્‌ના સાચા ન્યાયનું મજબુત કેન્દ્ર પણ તેજ છે. છતાં વિદેશી સત્તાએ પોતાના સ્વાર્થો માટે તેને બાજુએ કાઢી નાખી, બસો વર્ષમાં પોતાનું સ્વાર્થી શિક્ષણ આપી જે વર્ગને તૈયાર કર્યો છે, તેના હાથમાં પોતાના કામના કાર્યક્રમના આગળના છપતા સોપીને પોતે બાજુએ જઇ બેસવાનો ડોળ કર્યો છે. અને બરાબર ખરે વખતે દોરી સંચાર પાછળથી કરતા રહે છે. હીંદુ, મુસલમાન અને અન્ય પ્રજાનું ભાવિ હિત મહાજનના હાથમા જ સલામત છે. જેના નેતાઓ શુક્લેશ્યા-વાળા મહા અહિંસક મુનિયો છે.

બ્રીટીશો આવ્યા ત્યારે મુસલમાની રાજ્ય સત્તાથી મહાજન સ્હેજ નબળું થયું હતું. પરંતુ બ્રીટીશોએ પ્રથમ મજબૂત બનાવવાનો વિશ્વાસ આપીને પાછળથી ખૂબ ખોખરું કરી નાંખ્યું. અને તેમાથી જ એક વર્ગને ભણાવીને જગત્‌ના ગોરા મહાજનની નીતિને ટેકો આપનારો એક વર્ગ ઉભો કરી લીધો છે. અને તેમને આગળ કરીને ભારતની મૂળ સત્તાને-રાજાઓ: ધર્મગુરૂઓ: શેઠ: શાહુકારો: જાગીરદારો: ગીરાસદારો વિદ્વાનો: લડાયકો: ખેડુતો: વેપારીઓ: વિગેરેના બનેલા મહાપ્રજાના મહાજનને-દૂર હઠાવવાના-જાહેર જીવનમાંથી દૂર ધકેલવાના-"પ્રત્યાઘાતી" કહીને પ્રયાસો ગતિમાં મૂકી દીધા છે. તથા તેઓના સાચા પ્રતિનીધિઓને દૂર રાખીને કલ્પિત પ્રતિનીધિઓ ઉભા કરી, તેઓને નામે દેશ-વિદેશમાં અનેક ભાગતી બાબતોમાં મત, અભિપ્રાય અને સમ્મતિઓ આપવાની ગોઠવણો કરી લીધી છે.

પાર્લામેંટો, સંયુક્ત રાષ્ટ્ર પરિષદ્, નેશન ઓફ ધી વર્લ્ડ: વિગેરે નામે ગોરી પ્રજાના આદર્શો: વર્ચસ્વ: અને ભાવિ હિતો: ધરાવતા મહાજનો ઉભા રાખ્યા છે.

અને અનેક જાહેરાતોથી તેની પ્રતિષ્ઠા વધાર્યા કરી છે. તથા ઉપર જણાવેલા ભારતમાંના એક વર્ગને તેના અંગભૂત બનાવીને દેશવિદેશમાં

લડાઈ: ટંટા: બખેડા: બહારવટાં: કજીયા કંકાસ: તોફાન: મારામારી: હિંસા: પ્રતિહિંસા: ખૂન: જુઠ: ચોરી: લુંટ: વ્યભિચાર: ચાડી: ચુગલી: ઠગાઇ: વિગેરે વિગેરે દોષો પ્રાણિઓની સહજ નિર્બળતાને લીધે અવશ્ય પ્રવર્તે છે. પરંતુ તેના ઉપર આ વર્ગથી સજ્જડ અંકુશ રહે છે. તેને વેગ મળી શકતો જ નથી. તેને ખૂબ મર્યાદામાં રહેવું પડે છે.

કાયદાઓ: બંધારણો: અંકુશો: રીત રીવાજો: પણ તે દોષોના ઉપર અંકુશ રાખવા પૂરતા જ જગત્‌માં અસ્તિત્વ ધરાવે છે.

હિંદની સંસ્કૃતિ આ આદર્શો ઉપર જ રચાયેલી છે. અને તેનું સંચાલન: ધારણ: પાલન: વિગેરે યોગ્ય પ્રતિનિધિત્વવાળી લોક સભા-મહાજન-કરતું, કરાવતું આવ્યું છે.

મહા આર્ય પ્રજામાંના ધર્મ ગુરુઓ મહાજનમાંના આદર્શ નેતા છે. રાજાઓ: અને રાજ્ય સંસ્થા: તેનું બળ હતું. શેઠ: શાહુકારો: તેના ધનનિધિ હતા જ્યાં ધર્મગુરુઓ: અને રાજા:ની ગેરહાજરી હોય, ત્યાં તેના પ્રતિનિધિ છે. બ્રાહ્મણો-ચારણો-સંસ્કૃતિના અમલદારો છે.

દેશી: વિદેશી: સમગ્ર પ્રજાજનોને તેની આજ્ઞામાં અને મર્યાદામાં રહેવું પડતું હતું.

હિંદ બહાર પણ આખા જગત્ ઉપર તેની છાયા હતી. અને જાણ્યે અજાણ્યે સર્વમાનવ જાતને તેનું અનુસરણ કરવું પડતું હતું. જગત્‌નું જાહેર જીવન પણ એ જ હતું.

ગોરી પ્રજાનું મહાજન ઉભું કરી સમગ્ર જગત્‌ને તેના હાથ નીચે લાવવા માટેની સ્વાર્થી મનોદશા ધારણ કરીને જગત્‌ની ગોરી પ્રજાઓ એજન્ટો મારફત જે આંતર રાષ્ટ્રીય પ્રયત્નો કરી રહી છે, તેણે ઉપરના મહાજનની સત્તાને અંદરોઅંદર બુદ્ધિભેદ ઉભો કરીને ખળભળાવી મૂકી છે. છતાં, તે સંસ્થા આજે પણ અંદરથી સબળ છે. તેજ જગત્‌નું સાચું શરણ છે. આજે પણ વિશ્વને સાચી દોરવણી આપી શકે તેવી તેનામાં

ફેવાનો સ્વાર્થ ગોઠવ્યો છે. [આ યાંત્રિક દેશી ધંધાના મજુરોની સ્થિતિ તો
અદતર થતી જોવાય છે.]

અને તેઓને ઉશ્કેરવાનો પદ્ધતિસરનો માર્ગ ફીલાડેલ્ફીયામાં—પ્રે॰
રુઝવેલ્ટની આગેવાની નીચે ગોઠવાઇ ગયો છે ફીલાડેલ્ફીયામાં આખા
જગતના મજુર મહાજનોના પ્રતિનિધિઓ મળ્યા હતા. ત્યાં જગતના દરેક
મજુરો " એક ભાઇ તરીકે રહેવાને અને એક બીજાને મદદ આપવાને "
કરેલા કરારથી બંધાયા છે. તેમજ મજુરોની આર્થિક સ્થિતિ સુધારવી,
જીવન ધોરણ ઉંચું લેવું, તથા તેમ કરવા કોઇ પણ પ્રજા શ્રેષ્ઠ હોવાનો
દાવો ન કરી શકે તેમ કરવાના લાલચો પણ એ કરારોમાં આપવામાં
આવી જણાય છે

એમ કરીને. હિંદના મજુરોનો પોતાના મહાજનો સાથેનો સબંધ
તોડવાની ગોઠવણ. જગતના આંતર રાષ્ટ્રીય મજુરો સાથેના નવો
સબંધ જોડીને કરી લીધી. આજ ધોરણે આખા એશિયાનું મજુર
ગઠન પણ આગળ વધી રહ્યું છે.

"કોઇ પણ પ્રજા શ્રેષ્ઠ હોવાનો દાવો ન કરી શકે " એવી
શુરૂઆત લઇને ભારતના મહાપ્રજાના મહાજનના અગ્રેસરો અને તેની
ઉચ્ચ ખાનદાનીને પડકાર આપ્યો. અને હિંદના મજુરોને તેઓની સામે
ગોઠવી દીધા. પ્રતિસ્પર્ધિ રૂપે આજે ભવિષ્યમાં તેના પણ એજ દશા.

આર્થિક સ્થિતિ સુધારવાની લાલચમાં ફસાવીને, તેઓને સારી
મજુરી આપી શકાય, તેવા હિંદમાં ઉદ્યોગ ધધા ખીલવવાનો કાર્યક્રમ
હાથમાં લઇ, તેમાં મોટા પ્રમાણમાં વિદેશી મૂડી રોકી, મોટી રકમની
રોજી આપી, ખૂબ ધન આપીને, વિદેશી માલિકોના ગુલામ બનાવવાની
ગોઠવણ ગોઠવી દીધી છે. અને તે કારખાનાથી ઉત્પન્ન થતા માલોનો
વકરો તો એટલા મોટા પાયા ઉપર થાય. કે મજુર વર્ગ પણ પોતાની
સાદાઇ છોડીને પોતાની જરૂરીઆત ખૂબ વધારી દે, તોજ તેઓનું
જીવન ધોરણ ઉંચું આવે. એમ કરીને મોટા વકરાનું મહાદ્વાર પણ
ખોલી નાખ્યું.

અસંયમ: અને અસહિષ્ણુતા: ઉપર રચાયેલી છે. જ્યારે, હિંદનું મહા મહાજન: તેના આદર્શો: સાચી અહિંસા: સાચા સંયમ: અને સાચા તપ: ઉપર રચાયેલા છે. આ સત્ય અમો જગતની કોઇ પણ શાંત: અને નિષ્પક્ષપાતિ: વ્યક્તિઓ આગળ સાબિત કરવાને હરપળે ઉચિત સંજોગોમાં તૈયાર છીએ.

૧ ધર્મ: અને તત્ત્વજ્ઞાન: સર્વ ધર્મ સમભાવ: સર્વ ધર્મ સમન્વય: વગેરે ભાવનાઓ નીચે રચાયેલી સમિતિઓ: પરિષદો: સર્વ ધર્મ પરિષદ: વિશ્વધર્મ પરિષદ: વિગેરે મારફત ધર્મગુરુઓને અને તેની સંસ્થાઓને દૂર ખસેડવાના પ્રયત્નો થઇ રહ્યા,

૨ સાલીયાણા આંધી આપી: મોભા અને સરહદોના રક્ષણના તાત્કાલીક દસ્તાવેજો કરી આપી: તમામ રાજાઓને મહા પ્રજાના મહાજનના વહીવટમાં મદદ કર્તા તરીકેના પદથી ખસેડી લેવામાં આવી રહ્યા છે.

૩ નવા આગેવાનોને લોકપ્રિય બનાવરાવી ચુંટણી મારફત તેમને આગેવાનો બનાવરાવી મૂળ આગેવાનોને દૂર હઠાવાઇ રહ્યા છે.

૪ જમીનો: જાગીદારો: ધન: સંપત્તિઓ: મીલ્કતો: વિગેરેની રાષ્ટ્રીયકરણ મારફત ઝુંટવી લઇ, આ દેશમાં ધંધા માટે આવવાની બીજી પ્રજાને ધંધામાં કુશળ હોવાને બ્હાને–હવાલે કરવાની કાયદેસર ગોઠવણો તરફ વલણ ચાલી રહ્યું છે.

૫ નવા બંધારણ મારફત આંતરરાષ્ટ્રીય પદ્ધતિએ વહીવટ ચલાવવાના ઠરાવો અને સ્થાનિક ગોઠવાણો એકમો રચીને થઇ રહી છે, તેથી ભારતના આદર્શ મૂળ બંધારણ: અને તેની સાથે સંબંધ ધરાવતા દરેકે દરેક અમલી: બૌદ્ધિક: અને સાંસ્કૃતિક: રીત રીવાજો: કાયદા: કાનુનો: તથા વહીવટી ધોરણો: પધ્ધતિઓ: અને તેની સાથે જોડાયેલી વૈજ્ઞાનિક ગોઠવણો: દૂર ધકેલાઇ રહી છે. એટલે કે મર મૂળથી ક્રાંતિ થઇ રહી છે.

આનું પરિણામ ભાવિકાળે જો કે ભયંકર ભોગવવું જ પડે, પરંતુ તે ભોગવવાનું બીજી કે ત્રીજી પેઢીએ હશે. એટલે આજે તેનું નુકશાન કોઈનાયે ધ્યાનમાં નજ આવે, એ સ્વાભાવિક છે, કેમકે—આ મળવાના સુખો કૃત્રિમ અને કૃત્રિમ રીતે વધી ગયેલા હોવાથી તેની પાછળ નુકશાનની પછાટ હોવીજ જોઈએ.

મજુર પરિષદ્‌ના પ્રમુખ અને બીજા હો દારો જુદાજ માણસો હોવા છતા, આ બધી ઘટના માં પ્રેઃ રુઝવેલ્ટે ખૂબજ સક્રિય ભાગ પડદા પાછળ જે લઇ લીધો હતો, તે બહાર આવેલી હકીકતોથી પૂરવાર થઈ ચૂકેલ છે. આ પરિષદ્ પૂરી થતાંની સાથેજ ફ્રાન્સમાં, ઈંગ્લાંડમાં તથા હિંદમાં મોટા પાયા ઉપરે મજુર સભાઓ થઇ હતી. કેમકે—એ ઘડાયેલી ભૂમિકા ઉપર હવે એ વર્ગને વેગ આપવાનો કાર્યક્રમ શરૂ થવો જોઇએ. મજુરો તો બીચારા કેટલીક વાતો જાણતા પણ નથી હોતા પરંતુ હડતાળો વખતે તેમને મદદ કરનારા વકીલો વિગેરે આગેવાન થયા હોય, તેમને તેઓના પ્રતનીધિ બનાવીને સરકાર જવા દે. અને તેઓ આંતરરાષ્ટ્રીય પ્રગતિના વિચારના હોવાથી મજુરોને નામે બધું કબુલ કરી લાવે. પછી મોટી મોટી સભાઓમાં મજુરોની સહાનુભૂતિના ભાષણો થાય ત્યારે "તેઓના કામમાં મજુરોની સમ્મતિ છે" એમ વર્તમાન પેપરોથી પણ જાહેર થઇ જાય.

આમ જગત્‌માં મોટામાં મોટી હિંસાના મંડાણ મંડાયા જણાય છે.

અને તે પાછું આધુનિક અહિંસાના પડદા પાછળ.

જગત્‌ને,—જગત્‌ના માનવોને—જો ભયંકર હિંસાથી બચવું હોય, તો ભારતના મહા આર્યપ્રજાના મહાજનને પગલે ચાલવું જ જોઇએ. તેના અંકુશ સર્વથા ફગાવી દીધા પછી જગત્‌ની માનવ પ્રજાનું શું શું અનિષ્ટ થશે ! તે કહ્યા શકાતું નથી. હવે, તેની જવાબદારી કોઇના ઉપર નાંખી નથી જ. કેમકે—આજની તમામ રચના ખરી રીતે હિંસા

ઉભા થયેલા ભારતની પ્રજામાંના એક વર્ગનો મજબુત સાથ પણ મેળવી શક્યા છે.

આમ બધી રીતસરની ગોઠવણીના પરીણામો પ્રાપ્ત કરીને, જગતના સમગ્ર આંતર રાષ્ટ્રીય બળોને જ હવે હિંદમાં આગળ આવવાનો માર્ગ કરી આપીને, પોતાની નિર્બળતા જાહેર કરવા પૂર્વક તટસ્થ અને શાંત મનોવૃત્તિ ધારણ કરતા બ્રીટીશો થયા છે. તે ખૂબ સૂચક છે.

• છતાં, મહા મહાજનના જે કોઇ સાધક બળો હશે. તેને વધુ ને વધુ નિર્મૂળ કરવા માટે તેની સામેના ગર્ભિત પ્રબળ વિરોધ સાથે પણ સમાજવાદ તથા સામ્યવાદ વિગેરેને બીજા હાથ ઉપર બીજી બાજુથી પ્રબળ વેગ અપાઇ રહ્યો છે.

૧ હિંદની સંસ્કૃતિના મૂળ તત્ત્વોઃ અને હાલના હિંદના નવા બંધારણના પ્રથમના ચાર વિભાગમાં આપવામાં આવેલા હાલના બંધારણના કેટલાક મૂળ તત્ત્વોઃની પરસ્પર તુલના કરી જોતાં પરસ્પર ઘણા વિરુદ્ધ જણાય છે. કેમકે–બન્નેયના આદર્શોઃ ધ્યેયોઃમાં મોટું અંતર છે. તે બંધારણ અમલમાં આવતાં હિંદના મૌલિક બંધારણને અનુસરતા જીવનોમાંના ઘણા સુતત્ત્વો પણ કેંકાઇ જવા સંભવિત છે. અને આંતર રાષ્ટ્રીય હિત અને હેતુઓનો પ્રચાર વેગથી થવો ખૂબ સંભવિત છે. હિંદના પ્રજાજીવનના ચક્રો અને નવા બંધારણની અસરથી જન્મતા જીવનના ચક્રો બંધબેસતા થવા સંભવિત નથી.

આ રીતે, જગત્ તાત્કાલીક અને ભવિષ્યને માટે મહા હિંસાને માર્ગે પ્રયાણ કરી રહ્યું હોય, તેવો ભાસ થયા વિના રહે તેમ નથી. કેમકે–શુક્લ લેશ્યાવાળા માનવોના હાથમાંથી જગતનું તંત્ર સરી પડતું જાય છે. સાચી અહિંસાઃ સંયમઃ અને તપઃ ને દૂર હડસેલવા કૃત્રિમ અહિંસાઃ સંયમઃ અને સહનશીલતાઃના વાતાવરણો ઉભા કરવામાં આવ્યા છે. અને જીવનના સમગ્ર તત્ત્વોમાં ભૌતિકવાદનો પ્રવેશ કરાવવા, જીવનમાં અના[સ]ક્તિ પાસે સાચો પ્રયાસ કરાવે તેવા અમલી જીવન વ્યવહારો દૂર કરાવવા

૬ આખી પ્રજા અને તેનો મોટો ભાગ સંમત ન હોવા છતાં થોડાક ભાગના શિક્ષિત લોકો અને તેને ટેકો આપનારા બીજા કેટલાકના પ્રયાસોને, વર્તમાન પત્રો મારફત "પ્રજાના મોટા ભાગનો ટેકો હોવાની" અર્ધસત્ય જાહેરાતો મારફત "સમગ્ર પ્રજાના મોટા ભાગને ટેકો હોવાનું" વાતાવરણ જાહેરમાં ઉભું કરવામાં આવ્યું છે.

૭ જ્યાં સુધી રાજાઓ ભારતની આદર્શ લોકશાહી મહાજન પધ્ધતિને વફાદાર હતા અને દેશમાં પ્રજા ઉપરથી તેની અસર ખસેડી લઇ શકાય તેમ નહોતું, ત્યાં સુધી રાજાઓને જુદા પાડી લઇ તેમની સાથે જુદા કોલ કરાર કરી લઇ, સરકારે મોકલેલા અમલદારો મારફત રાજાઓની સ્વતંત્ર સત્તાઓને નામે આંતર રાષ્ટ્રીય ધોરણોને અનુસરતા કાયદાઃ અને વહીવટની પ્રાથમિક ભૂમિકાઓ દાખલ કરવામાં આવી હતી. હવે જગતભરના મહાજનને ન આંતર રાષ્ટ્રીય ધોરણે નવી જાતનું મહાજન ઉભું કરવાની મળી ગઇ, એટલે તે ધોરણને માનનારા પ્રજાના વર્ગનો વિરોધ રાજાઓ સામે ગોઠવીને એ નવા મહાજનને વશ થવાની રાજાઓને ફરજ પાડવામાં આવ્યાનું જણાઇ રહ્યું છે. અને તેથી જે રાજાઓને એક વખત જુલ્મી, અને પોતાનું રાજ્ય ચલાવવાને લાયક માનવા સામે વાંધો લેવાતો હતો, તેઓમાંના નવા ધોરણમાં દાખલ થવાથી તેમાંના મોટા મોટા હોદ્દાને લાયક ગણાવા લાગ્યા. ગવર્નર થવાને હિંદના લશ્કરના વડા થવાને, યુનોમાં પ્રતિનીધિ તરીકે બેસવાને, તથા બીજી ઘણી રીતે લાયક ગણાવા લાગ્યા. આમાં દૃષ્ટિભેદ સિવાય બીજું શું હશે ?

૮ આમ. ધીમે ધીમે મહાપ્રજાના મહાજનના દરેક બળવાન તત્ત્વોને ખસેડવાની યોજનાઓમાં તટસ્થ રહીને બ્રીટીશ અમલદારોએ મુત્સદ્દીગીરી પૂર્ણ સફળતા મેળવી શકી છે. અને તેમાં અનેક વર્ષના શિક્ષણ આપવાના પ્રયાસો અને મોટા ખર્ચને પરિણામે

પરંતુ વિજ્ઞાનનો તત્ત્વજ્ઞાન સાથેનો સબંધ અને તત્ત્વજ્ઞાનમાં ભાસતા વિશ્વના પદાર્થોનો જીવનમાં હેયોપાદેય તરીકેનો ઉપયોગ કેટલો ? કેમ ! અને ક્યાં સુધી શક્ય ? આદરણીય ? કે ઉપયોગી છે ? તે વિષે પણ લગભગ જાણી ચૂક્યા હોય છે. છતાં, આધુનિક વિજ્ઞાન તરફ જૈન મુનિઓની ઉપેક્ષા વૃત્તિ જોઇ, કેટલાક તેને અજ્ઞાન અને કૂપમંડુક કહી રહ્યા છે. અને જ્યારે કોઈ જૈન મુનિ માત્ર અનિવાર્ય સંજોગોમાં આધુનિક વૈજ્ઞાનિક વસ્તુનો ઉપયોગ કરે છે, ત્યારે તો તેઓ અનેક અનુમાનો કાઢે છે. અને તે ઉપરથી આ આધુનિક વિજ્ઞાનની તરફેણ કરવા જૈન મુનિઓને હાકલ કરે છે.

૩ ત્યારે આધુનિક વિજ્ઞાનો હજુ અપૂર્ણ છે.—અખતરારૂપ છે. "[1]પાશેરામાં પહેલી પૂણી સ્વરૂપ છે." એટલે તેઓનુ તત્ત્વજ્ઞાન તો હજુ તદ્દન ઉછરતી અવસ્થામાં હોય જ. ત્યારે જીવનમાં તેના સાચા ઉપયોગ વિષેનો પ્રશ્ન તો હજુ હાથજ ધરાયો નથી. આવી અસ્તવ્યસ્ત વસ્તુ તરફ દુર્લક્ષ્ય રાખવું. એજ માર્ગ રહે છે. કેમકે—જ્યારે વિજ્ઞાનની શોધો સંપૂર્ણ થાય. તત્ત્વજ્ઞાન વ્યવસ્થિત થાય, અને તદનુસારી જીવન સાથેના કર્તવ્યાકર્તવ્યના નિર્ણયો નક્કી થાય, ત્યાર પછીજ, તુલના માટે, પણ તે હાથ ધરી શકાય. ત્યાં સુધી માત્ર બાળચેષ્ટા માની લઈ, તેની ઉપેક્ષા કરવા સિવાય, વિજ્ઞ પુરુષો માટે બીજો માર્ગ જ રહેતો નથી. જ્યારે તે કાંઇક યોગ્ય પૂર્ણતાની કોટિ ઉપર આવશે, તોજ જૈન મુનિઓ તેની સામું પણ જોશે. અને જગતનું તેથી નિઃસ્વાર્થ હિત જણાશે, તોજ તેના તરફ નિગાહ્ય કરશે. નહિંતર, તેની ઉપેક્ષા જ કરશે. તેમ ન કરે, તો વિશ્વાસઘાત કર્યાનું પાપ વહોરવું પડે. જગતના હિતનો એ ટ્રસ્ટી વર્ગ છે. તેણે પાટે પાયે વિચાર કરી હિત જોયા વિના એક પગલું પણ ભરવાનું નથી હોતું. જો તે તેમ કરે, તો તેમાં મહા હિંસા, અને મહા ઉન્માર્ગનું પ્રવર્તન સ્પષ્ટ રીતે જ સમાયેલું હોય છે. જગતને હિત-

---

૧ આધુનિક વિજ્ઞાનના ઇતિહાસના એક અમેરિકન લેખક.

એકંદર હિત હોવાનું જાણવા છતાં, સ્વાર્થાન્ધતાથીજ ઇરાદા પૂર્વક **યુરોપના** અગ્રણીઓ એ રસ્તે જઇ રહ્યા છે, અને જગતને ખેંચી રહ્યા છે. એટલે જાણ્યે કરીને હાથમાં દીવો લઇ કુવામાં પડવા ઇચ્છનાર દોરવાઇ ગયેલા કેટલાક યુવકોને તેમનો સાચો ઉપદેશ અસરકારક થાય તેમ ન હોવાથી, જૈન મુનિ મહાત્માઓ કાંઇક ઉપેક્ષા ભાવના પણ આજે સેવી રહેલા જણાય છે. કેટલીકવાર ઠોકર લાગ્યા વિના સાચા અને હિતસ્વી ઉપદેશની અસર થતી નથી. એટલું જ નહિ, પરંતુ તે ઉપદેશ કરનારની ઉપદેશની વાતો પણ કોઇ વખતે વિપરીતપણે પરીણમે છે. એવા સમયમાં **ખામોશી:** એ જ સાચો માર્ગ ડાહ્યા અને હિતસ્વીઓના હાથમાં રહે છે.

प्राज्ञास्तेजस्विनस्सम्यक् पश्यन्ति वदन्ति च ।
तेऽवज्ञाता महा-राज ! क्राम्यन्ति विरमन्ति च ॥

અર્થ—"તેજસ્વી ડાહ્યા પુરૂષો હિતકારક સમજી અને બોલી શકે છે. પરંતુ જો તેઓની અવજ્ઞા કરવામાં આવે, તો કંટાળીને મૌન રહે છે." ૧

૮. આજના વિજ્ઞાનની પોકળતા

આજના વિજ્ઞાનના ગમે તેવા ચમત્કારોથી જગત્ અંજાતું હોય, પરંતુ, સાચા જૈન મુનિના માનસ ઉપર તેની લેશમાત્ર પણ અસર થતી નથી, તેના બે ત્રણ કારણો છે

એટલે કે—અહિંસા: સંયમ: અને તપ:ની પ્રધાનતા ખ્યાલમાં રાખીને ગોઠવેલી માનવ આહાર વ્યવસ્થા જગત્માં ત્રિકાળમાંયે આદર્શ આહાર વ્યવસ્થા છે. તેથી હમેશાં જેમ બને તેમ જૈન મુનિઓ આધુનિક વૈજ્ઞાનિક સાધનોથી દૂર રહે છે, એટલું જ ઇષ્ટ નથી. પણ બીજા જીવો લલચાઈને તેમાં ફસાય નહીં, તેવી સાવધાનીથી પોતાનું વલણ અને ઉપદેશ રાખે, જીવન વ્યવહારમાં જમાનાને: કે પ્રગતિને: બ્હાને પણ તેને સ્થાન ન આપે, એ સ્વાભાવિક છે. કેમકે—આધુનિક વિજ્ઞાન ઠેઠ સુધી મુનિ જીવનને બંધ બેસતું થાય તેમ નથી. છતા જે જીવો તેમાં ફસાશે, તેમને તેના ગેર ફાયદાના ભોગ ભવિષ્યમાં બનવું જ પડશે. જો કે—આજે ભારતીય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનને જીવનમાંથી હઠાવી દઇને આધુનિક વિજ્ઞાનના પાયા ઉપર ધર્મ, નીતિ, ધંધા, સામાજિક જીવન, રાજકીય જીવન, દાખલ કરવા વર્તમાન સરકાર મારફત કાયદા, અને પ્રચાર લગભગ ચાલી રહ્યો છે. તે આગળ જતાં વિશાળ પાયા ઉપર મૂકાશે. છતાં જૈન મુનિઓ ચલિત નહિ થાય, તો જગત્નો કલ્યાણ માર્ગ સ્થિર ઉભો જ રહેશે, અને પરિણામે જગત્ને તે સીધે માર્ગે આવવું જ પડશે. આડે અવળે રસ્તે અથડાતાં કુટાતાં જગત્ને માટે એ માર્ગ વિશ્વસાગરમાં દીવાદાંડી સમાન બની રહેશે. માટે જ તેની સામે જમાનાનો ગર્ભિત વિરોધ છે.

જગત્માં તે મહામાર્ગનું અસ્તિત્વ ન હોત, તો જગત્ની શી દશા થાત ? ધન્ય ! વીતરાગ શ્રી તીર્થંકર દેવોને ધન્ય ! ધન્ય !!

આજે પોકળ વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલી આજની જીવન પ્રગતિ અને પ્રગતિવાદ પણ એવા જ પોકળ છે. માત્ર માનવો ને સાચા જીવન માર્ગેથી ચલિત કરી ભળતે જ સ્વાર્થી જીવન માર્ગે ચડાવી દેવા માટેની અજ્ઞાન જીવોમાં પ્રચારાયેલી ભ્રમણાઓ અને ભૂલ ભૂલામણીઓ છે. આજની પ્રગતિવાદની પોકળતા અહિં વિસ્તાર ભયથી સમજાવી નથી. પરંતુ અન્યત્ર તે સાબિત કરવામાં આવેલી છે.

૯ આહારનું જીવનમાં સ્થાન

આહાર ઉપર કાબુ: આહારમાં વ્યવસ્થા: આહારમાં સૌન્દર્ય:

માર્ગે દોરવવાની જવાબદારી તે વર્ગની છે. તે વિશ્વાસ અને જવાબદારી તે ભંગ કરે, તો જગત્‌માં છેડો આવી રહ્યો. સમુદ્રે મર્યાદા મૂકી ગણ ત્યારે સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમમાં ઉગ્યો ગણાશે. એટલે કે–આખર આખું વિજ્ઞાનને એક પક્ષમાં એકમત તરીકે સમાઈ રહેવું પડશે. પરંતુ જ **ત્ના સાચા કલ્યાણના રાજમાર્ગમાં આજના વિજ્ઞાનને સ્થ મળી શકશે નહિં જ.**

તે રાજ માર્ગ તો નથી. **વીતરાગદેવ પ્રણીત રત્નત્રયાત્મક મા** જ જગત્‌માં અખંડ અવિચળ અને સદા દીપ્તિવંત રહ્યા જ કરશે. " જ સુધી આજનું વિજ્ઞાન માનવ જાતને માટે નિર્દોષ અને કલ્યાણ સર્વથા ઠર્યાનું સાબિત ન થાય, ત્યાં સુધી એ રત્નત્રયાત્મક માર્ગ જગત્‌ના મહા કલ્યાણનો મહામાર્ગ છે. " એમ માનીને, તેને પાળતા રા અને તેનો આશ્રય ન છોડવો. એજ કર્તવ્ય છે. નહિંતર માનવ સમ અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થવાની પરિસ્થિતિમાં મૂકાઈ જાય તેમ છે.

કેટલાક કહે છે, કે–" વિજ્ઞાન નુકશાનકારક નથી. પણ તેનો પયોગ નુકશાન કારક છે. આજના રાજ્યદ્વારી લોકો અને રાષ્ટ્રો દુરુપયોગ કરે છે. વિજ્ઞાનનો દોષ નથી. " આ વાતમાં બહુ જ સત્યાંશ છે. વૈદ્ય ગાંધીના વિચારો જેવું છે, રાષ્ટ્રો વિજ્ઞાનના વિકા ઉત્તેજન આપે છે, તે પોતાના સ્વાર્થ માટે. અને વૈજ્ઞાનિકો રાષ્ટ્ર મદદથી આગળ વધી શકે છે. નહીંતર તેના વિકાસનો આટલો વેગ ન હોય. વિજ્ઞાનનું ઝેરીલાપણું ઓછું બતાવવા એ જ માત્ર દલીલ

સારાંશ કે—આજના વૈજ્ઞાનિક શોધોથી ઝેરાપણું ન અં સાચા જૈન મુનિઓ તેનાથી સદા અલિપ્ત જ રહે છે, અને ર એટલું જ નહિ. પરંતુ તેના તરફ ઉપેક્ષા ભાવનાથી જુવે. તે એટલું જ સંગત. યોગ્ય. અને હિતાવહ છે. કેમકે– જ્યાં સુધી શોધો સંપૂર્ણ ન થાય, ' સકલ જન સમાજને એકંદર હિતાવહ છે." સાબિત ન થાય, ત્યાં સુધી તેના તરફ ધ્યાન આપવો, તેમાં રસ કે તેમાં મનોવૃત્તિના વ્યામૂઢતા થવા દેવી, એ કઈ રીતે વ્યાજબી

૧૦ આહાર કરવાનો ઉદ્દેશ.

આધ્યિાત્મિક ભાષામાં બોલીએ, તો–મનુષ્ય જીવન આત્મ–વિકાસનું કેન્દ્ર છે. અથવા આત્મવિકાસની એક જાતની અગત્યની ભૂમિકારૂપ છે. એટલે મનુષ્ય જીવનનો અન્તિમ ઉદ્દેશઃ આત્મવિકાસની પ્રગતિમાં વૃદ્ધિ કરવાનો હોય છે. માટે, જન્મથી માંડીને મરણપર્યંત મનુષ્યે તેવી રીતે વર્તવું જોઇએ, કે–તે પોતાને મળેલું કુદરતી આયુષ્ય સંપૂર્ણ ભોગવી શકે. આયુષ્યમાં વૃદ્ધિ તો થતી નથી. પરંતુ તેમાં લેશમાત્ર પણ ઘટાડો ન થાય, તેને માટે તો સંપૂર્ણ સાવચેત રહેવું જોઇએ, કેમકે–માનવ-જીવનના આયુષ્યની ક્ષણે ક્ષણુ આત્મવિકાસના સંગીન સંચય કરવા માટેની ઉપયોગીમાં ઉપયોગી ક્ષણુ છે. એટલે આયુષ્યનો એક પણ ક્ષણુ ઓછો ભોગવવો પડે, એવી સ્થિતિ કોઇ પણ સમજુ માણસ ઇચ્છે નહિ, થવા દે નહિ.

કોઇ દરિદ્રીને કોઇ સમૃદ્ધિવંત રાજા દીવસ રાતની ૬૦ ઘડીમાં જેટલું પોતાના ભંડારમાંથી લેવાય તેટલું લેવાની છુટ આપે, તો તે દરિદ્રી તે લેવામાં જરા પણ પ્રમાદ કરે, તો તે મૂર્ખ ગણાય, મુદત પૂરી થવાને ઠરેલો વખત આવી પહોંચતાં પહેલાંની દરેક દરેક પળે જેટલું વધારે લેવાય તેટલું લેવા જ માંડે અને વખત પૂરો થતાં સુધીમાં પણ છેલ્લામાં છેલ્લી પળનો ઉપયોગ કરી લે. વખત બતાવનારા યંત્રમાં જો કાંઇ બગાડો હોય અને ઠરેલો વખત “ કાંઇક મોડો થાય, તો ઘણું સારું.” તેમ પણ કદાચ તે ઇચ્છતો હોય છે. પરંતુ જો ઠરેલો વખત વહેલો આવી પહોંચે, તો વખત બતાવનારા યંત્રની ખોડ ખાંપણનો દોષ કાઢીને પોતાને પૂરા ખરા વખત સુધી ધન લેવા દેવાની માગણી કરે.

તે પ્રમાણે માનવજીવનની ક્ષણેક્ષણુ સંસ્કાર વિકાસ માટે ઉપયોગી હોવાથી સમજુ માણસ “ તેની એક ક્ષણુ પણ ઓછી ભોગવવી પડે, તો સારું.” એમ ઇચ્છતો જ નથી, માટે દરેક મનુષ્યની ફરજ

આહારમાં સંતોષવૃત્તિ: આહારમાં અહિંસકતા: સંયમ: તપ: આહારથી સત્કાર બુદ્ધિ: વિગેરે જેટલા પ્રમાણમાં હોય, તેટલા પ્રમાણમાં—મનુષ્યના મન ઉપર કાબુ: જીવનમાં વ્યવસ્થા: જીવનમાં સૌન્દર્ય: સંતોષવૃત્તિ: અહિંસકતા: સંયમ: તપ: સત્કાર—સન્માન બુદ્ધિ: હોવા સંભવિત છે. માટે આહાર: એ જીવવાનું કેન્દ્ર છે. આહાર ઉપરથી પ્રાણીના જીવનની ખાસીયતો: ગુણો: સ્વભાવો: વિગેરેની પણ પરીક્ષા કરી શકાય છે. ગાય, બળદ, ઘેટાં, બકરાં, ભેંસ, પાડા, ઘોડા, ગધેડા, હાથી વિગેરે પશુઓનું મોટા પાયા ઉપર પાલન કરીને તેનો ધંધામાં અને જીવનમાં માનવજાત ઉપયોગ કરી શકે છે. કેમકે—તેઓ અમાંસાહારી અને કાંઇક સાત્ત્વિક વૃત્તિના પ્રાણીઓ છે.

આટલું સામાન્ય રીતે વિચાર્યા પછી—

૧ આહારનો ઉદ્દેશ:	૧૧ ભોજન વિધિ:
૨ અહિંસક આહાર:	૧૨ આરોગ્ય:
૩ અલ્પહિંસક આહાર:	૧૩ બ્રહ્મચર્ય:
૪ અહિંસક પાક:	૧૪ ધાર્મિક આચાર:
૫ અલ્પહિંસક પાક:	૧૫ દીર્ઘાયુષિતા:
૬ પૂર્વક્રિયા:	૧૬ ભક્ષ્યાભક્ષ્ય વિવેકના સિદ્ધાન્તો:
૭ ઉત્તરક્રિયા:	૧૭ રોગના કામક્રોધાદિક કા
૮ વીટામીન્સ:	૧૮ આરોગ્ય: ખોરાક:
૯ હોટેલો:	૧૯ આરોગ્ય: પાક:
૧૦ ખર્ચાળ પદ્ધતિ:	૨૦ બચપણથી આરોગ્ય (આઘાતો
	૨૧ રેશનીંગ
	૨૨ ખોરાકનો વેપાર

વિગેરે વિષે કેટલીક વ્યવહારુ વિચારણા સમગ્રપણે કે (જુદી હવે પછી કરીશું.

ગ્ય પરિસ્થિતિ: યોગ્ય તાલીમ. આધ્યાત્મિકતા: વિગેરે તત્ત્વો પણ ાયુષ્યના અને શરીરના ટકાવના અને શરીરની વૃદ્ધિના ખાસ મહત્ત્વના ાકારી સાધનો છે,

જેમ આરોગ્યાદિને હાનિકારક આહાર શરીરના ટકાવ અને દ્ધિમાં વિઘ્ન કરનાર છે, તેજ પ્રમાણે નીતિ રહિત જીવન: અપ્રામાણિક વન: અયોગ્ય આરામ: અયોગ્ય પરિશ્રમ: અનાધ્યાત્મિકતા: વિગેરે પણ રીરના ટકાવ અને વૃદ્ધિમાં વિઘ્ન કરનાર છે: રોગોત્પાદક છે: રોગોને ધારનાર: છે અને ટકાવનાર છે.

આ રીતે, શરીરની વ્યવસ્થા અને ટકાવનો આધાર આહાર ઉપર . અને આહાર લેવાનો મુખ્ય ઉદ્દેશ પણ એજ છે. આહારના ત્યાગનો ાને અનાહારનો પણ ગૌણ ઉદ્દેશ તેજ છે. મુખ્ય ઉદ્દેશ અનાહાર પદની ાંત્ય પ્રાપ્તિ છે.

૧૧. જૈન ગૃહસ્થોની આહાર વ્યવસ્થા.

ઉંચા પ્રકારના અહિંસા: સંયમ: અને તપ: નું આચરણ કરવું, ો મુનિધર્મ છે. અને તે પ્રમાણે આચરણ કરવાની સંપૂર્ણ ઇચ્છા અને ાાવના રાખવા છતાં, માનસિક અને આધ્યાત્મિક વિકાસ તેમના કરતાં અલ્પ હોવાથી તેને લીધે ઉત્પન્ન થયેલી નિર્બળતાને લીધે જે જીવ–સર્વસંગ યાગી અણગાર મુનિ–ધર્મનું આચરણ કરી શકતો નથી. તે ગૃહસ્થ= અગારસ્થ–ઘરમાં રહેલો કહેવાય છે.

ઘરમાં રહેવાથી તેને બે કામ કરવા પડે છે. એક તો પોતાના ઘરસંસારને લગતું કાર્ય: અને બીજું અહિંસા: સંજમ: અને તપ:ને લગતી તાલીમ લેવાનું: તથા યથાશક્તિ તેનું પાલન કરવાનું: કાર્ય કરવાનું છે.

ઘરને લગતા કાર્યો કરવાના હોવાથી તે ગૃહસ્થ ગણાય છે.

અને " સંપૂર્ણ અહિંસા: સંયમ: અને તપ: એ આત્મપ્રગતિનો અમોઘ માર્ગ છે. તેના મૂળ ઉપદેષ્ટાઓ જ સર્વોત્કૃષ્ટ હિતસ્વી પુરુષો

છે, કે–પોતાને (કર્મના અગમ્ય નિયમો અનુસાર) મળેલું આયુષ્ય એક ક્ષણ પણ ઓછો થવા દીધા વિના પૂરેપૂરું ભોગવવું જોઇએ.

આયુષ્ય પૂરું ભોગવવાનો આધાર શરીર ટકાવી રાખવા ઉપર છે. આયુષ્ય કર્મ બાકી હોવા છતાં શરીર ટકી શકે નહિ, તો આયુષ્ય કર્મ રીતસર સંપૂર્ણ ભોગવી શકાતું નથી. પરંતુ શરીર નબળું પડવાથી આયુષ્ય કર્મ જલ્દી પૂરું થઇને ઉતરું વહેલું મૃત્યુ આવે છે. તે માટે શરીર ટકાવી રાખવાનો મુખ્ય આધાર યોગ્ય આહાર ઉપર છે.

ઉત્પત્તિથી માંડીને શરીરની સંપૂર્ણ વૃદ્ધિનો આધાર પણ આહાર ઉપર જ છે.

અર્થાત્ શરીરની ધારણા–ટકાવ: અને વૃદ્ધિ: એ બન્નેયનો મુખ્ય આધાર આહાર ઉપર છે. આહાર વિના શરીર ટકતુંયે નથી, ને વધતુંયે નથી.

શરીરના ટકાવ અને વૃદ્ધિને પણ મર્યાદાઓ હોય છે, કે–દરેકને મળેલું આયુષ્ય સંપૂર્ણ ભોગવી શકાય તેવી રીતે શરીરનો ટકાવ થવો જોઇએ અને વૃદ્ધિ પણ તેવી રીતે થવી જોઇએ.

આહાર ઉપરાંત, જીવનમાં શાંતિ, નીતિમયતા, પ્રામાણિકતા, યોગ્ય આરામ, યોગ્ય પરિશ્રમ, યોગ્ય નિદ્રા, બ્રહ્મચર્ય, નિયમિતતા, યોગ્ય સહવાસ, દેશ, સમાજ તથા કુટુંબના યોગ્ય પરિસ્થિતિ, યોગ્ય તાલીમ, [1]આધ્યાત્મિકતા, વિગેરે તત્ત્વો પણ આયુષ્યના અને શરીરના ટકાવના અને શરીરની વૃદ્ધિના ખાસ મહત્ત્વના સહકારી સાધનો છે.

---

૧ આધ્યાત્મિકતા એ મનઃશાંતિ અને આત્મશાંતિ માટે પૂર્ણ ઉપયોગી હોવાથી માનવના દીર્ઘઆયુષ્યમાં બહુ જ મદદગાર છે. એટલા જ માટે ભારતીય સંસ્કૃતિના ઘડવૈયા સંતોએ અધ્યાત્મના પાયા ઉપર અને અધ્યાત્મના આદર્શને સામે રાખીને આપણી સંસ્કૃતિ અને ધર્મનું ચણતર કર્યું છે. તા. ૧૫–૮–૪૭ થી નવા બંધારણમાં તે વસ્તુ રદ કરવામાં આવેલ હોવાથી તેની વિરુદ્ધની સંસ્કૃતિ હિંદમાં અમલમાં અત્યારે વેગથી શરૂ થઈ છે.

બાવીસ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાય તથા સચિત્તના ત્યાગની સૂચના માટે છે. ગન્ધ-માલ્ય વપરાશમાં આવતી ખાસ જરૂરીઆત વિનાની-માત્ર શોખથી વાપરવાની-ચીજોનો ત્યાગ સૂચવવા માટે છે.

*સચિત્તે પડિબદ્ધે ગાથામાં ભોગ કે ઉપભોગ માટે છુટી રાખેલી ચીજોના વપરાશમાં પણ થતા સ્ખલનોના અતિચારોની સુચના છે.

ઇંગાલી વણસાડીથી ત્રણ ગાથાઓ પોતાના જીવનની જરૂરીઆતો મેળવવા કેવા ધંધા કરી ધન ઉપાર્જન કરવું ? તેની સૂચના છે. એટલે કે-અંગાર કર્મ-વિગેરે અને તેની જાતના બીજા ધંધાઓનું ઉપલક્ષણ કરવામ. આવેલું છે. તેથી તેવા ધંધા કરવાજ નહિ. તે સિવાયના મહા આરંભ, સમારંભ તથા અણછાજતા ધંધાઓ જે જે હોય, તે સિવાયના ધંધાઓમાંથી પણ " ઉત્તમ:અલ્પઆરંભ-સંમારંભના: અને આધ્યાત્મિક સંસ્કૃતિને માન્ય: શિષ્ટાચારને શોભતા: ધંધાઓ જ પસંદ કરવા. " તેની સૂચના કરે છે.

એક દિગમ્બર જૈન-ભાઇએ જૈન શાસ્ત્ર ગ્રંથોના પૂરાવા આપીને એમ સાબિત કરવા પ્રયત્ન કર્યો હતો કે-શ્રાવકોને લીલોતરીનો ત્યાગ કર-

---

* કેટલાક આધુનિક જૈન લેખકો-ઉપર જણાવેલી પ્રાચીન ગાથાઓના રચનાના સંદર્ભને સમજ્યા વિના વિશમી ગાથાનો એવો અર્થ કરે છે, કે-" અગાઉના જૈનોમાં મદ્ય-માંસનો પ્રચાર ન હોય. તો તેના અતિચારોના આલોચનાનો સંભવ કેવી રીતે હોઇ શકે ? " પરંતુ ખરી રીતે, એ વીશમી ગાથા અતિચારના આલોચના વિષેની નથી. પરંતુ વ્રતનું સ્વરૂપ બતાવનારી છે. એજ પ્રમાણે ૯ મી, ૧૧ મી, ૧૩ મી, ૧૫ મી, ૧૭ મી અને ૧૯ મીમાં પણ વ્રતોના સ્વરૂપ અને અતિચારો સાથે જ છે. એ પ્રમાણે વીશમી ગાથા ભોગોપભોગના વ્રતનું સ્વરૂપ બતાવે છે. જેથી તેમાં મદ્યાદિકનો ત્યાગ કરવાની સૂચના છે પરંતુ તેના અતિચારો નથી. તેથી તેઓએ કરેલો અર્થ: અને તે ઉપરથી ઉપજાવેલી મતલબ: ગાથાના સંદર્ભ સાથે અસંગત છે. ખોટા છે.

ખવાઇ ગયા હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

એટલે-તે ભૂલ કબુલ કરી, તે દુષ્કૃત્ય મિથ્યા થાય અને ફરીથી ન થાય, એમ ઇચ્છું છું. ૨૧

ગૃહસ્થે પોતાની આજીવિકા સ્વતંત્ર જાત મહેનતઃ સ્વાશ્રયઃ અને સ્વબુદ્ધિ બળઃથી ઉપાર્જન કરી, પોતાનો નિર્વાહ ચલાવવો જોઇએ. પરંતુ તેટલા ઉપરથી-"મારે ગમે તેવા ધંધા કરી, મારા આત્માને અપવિત્ર કરવાની જરૂર નથી." માટે—

કોલસાને લગતોઃ જંગલોને લગતો: ગાડાં વિગેરે સાધનો બનાવવા-વેચવાને લગતો: ભાડાના વાહનને લગતો: સુરંગો વિગેરે ફોડાવવાને લગતોઃ ધંધો કરીશ નહિ. ૨૨

એ જ પ્રમાણે સંચા ચલાવવાનો ધંધોઃ ખસી કરવા-કરાવવાનો ધંધો: દવ લગાડવાને લગતો ધંધોઃ સરોવર-કુંડો-તળાવો સુકાવવાને લગતો ધંધોઃ અ-સતીઓ-અયોગ્ય માનવો કે તેવા પશુ પક્ષીઓને પાળી કે પળાવી, પૈસા કમાવવાને લગતો ધંધોઃ કરીશ નહિ. ૨૩

હથીઆરો વાપરીને, કે વેચીને, ચલાવાતા ધંધાઃ અગ્નિ સળગાવીને કે સળગાવડાવીને ચલાવાતા ધંધાઃ મૂશળ વિગેરે ઉપકરણો તૈયાર કરી કે કરાવીને વેચવાનો ધંધોઃ ગાડાંઃ ઘંટીઃ વિગેરે યંત્રો તૈયાર કરી કે કરાવીને વેચવાનો ધંધોઃ ઘાસ કે લાકડાને દઇ કે લઇને ચલાવાતા ધંધાઃ તથા મંત્રઃ [મંત્રના મૂળ] મૂળીયાંઃ ઓસડીયાંઃ વાપરીને કમાવાને લગતા ધંધાઃ કરીશ નહિ.

છતાં-તેમાંનું કાંઇ પણ કરવું પડયું હોય, તો તે દુષ્કૃત્યની અસર મારા આત્મામાંથી દૂર થાઓ. ૨૪

ઉપર પ્રમાણે ભાવાર્થ છે. ગાથામાં દરેક હકીકત બહુ જ ટુંકામાં આપવા માટે દરેક શબ્દો ઉપલક્ષણરૂપ છે.

દાખલા તરીકે-મજ્જમ્મિ અ૦ ની ગાથામાં આવેલા મદ્ય-માંસ એ શબ્દો ચાર મહાવિગઇના ત્યાગની સૂચના માટે છે. ફુલ-ફલ

પરંતુ, લીલોતરી ત્યાગની વાત સચિત્ત પ્રતિબદ્ધઃ—એટલે કે—સચિત્ત અને અચિત્ત ખોરાકની નીચે કે ઉપર સચિત્ત વસ્તુ મુકાઇ હોય, તેનો સંબંધ થયો હોય, અને તેવી સચિત્તના સંબંધ વાળી અચિત્ત વસ્તુ પણ ભોગોપભોગના વ્રતધારી શ્રાવકના ખાવામાં આવે, તો પણ તેને અતિચાર તરીકે ગણાવેલો છે. તો પછી, સચિત્ત વસ્તુનો ઉપભોગ કરવાની વાત વિષે તો પૂછવું જ શું ?

સારાંશ કે—પોતાનો અંગત અભિપ્રાયઃ અને મતઃ એ જુદી વસ્તુ છે, અને શાસ્ત્રોના પૂરાવાથી સાબિત કરવુંઃ એ જુદી વસ્તુ છે.

દરેક શ્રાવક વ્રતધારી શ્રાવક ન છતાં, તેના જીવનનો આદર્શ તો વ્રતધારી શ્રાવક થવાનો હોવાથી, તેની પણ જીવન ચર્યાઓ ઓઘથી-સામાન્ય રીતે-જેમ બને તેમ વ્રતધારી શ્રાવકના જેવી હોવી જોઇએ, એ સ્વભાવિક છે. અને તેથી કરીને મોટા ભાગના જૈન કુટુંબોના ખાનપાનની યોજના ચાલુ રૂઢીરૂપે પણ વ્રતધારી કુટુંબોના જેવી હોય, એ સ્વભાવિક છે. તેથી પ્રથમથી જ ચાલ્યા આવતા શ્રાવકના ઘરના રીવાજ રૂપેઃ અથવા ધર્મિષ્ઠ કુટુંબોના સહવાસથીઃ કે મુનિ મહારાજાઓના ઉપદેશથીઃ પડેલા રીવાજ રૂપેઃ ઘણા ઘરોમાં અભક્ષ્યઃ અનંતકાયઃ ના ત્યાગો, અભક્ષ્ય ન થાય તેવી સાવચેતીઓ રાખીને બનાવવામા આવતા બનાવટો બનવવાના રીવાજોઃ જોવામાં આવે છે, તે બરાબર છે. × ઘણા જૈન કુટુંબો એવા છે, કે—

× જેઓના ઘરમાં અભક્ષ્ય અનંતકાય અને સચિત્તઃથી બચવાનું રૂઢિરૂપે પળાય છે. તેઓને આ પુસ્તક વિશેષ સમજ આપશે. જેઓના ઘરમા બરાબર પાલન થતું ચાલ્યું આવતું નહિ હોય, તેઓને પાલન કરવામાં આ પુસ્તક મદદગાર થશે. અને જેઓના ઘરમાંથી પૂર્વાપરથી રીવાજ રૂપે પાલન ચાલ્યુ આવતું હશે, છતાં હાલના વાતાવરણની અસરને લીધે દેખાદેખાથી તે આચાર તૂટતા જ હશે, ત્યાં આચારોના પાલનનો ટકાવ થઇ શકશે, અને વધુ દૃઢ બનશે. એવી આશા રાખવામાં આવે છે.

વાનું શ્રાવકના કોઇ પણ વ્રતમાં આવતું નથી. અને તેને માટે પોતે જૈન શાસ્ત્રોના પૂરાવા આપીને સાબિત કરવા પ્રયાસ કરવામાં આવ્યાનું જણાવ્યું હતું. પરંતુ વિશેષ ખુબી તો એ હતી. કે–આપણા જૈન શ્વે. "જૈન" પત્રમાં પણ તે જુઠાણાનું સમર્થન કરવામાં આવ્યું હતું. "જૈન" પત્રની નીતિ આધ્યાત્મિક સંસ્કૃતિથી વિરુદ્ધના અને તેની ટીકા–ટીપ્પણ કરનારા, તથા ભૌતિકવાદની સંસ્કૃતિને ટેકો આપનારા વિધાનોની તરફેણ કરવાની મૂળથી જ જોવામાં આવતી રહી છે. કોઇ વખતે. તેણે કરેલા આધ્યાત્મિક વિધાનો પણ ઉચ્ચ વિધાનોથી પ્રજાને નીચે ઉતારવા અથવા ઉચ્ચ વિધાનો કરીને શક્ય એવા ચાલુ માર્ગની ટીકા કરવા રૂપે હોય છે. ચાલુ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃના સંજોગો અનુસાર શક્ય ચાલુ દરજ્જા ઉપર જ હંમેશાં એકંદર સમગ્ર જૈન સમાજ જીવનમાં જીવતો હોય છે. તેનાથી ચલિત કરવા બે માર્ગ વિદેશીઓએ રચવેલા છે. અને તેને આપણા વર્તમાન પત્રો અને સાહિત્યકારો અનુસરી રહ્યા છે, અને પ્રચારી રહ્યા છે.

યુગપલટાને નામે પ્રચાર કરીને આધ્યાત્મિક સંસ્કૃતિને અનુસરતા પ્રજામાં રૂઢ થયેલા પ્રથમના ચાલુ આચાર છોડી રહ્યા છે. છતાં તે રીતે ન છોડનારાઓને–"પ્રાચીન કાળમાં આધ્યાત્મિક સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો પ્રજા પાળતી હતી." તેમ બતાવીને તેના ભવ્યતા તરફ લલચાવીને પ્રથમના જે ચાલુ આચારો છોડાવી રહ્યા છે. કેમકે–ઉચ્ચ આદર્શોના આચારો અમલમાં મૂકી શકાય તેવું સામર્થ્ય પ્રજામાં આજે રહ્યું નથી. એટલે પ્રથમના આચારો છોડાવ્યા પછી અનાયાસે જ યુગપલટાના આચારોમાં લોકોએ પ્રવેશ કરવો જ પડે.

વિદેશી આચાર–વ્યવહારોના ભારતની પ્રજાના જીવનમાં પ્રવેશ કરાવવાના એ બે વિદેશી યોજનાઓ છે. ત્રીજી યોજના શીખો અને શિક્ષણ મારફત આદર્શોને પ્રથમથી જ વિદેશી રીત-રસમ પ્રમાણેના ગોઠવણી કરવી અને રીતસર પ્રજામાં રૂઢ થવા દેવી, એ છે.

જેમાંના કોઈએ આજસુધીમાં બટાટા, રીંગણા, ડુંગળી કે લસણને જરાપણ હાથ અડકાડયો જ ન હોય. ભૂલથી લસણ, ડુંગળી, જેવી ચીજો ખાવામાં આવે, તો કેટલાકને વમન થઈ આવે, એવી દુગંચ્છાના સંસ્કાર હોય છે. અમદાવાદ જેવા શહેરમાં પણ કદી સિનેમા ન જોયેલ હોય એવા વ્રતધારી જૈન શ્રીમંત ગૃહસ્થો આજે પણ મળી આવે છે. તે ધાર્મિક આચારની પ્રબલતાના પ્રતાપનો પૂરાવો છે.

સચિત્તનો ત્યાગ કેવળ અહિંસાની દૃષ્ટિથી છે એમ નથી. કેટલાક પદાર્થો પાછળથી અચિત્ત થયા હોવા છતાં તેને અભક્ષ્યમાં ગણાવ્યા છે. તેમાં વધારે કે બિન જરૂરી હિંસા થવાનો સંભવ હોવાથી, અથવા વધુ પડતા શોખને પોષક કે આરોગ્યને હાનિકારક સમજીને, અહિંસાઃ અને સંયમઃની દૃષ્ટિથી અભક્ષ્ય અને ત્યાજ્ય ગણાવ્યા છે. ત્યારે કેટલાક તમાકુ વિગેરે જેવા પદાર્થો અને તેના પ્રકારો શરીરના ટકાવ કે આરોગ્ય દૃષ્ટિથી તદ્દન બીન જરૂરી હોવા છતાં, ટેવ પડ્યા પછી તેવા પદાર્થો છુટી શકતા નથ', ને જીવનને બગાડીને પરિણામે હિંસાઃ અસંયમ અને સહનશક્તિ રહિતઃ બનાવનારા થાય છે. તે ખાતર અભક્ષ્યમાં ગણાવીને તેનો ત્યાગ સૂચવ્યો છે. પરંતુ મન કાબુમાં રાખીને તેવા પદાર્થો વાપરવાની ટેવ જ ન પાડવા દેવાથી કોઈ વખતે જ્યારે તે ચીજ ન મળે, ત્યારે જીવનમાં દુઃખ લાગે નહીં. કેમકે—દરેક વખતે દરેક પદાર્થો મળી જ શકે, તેવું કાંઈ કહી શકાતું નથી. ટેવ પડ્યા પછી તેવા પદાર્થો ન મળે, ત્યારે માણસને દુઃખ થાય છે. માટે તેવી ટેવ જ ન પડવા દેવી, એ વધારે સારૂં છે, તેથી તેવી કેટલીક ચીજો તપઃદૃષ્ટિની પ્રધાનતાએ પણ અભક્ષ્ય ગણાવી, તેનો ત્યાગ રાખવાની સૂચના કરી છે.

ત્યારે અફીણ, ગાંજો, ભાંગ, ચડસ, વિષ વિગેરે કેટલીક ચીજો અચિત્ત છતાં સમ્યગ્ દર્શનના વિરોધી હોવાથી તેનો ત્યાગ સૂચવ્યો હોય છે. ત્યારે બીસ્કુટ, કેક, ડબલરોટી, ચોકલેટ વિ. કેટલીક ચીજો અનાધ્યાત્મિક સંસ્કૃતિને પોષક હોવાથી માર્ગાનુસારીપણાથી વિરુદ્ધ હોવાથી પણ તેનો ત્યાગ કરવાનો ક્રમ છે અને તેના જૈન ખાનપાન વ્યવહારમાં ગોઠવી

તત્ત્વોને ધ્યાનમાં રાખીને ગૃહસ્થો માટે આહાર વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. તે આ જગતમાં યોગ્ય અને પૂર્વાપરની દરેક બાજુઓનો સંપૂર્ણ વિચાર કરીને ગોઠવાયેલી છે. માનવો માટેની આવી ઉત્તમ અને સમતોલ આહાર વ્યવસ્થા શિવાયની બીજી કોઈ પણ સ્થળે મળી શકશે નહિ.

૧૨ આરોગ્યમાં આહારનું સ્થાન.

આરોગ્યમાં પણ અહિંસાઃ સંયમઃ અને તપઃની સંપૂર્ણ આવશ્યકતા.

દુનિયાના તમામ વૈદ્યકશાસ્ત્રોમાં અંતિમ પ્રમાણભૂત—ચરક-સંહિતામાં—

૧ "પૃથ્વીઃ પાણીઃ તેજઃ વાયુઃ આકાશઃ અને મનઃની અનુકૂળતા, આરોગ્ય માટે થાય છે, અને તેની પ્રતિકૂળતા અનારોગ્ય માટે થાય છે."

અથવા

૨ "વાત-પિત્ત-કફ તથા ધાતુઓઃ ઉપધાતુઓઃ અને શરીરના વિવિધ મળો વિગેરેની સમાનતા, તે આરોગ્ય, અને તેની વિષમતા, તે અનારોગ્ય." જણાવેલ છે.

૩ "શરીરના બંધારણમાં આહારની મુખ્ય મદદ છે : જો કે આરોગ્યરૂપી મહેલને ટકાવી રાખવાને માટેના આહારઃ નિદ્રાઃ અને બ્રહ્મચર્યઃ એ ત્રણ આધારભૂત સ્તંભો છે. ત્રીણિ ઉપષ્ટમ્ભાનિ । ૩ ટેકા છે.

૪ " તે ત્રણેયમાં પણ આહારની મુખ્યતા છે : કેમકે–નિદ્રા અને બ્રહ્મચર્યનો આધાર પણ યોગ્ય આહાર ઉપર જ છે. "

૫ " યોગ્ય આહારથી શરીરને પોષણ મળે છે. રોગો હોય, તે પણ શમી જાય છે. નવા રોગો ઉત્પન્ન થતા નથી. અને આરોગ્ય વધે

અલ્પ જણાય છે. એ સાર્વત્રિક પ્રત્યક્ષ અનુભવ છે. આશ્વાસન એ મનોવ્યપાશ્રય ઔષધમાં સમાય છે. તેવી જ રીતે આધ્યાત્મિક બળમાંથી જન્મતા અનુષ્ઠાનોરૂપ ઔષધો પણ મનોવ્યપાશ્રય ઔષધમાં સમાય છે, જે સર્વ કરતાંયે બળવત્તર હોય છે.

૧૧ "પૂર્વ ભવના કર્મ ભોગવવા પડે, તેમાં શી નવાઇ ? હસતાંયે ભોગવવા પડે છે અને રોતાંય ભોગવવા પડે છે, તો પછી, રોતાં શા માટે ભોગવવા ?" 'આત્મા નિત્ય શાશ્વત્ છે-તેને વળી રોગ શો ? અને શોક શો ? એ તો આ ક્ષણભંગુર દેહની ચેષ્ટાઓ છે." "અવિનાશી આત્માને તેની કાંઇપણ અસર થવાની નથી. મનમાં અશાંતિ રાખવાથી નવા કર્મ બંધાય છે, તો શા માટે હાયવોય અને રડારોળ કરવી ? બસ. ચેતન પૂર્વના કર્મો શાંતિથી વેઠી લે." આ અને આવી વિચારણાઓ આધ્યાત્મિક ઔષધ હોય છે. જેનો સમાવેશ એ ગ્રંથકારે મનોવ્યપાશ્રય ઔષધોમાં કર્યો જણાય છે. આધ્યાત્મિક ઔષધના વ્યવહારુ સાધનો અહિંસા: સંયમ: અને તપ: છે. રોગ શાંત ચિત્તે સહન કરવો, એ પણ એક જાતનો તપ છે. તેથી રોગના તત્ત્વો નાશ પામી જાય છે, અને નવા રોગ થતા નથી. કર્મોની પેઠે તેનું ઝેર પણ નિર્જરી જાય છે. આ અનુભવમાં ઉપર જણાવેલા વાક્યોથી વૈદ્યકશાસ્ત્ર પણ પોતાનો સુર બરાબર પૂરાવે છે.

૧૨ વૈદ્યકશાસ્ત્ર વિશેષમાં કહે છે કે-" આહારવિહારની વિષમતાથી તો રોગ ઉત્પન્ન થાય છે. તેને શમાવવા માટે યોગ્ય આહારવિહારનું સેવન કરવું જોઇએ. એમ કરીને થયેલા રોગને એમને એમ મટી જવા દેવો જોઇએ. તેને બદલે ઔષધોપચાર કરીને જેટલો વ્હેલો મટાડવા પ્રવૃત્તિ કરીએ, તેટલો તે રોગવ્હેલો મટે છે. પરંતુ એ પ્રયાસ નવા રોગના બીજ અવશ્ય મૂકે છે." તેમાં પણ, માત્રાઓ, ઇંજેક્શનો, વિગેરે વિષપ્રાય, દેશી અને ઉગ્ર ઔષધો રોગને તત્કાળ મટાડવામાં અસાધરણ મદદ કરે છે. એટલે કે-રોગને મટાડતા નથી, પરંતુ કોઇ એક રોગને શરીરમાં વ્હેંચી નાંખે

છે. ઔષધોપચારની જરૂર પડતી નથી. ગમે તેવા મહારોગો પણ કોઇપણ ઔષધ વિના યોગ્ય આહાર-વિહારથી મટાડી શકાય છે." તેવા ઘણા પ્રયોગો તે ગ્રંથકારે બતાવ્યા છે.

વિશેષમાં તેજ ગ્રંથકાર કહે છે, કે—

૬ "યોગ્ય આહાર છતાં જીવનચર્યા બરાબર ન હોય, સ્વાસ્થ્યના-આરોગ્યવાન્ રહેવાના-નિયમોનું બરાબર પાલન કરવામાં ન આવે, તો પણ રોગો થાય છે."

૭ "સ્વસ્થ અને આરોગ્યવાન્ રહેવાના નિયમો અનેક પ્રકારના છે: પરંતુ તેના મૂળમાં-દયા, સત્યનું પાલન, કામ, ક્રોધ. લોભ, મોહ, ભય, વિગેરે કાષાયિક ભાવોની ઉપશાન્તિ: ખાસ કારણભૂત છે."

૮ "દેવ અને ગુરુની સેવા, સંત સેવા, પરોપકાર, ખાનદાની, ઉદારતા, વિશાળ મન, મનની શાંતિ, દયા, દાન વિગેરે પણ આરોગ્યના ખાસ-મૂળ સાધનો છે."

૯ **તાવના** નિદાનમાં-"કામ, ક્રોધ, લોભ, મોહ, ભય, રાગ, દ્વેષને તાવના ખાસ અને મુખ્ય કારણોમાં" ગણાવ્યા છે. "તે દોષોમાંથી **પ્રજ્ઞાપરાધ** થાય છે. અને **પ્રજ્ઞાપરાધ** સર્વ રોગોનુ મૂળ કારણ બને છે." પ્રજ્ઞાપરાધ-એટલે જાણતાં અથવા અણસમજણથી કરેલી ભૂલો, જીવનમાં કરેલી નાની મોટી કોઇ પણ પ્રકારની ભૂલો-અવ્યવસ્થા-**પ્રજ્ઞાપરાધ** ગણાય છે.

૧૦ તેણે રોગો શાન્ત કરવાના ઔષધો ત્રણ પ્રકારના ગણાવ્યા છે:-

"દૈવ વ્યપાશ્રયઃ આપ્તાદિ યુક્તિવ્યપાશ્રયઃ અને મનવ્યપાશ્રયઃ" એ ત્રણ પ્રકારના ઔષધોમાં પણ મનવ્યપાશ્રય વધારે બળવાન્ હોય છે."

ગમે તેવા રોગીને આશ્વાસન આપવાથી, કે-માબાપઆદિની સતત સારવાર અને હાજરીથી, આશ્વાસન મળવાથી, જેના ઉપર વિશ્વાસ હોય તેવા વૈદ્ય, ડોક્ટરની હાજરી થવાથી, તેનો રોગ અને તેનું દુઃખ

બહાર પરદેશ ચાલ્યો જાય છે: એટલે તેમની ડીગ્રીઓ: પદવી, પ્રદાનના મેળાવડા અને અભિનંદન પત્રો તેમની જાહેરાત માટે ઉપયોગી થાય છે.

ખરીરીતે, સામાન્યદષ્ટિથીયે જોતાં માણસને ધન મળે કે બહાલા મળે તો લોહી વધે છે. અને જો ગમગીનીમાં હોય, તો ઘટે છે. કોઈ માણસ ગમગીનીમાં હોય, અને તેને કહો કે-"લોટરીમાં તમારા નંબર ઉપર રૂપીયા એક લાખનું ઇનામ જાહેર થયું છે, કે અમુક વેપારમાં તમને આટલો નફો મળવાનું નક્કી થયું છે, કે તમારા પગારમાં આ મહિનેથી રૂા. ૫૦ નો વધારો થયો છે." કે તુરત તેના શરીરમાં લોહી ફરવા લાગશે અને અંગે અંગમાં તાજગી જણાશે. [કોઇક પૈસાદારો હોય, તે તો વળી પ્રાયઃ નવું ધન મેળવવાની મુંજવણમાં રોગી બની જાય છે.]

અને ઉલટરીતે, પૈસા જાય, કે લેણીયાત આવી મેણાટોણા સંભળાવે, દંડ થાય, ઘરમાં ચોરી થાય, કોઈ મોટી રકમ ખોવાઇ જાય, ક્યાંક ધક્કાઇ ગઇ હોય, ત્યારે જીવ કેટલો બળે છે? તે વખતે માણુસ સુકાય છે. કેટલીક વખત એવે પ્રસંગે અકાળે વૃદ્ધાવસ્થાયે આવી જાય છે. અને કોઇ વખત માણસ આપઘાત કરે છે, રૂવે છે, શોક કરે છે, દીન તથા ગરીબડો બની જાય છે. મનની તેવી અવસ્થા પછીથી પણ અનેક રોગોનું કારણ બને છે. નેપોલિયનના મુદ્દાના અંગ રક્ષક સૈનિકોનો નાશ જ્યારે તેણે વોટર્લુની લડાઈમાં જોયો, ત્યારે તેનો ચહેરો ફીકો પડી ગયો હતો, અને વાળ ઉપર સફેદી આવી ગઇ હતી. મનની ખિન્નતા એવી ભયંકર વસ્તુ છે. આધ્યાત્મિક બળને પણ જેણે સંપાદન કર્યું નથી હોતું, તેને ચીંતા એકદમ વધુ અસર કરે છે. માટે પ્રજામાં આધ્યાત્મિક બળનું શિક્ષણ હિંદમાં પ્રચારવામાં આવતું રહ્યું છે. તેથી દવાખાના બહુ ન હોતા.

આ સ્થિતિમાં બહુ તો પૈસા–બેપૈસાની દવાથી જે દેશમાં રોગો મટતા હતા, તે જ દેશમાં રોજના ચાર છ આના ચાર્જ તો ચાલુ જ હોય છે, સ્પેશ્યલ ચાર્જ જુદા, એક્ષરેના ફોટા, અને લોહી, પેસાબ, ગળફા વિગેરેની તપાસણીના ચાર્જ જુદા, સલાહના જુદા, ઇજેક્ષનના જુદા, એક-

છે, અને નવી શક્તિ તુરત ભરી દે છે. પરંતુ તે શક્તિ ઓસરતાં વ્હેંચાયેલા રોગો જુદાજુદા રોગરૂપે કે એક સામટા મોટા રોગરૂપે કોઇને કોઇ વખતે બહાર આવે જ છે. પરંતુ નવા રોગો ન થાય, તેને માટે કાળજી રાખી યુક્ત આહાર–વિહારની યોજના કરવામાં આવે, અને જુના રોગ સહન કરવામાં આવે, તો આપોઆપ વિપાક–ફળ–અસર–ખતમ થઈને રોગ મટી જાય છે. અને એ રોગ નવા રોગનું કારણ બનતો નથી.

પરંતુ, આવી રીતો સામાન્ય જનસમાજની સમજમાં તો નથી, તેમજ તેની સમજમાં એ વાત એકાએક ઉતરે તેવી પણ નથી. કોઇ તેમને સમજાવતુંયે નથી. તેમજ, આ વાતો ઉપર લોકોને એકાએક શ્રદ્ધા બેસતીયે નથી. યુક્ત આહારવિહારનું જ્ઞાન ન હોવાથી લોકો જાતે ઉપાય લઇ શકતા નથી. [વળી આજકાલના વૈદ્ય, ડૉકટરો પોતાના મોટા ખર્ચને પહોંચી વળવા માટે ઔષધોપચારની વિપુલતા ઉપર તેઓના ધંધાના વકરાના ક્ષેત્ર ગોઠવાયેલા છે. એટલે તેઓ યોગ્ય માવજતની તો વાત જ લગભગ કરતા નથી. મોં ભારમાં રાખીને માત્ર કહે છે, કે–"દવા લો, મટી જશે." એટલુ જ કહીને મુગે મોઢે દવાઓ લખી આપે છે. અને બીલ ઉપર બિલ ચડાવ્યે જાય છે. વળી ડીગ્રી આપનાર પરદેશી કેળવણીકારોનો પણ તેમાં યુરોપના કારખાનાઓની દવાઓના વકરાના મોટા ક્ષેત્ર ઉઘાડવાનો સ્વાર્થ જોવામાં આવે છે. દર વર્ષે ખાનગી કે ધર્માદાને નામે ચાલતાં અને ચલાવવામાં આવતાં લાખો દવાખાનાઓમાં લાખો, કરોડો રૂપિયાની દવાઓના વકરા ચાલુ થાય છે. એટલે એક ડૉકટર તે ધંધામાં હોંશીયાર હોય કે ન હોય, પરંતુ એક ડૉકટર તૈયાર થાય, એટલે દર વર્ષે બે પાંચ હજારની દવા ખપાવનાર વિદેશના એક એજંટની શરૂઆત થઇ સમજવી જ જોઇએ. પછી તેને સારો પગાર અપાવી પ્રતિષ્ઠિત કરવામાં હરકત ગણાય જ શી ! કેમકે–એ સારો પગાર તો એજન્સીનો બદલો છે. દેશી રાજાઓના તથા સરકારી દવાખાનાઓ, ખાનગી સખાવતી દવાખાનાઓ, અને ખાનગી પ્રેકટીશનરોના દવાખાનાઓ મારફત કરોડો રૂપિયાનો પ્રવાહ

બહાર પરદેશ ચાલ્યો જાય છે; એટલે તેમની ડીગ્રીઓ પદવી, પ્રદાનના મેળાવડા અને અભિનંદન પત્રો તેમની જાહેરાત માટે ઉપયોગી થાય છે.

ખરીરીતે, સામાન્યદષ્ટિથીયે જોતાં માણસને ધન મળે કે બઢતી મળે તો લોહી વધે છે. અને જો ગમગીનીમાં હોય, તો ઘટે છે. કોઈ માણસ ગમગીનીમાં હોય, અને તેને કહો કે—"લોટરીમાં તમારા નંબર ઉપર રૂપીયા એક લાખનું ઇનામ જાહેર થયું છે, કે અમુક વેપારમાં તમને આટલો નફો મળવાનું નક્કી થયું છે, કે તમારા પગારમાં આ મહિનેથી રૂા. ૫૦ નો વધારો થયો છે." કે તુરત તેના શરીરમાં લોહી ફરવા લાગશે અને અંગે અંગમાં તાજગી જણાશે. [કોઇક પૈસાદારો હોય, તે તો વળી પ્રાયઃ નવું ધન મેળવવાની મુંજવણમાં રોગી બની જાય છે.]

અને ઉલટરીતે, પૈસા જાય, કે લેણીયાત આવી મેણટોણા સંભળાવે, દંડ થાય, ઘરમાં ચોરી થાય, કોઈ મોટી રકમ ખોવાઇ જાય, ક્યાંક ધક્કાઇ ગઇ હોય, ત્યારે જીવ કેટલો બળે છે? તે વખતે માણસ સુકાય છે. કેટલીક વખત એવે પ્રસંગે અકાળે વૃદ્ધાવસ્થાયે આવી જાય છે. અને કોઈ વખત માણસ આપઘાત કરે છે, રૂવે છે, શોક કરે છે, દીન તથા ગરીબડો બની જાય છે. મનની તેવી અવસ્થા પછીથી પણ અનેક રોગોનું કારણ બને છે. **નેપોલિયનના** મુદ્દાના અંગ રક્ષક સૈનિકોનો નાશ જ્યારે તેણે વોટર્લુની લડાઈમાં જોયો, ત્યારે તેનો ચહેરો ફીક્કો પડી ગયો હતો, અને વાળ ઉપર સફેદી આવી ગઇ હતી. મનની ખિન્નતા એવી ભયંકર વસ્તુ છે. આધ્યાત્મિક બળને પણ જેણે સંપાદન કર્યું નથી હોતું, તેને ચીંતા એકદમ વધુ અસર કરે છે. માટે પ્રજામાં આધ્યાત્મિક બળનું શિક્ષણ હિંદમાં પ્રચારવામાં આવતું રહ્યું છે. તેથી દવાખાના બહુ ન હોતા.

આ સ્થિતિમાં બહુ તો પૈસા—બેપૈસાની દવાથી જે દેશમાં રોગો મટતા હતા, તે જ દેશમાં રોજના ચાર છ આના ચાર્જ તો ચાલુ જ હોય છે, સ્પેશ્યલ ચાર્જ જુદા, એક્ષરે'ના ફોટા, અને લોહી, પેસાબ, ગળફા વિગેરેની તપાસણીના ચાર્જ જુદા, સલાહના જુદા, ઇન્જેક્ષનના જુદા, ઓપ-

છે, અને નવી શક્તિ તુરત ભરી દે છે. પરંતુ તે શક્તિ ઓસરતાં ભ્હેંચાયેલા રોગો જુદાજુદા રોગરૂપે કે એક સામટા મોટા રોગરૂપે કોઇને કોઇ વખતે બહાર આવે જ છે. પરંતુ નવા રોગો ન થાય, તેને માટે કાળજી રાખી યુક્ત આહાર-વિહારની યોજના કરવામાં આવે, અને જુના રોગ સહન કરવામાં આવે, તો આપોઆપ વિપાક-ફળ-અસર-બતાવીને રોગ મટી જાય છે. અને એ રોગ નવા રોગનું કારણ બનતો નથી.

પરંતુ, આવી રીતો સામાન્ય જનસમાજની સમજમાં તો નથી, તેમજ તેની સમજમાં એ વાત એકાએક ઉતરે તેવી પણ નથી. કોઇ તેમને સમજાવતુંયે નથી. તેમજ, આ વાતો ઉપર લોકોને એકાએક શ્રદ્ધા બેસતીયે નથી. યુક્ત આહારવિહારનું જ્ઞાન ન હોવાથી લોકો જાતે ઉપાય લઇ શકતા નથી. [વળી આજકાલના વૈદ્ય, ડૉકટરો પોતાના મોટા ખર્ચને પહોંચી વળવા માટે ઔષધોપચારની વિપુલતા ઉપર તેઓના ધંધાના વકરાના ક્ષેત્ર ગોઠવાયેલા છે. એટલે તેઓ યોગ્ય માવજતની તો વાત જ લગભગ કરતા નથી. મોં ભારમાં રાખીને માત્ર કહે છે, કે-"દવા લો, મટી જશે." એટલું જ કહીને મુગે મોઢે દવાઓ લખી આપે છે. અને બીલ ઉપર બિલ ચડાવ્યે જાય છે. વળી ડીગ્રી આપનાર પરદેશી કેળવણીકારોનો પણ તેમાં યુરોપના કારખાનાઓની દવાઓના વકરાના મોટા ક્ષેત્ર ઉઘાડવાનો સ્વાર્થ જોવામાં આવે છે. દર વર્ષે ખાનગી કે ધર્માદાને નામે ચાલતાં અને ચલાવવામાં આવતાં લાખો દવાખાનાઓમાં લાખો, કરોડો રૂપિયાની દવાઓના વકરા ચાલુ થાય છે. એટલે એક ડૉકટર તે ધંધામાં હોંશીયાર હોય કે ન હોય, પરંતુ એક ડૉકટર તૈયાર થાય, એટલે દર વર્ષે બે પાંચ હજારની દવા ખપાવનાર વિદેશના એક એજંટની શરૂઆત થઇ સમજવી જ જોઇએ. પછી તેને સારો પગાર અપાવી પ્રતિષ્ઠિત કરવામાં હરકત ગણાય જ શી ? કેમકે-એ સારો પગાર તો એજન્સીનો બદલો છે. દેશી રાજાઓના તથા સરકારી દવાખાનાઓ, ખાનગી સખાવતી દવાખાનાઓ, અને ખાનગી પ્રેક્ટીશનરોના દવાખાનાઓ મારફત કરોડો રૂપિયાનો પ્રચાર

ડૉક્ટરોની પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને સારી રીતે રળી ખાય છે. એટલે એ પ્રતિષ્ઠિત! પણ ધુંટમાં ઉપયોગ કરવા માટેનું માત્ર જાહેરાત તરીકેનું અંગ બની રહે છે. વળી આજનો ડૉ૦ વર્ગ પ્રજાના ખાનપાનના નિયમો તથા રહેણીના નિયમોમાં પરિવર્તન કરાવી રહ્યો છે. અભક્ષ્યો તરફની સૂગ ઉડાડવામાં અને સંતતિ નિયમન વિગેરેના પ્રચારમાં ઉપયોગી થઇ રહ્યો છે. પ્રજા ઘણે આડે રસ્તે દોરવાઇ ગઇ છે. અને તેનું આરોગ્ય જોખમમાં મૂકાઇ રહ્યું છે. લોકોને ઘણા તો બીવરાવી માર્યા છે. "શરદી લાગશે, ગરમી લાગશે, સેપ્ટીક થશે, ક્ષય થશે" એવી અને બીજી વાતો પ્રચલિત કરીને દરદીઓની ધીરજ અને મક્કમતા ડગાવી નાંખે છે. વાત વાતમાં દવા લેતા કરી નાંખ્યા છે. આપણી પ્રજા બનતા સુધી દવા લેવા બહુ ટેવાયેલી ન હોતી. તેને બદલે હવે ગામડાની પ્રજાને પણ દવા લેવાનો શોખ લગાડવાના પ્રયાસો મોટાપાયા ઉપર ગતિમાન્ થાય છે.

આ સ્થિતિમાં આજના—વૈદ્ય-ડૉક્ટરો શી રીતે આરોગ્ય અને યોગ્ય ખાનપાનનો ઉપદેશ આપે ? એવી નવરાશ જ તે બિચારાઓને ક્યાં છે ! કેટલાક તો માબાપના હજારો બગાડીને ડીગ્રી ધારી થયા હોય છે. તે સ્થિતિમાં કુટુંબીઓ સુદ્ધાં ભૂખ્યા વરુની માફક ધન ભેગું કરાવવાની લાલસાથી યેનકેન પ્રકારે દર્દીઓ ઉપર તુટી પડવાની જરૂરીઆતની તરફેણમાં હોય છે. તેમ છતાંયે ધન થાય, તો તેનાથી સંતોષ વળતો નથી પરંતુ બંગલા, મોટર. ફરનીચરથી ખર્ચાળ જીવન વધુને વધુ તેઓને ધન આકર્ષણ માટે લલચાવે છે. કેટલાક સટ્ટે પણ ચડતા હોય તેવું સાંભળ્યું છે. એટલે સારો હોંશીયાર ડૉક્ટર થાય, કે તે સારો ધનવાન થાય, તો પણ જન સમાજને તેનો લાભ ન જ મળે, એ સ્વભાવિક છે. પરંતુ, ઉલટો ત્રાસ વધે છે. સારાંશ કે,—જે આરોગ્યશાસ્ત્ર કે જનસમાજના કલ્યાણ માટે ઉત્પન્ન થયું છે, તે આજે પરિણામે આ રીતે સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં શાપ સમાન થઇ પડવા સંભવિત થયું છે.

રાજાઓ, શેઠીઆઓ, અમલદારો, વિગેરે મોટા માણસોના નાના

સીજન આપવાના જુદા, આવા આવા ડૉ૦ને દાન-દક્ષિણાના અવનવા પ્રકારો મારફત ધનનો એટલો બધો પ્રવાહ વ્હે છે, કે-એટલું ધન જવાથી જ અલ્પ રોગી માણસ વધુ રોગી થઇ જાય. ધર્માદા દવાખાનાઓને પણ પરદેશી કારખાનાવાળા સસ્તી કિંમતે દવાઓ આપતા નથી. તેમના તો સૌને માટે એક જ ભાવો હોય છે. ખરી રીતે, ધર્માદા દવાખાના નામ માત્ર હોય છે. શરૂઆતમાં તે મારફત વકરાના ક્ષેત્રો ઉઘાડવામાં આવ્યા હતા. અને ધર્માદા દવાખાનામાં પણ ગરીબો ઉપર તો ધ્યાન એવું નામનું જ અપાય છે. બાકી તો મોઢું જોઇને ટીલું થાય છે. સંપન્ન અને કાંઇક ખર્ચી શકે તેવાઓને જુદા તારવી લેવામાં આવે છે. તેમને સ્પેશ્યલ દવાઓ પોતાની તરફથી અપાઇને બીલો શરૂ થાય છે. ધર્માદા દવાખાના ન હોય, તો દરદીની મોટી સંખ્યા ચિકિત્સકની વીઝીટ લેવા શી રીતે આવે ? અને તેમાંથી ખર્ચ કરી શકે તેવી સારી સંખ્યા શોધી કાઢવાનું શી રીતે બની શકે ? તેવા વર્ગ વિના સ્પેશ્યલ દવાઓ કીંમતથી શી રીતે ખપી શકે ? માટે શરૂઆતમાં સખાવતી દવાખાના શરૂ કરાવવામાં આવ્યા હતા, તે પરોપકાર બુદ્ધિથી નહીં, પરંતુ ધંધાની ખુબીની દૃષ્ટિથી શરૂ કરાવવામાં આવેલા હતા, એમ જણાય છે. જેમ વગર ફીને બદલે મોટી ફીથી હવે ભોગવવું પડે છે. તેમ આજે દવા પાછળ ખુબ ખર્ચ થાય છે.

આ રીતે પ્રજા ઉપર અબજોનો બોજો અને હેલ્થ ઓફીસો નભાવવા છતાં પ્રજાનું આરોગ્ય બગડતું જાય છે. કેટલાક દયાળુ ડૉક્ટરો તો તેવી પણ દર્દીને સલાહ આપે છે, કે-"જીવતો નર ભદ્રા પામે, જીવશો તો ફરી લક્ષ્મી મેળવી શકશો. માટે દરદાગીના વેચીને પણ દવા કરાવો અને અમારા બિલો ભરો." દેખીતી રીતે વાત સીધી છે. પરંતુ તેનું મુખ્ય તાત્પર્ય પોતાના બીલો ચૂકવવામાં ખાંગી ન લાવવાના ઉપદેશરૂપ છે. વૈદ્ય-ડૉ૦માં કેટલાક સારા માણસોયે હોય છે. પરંતુ તેનો ઉપયોગ તેવા સારાઓની પ્રતિષ્ઠા ઉપર બીજાઓને તડાકો પડવામાં થાય છે. જનસમાજ ઉપર વરૂની માફક તુટી પડનારાઓ, એ પ્રતિષ્ઠિત

અયોગ્ય જીવન ચર્યા, શહેરી જીવન, અવળે રસ્તે દોરવનારા મોજ શોખના સાધનો, ધનનો એક તરફ ધટાડો, અને એક તરફ કૃત્રિમવૃદ્ધિ, વિગેરે રોગના કારણો રોજ.રોજ દેશમાં અને પ્રજામાં વધ્યેજ જાય છે. એ ગણત્રીથી જ નવા ડોકટરોની જરૂર પડે છે. અને ઉપર જણાવેલા પ્રજાના જીવનમાં પડતા કાયમી અને કાતિલ ઘા ઉપર કૃત્રિમ પાટાપિંડી કરવાની તે ચેષ્ટા કરે છે. તેમતેમ દુઃખી પ્રજાના દુઃખમાં વધારો થયે જાય છે, અને રોગો વળી વધતા જ જાય છે. આ ભીંતરની સ્થિતિની તુલના કરવામાં આવે તો, એક નવા ડૉકટરની ખુશાલીની સભા ન ભરતાં દીલગીરીનીજ સભા લોકો ભરે, પરંતુ છેલ્લા દશકાઓમાં કેટલીક એવીયે ઘણી કુરૂઢિઓ નવી ચાલેલી છે, તેમાંની આ પણ એક કુરૂઢિ છે. કોઈને આ વાતનો વિચાર પણ આવતો નથી, ગાડરીઆ પ્રવાહમાં સૌ તણાયે જાય છે. [કેળવાયેલા ગણાતાઓ તો ખાસ તણાતા જાય છે. સત્ય સમજવાની તેઓને તો જાણે કાંઈ પડી જ નથી.]

આપણી-પ્રજાનું સ્વાભાવિક રીતેજ આરોગ્ય અને દીર્ઘાયુષ્ય જળવાઈ રહે, તેવીજ આપણા જીવનની રચના આપણા પૂર્વ પુરુષોએ ગોઠવી છે. આપણા માટીના ઘરો, ખાનપાન, સામાજિક રીવાજો, ગામડાના અને શહેરી જીવનો, ધાર્મિક નિયમો, રાજ્ય વ્યવસ્થા, ધંધાની અને કામની વ્હેંચણી, વિગેરેની એવી સુંદર ગોઠવણ ગોઠવાયેલી છે, કે વગર ખર્ચે અને વગર મહેનતે પ્રજાનું આરોગ્ય જળવાયે જાય.

તેને બદલે છેલ્લા સો વર્ષમાં—આરોગ્ય ખાતર દર વર્ષે અબ રૂપિયાનો ખર્ચ થાય, તેની વિશાળ યોજનાઓ, અને સગવડો દર ઉભી કરવામાં આવી છે. અને દર વર્ષે તેમાં વધારો થયેજ જાય છે. સરકારી દવાખાના, દેશી રાજ્યોમાંના દવાખાના, સરકારી હેલ્થ ઓફીસરો, સુવાવડખાના, ખાનગી ગૃહસ્થો તરફથી ચાલતા ધર્માદા દવાખાના, ખાનગી ધંધાર્થી ડૉક્ટરો, વૈદ્યો, દાયણો, મીડવાઈફો, મેડીકલ કોલેજો, દરિયાપાર જઈને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ફેમેલી ડૉક્ટરો મારફત દરેક કુટુંબોમાં

રોગોને મોટું સ્વરૂપ અપાય છે. તેમતેમ સામાન્ય પ્રજા પણ એવા ચાળા શીખે છે, અને દવાઓ, ઈંજેક્ષનો તથા આવી જાતના સાધનોના વકરાનાં નવા નવા દ્વાર ખુલતા જાય છે. આજે-"તબીયત નરમ છે. દવા ચાલે છે." એમ કહેવામાં કેમ જાણ્યે જનસમાજ વડાઇ માનતો થયો હોય, એ જાતનો એક શોખ પણ જામતો જાય છે, અથવા તેમાં પોરસ ચડતો હોય તેવો ભાસ થાય છે. એ પણ એક જાતની ફેશન-સભ્યતા-થઇ પડી જણાય છે. પ્રજાનું આવા પ્રકારનું માનસ યુક્તિ પૂર્વક ઘડવું એ પણ એક જાતના આ જમાનાના વિદેશી ધંધાની ધંધાદારી કુનેહ છે શિવાય, તેમાં બીજું કાંઇપણ તત્ત્વ જોવામાં આવતું નથી.

જે શહેરમાં બે ચાર વૈદ્ય કે ડૉકટરનું માંડમાંડ પોષણ થતું હતું, તેજ શહેરમાં આજે સેંકડોની સંખ્યામાં વૈદ્ય : ડૉકટરોનો ધંધો મજેથી ચાલે છે. તે જેમ કદાચ આનંદનો વિષય હશે. તેજ પ્રમાણે એટલા બધા ચિકિત્સકોને રોટલા અને એશઆરામ મળી શકે છે. તેવા રોગો અને તેટલા રોગીઓની સંખ્યાનું તે શહેરમાં અસ્તિત્વ હોવું, એ પણ પ્રજાનું અને દેશનું કમભાગ્ય અને દુઃખનો વિષય પણ બીજીરીતે કેમ ન ગણાય! સારાશકે-એક નવા ડૉકટર થાય, તેની ખુશાલીના મેળાવડામાં જઇને હર્ષની તાળીઓ પાડવી જોઇએ? કે-પોક મૂકીને રોવું જોઇએ? બેમાંથી શું વ્યાજબી છે? શું કરવું સત્યની વધુ નજીક છે? તે આજે વિચારકોની સામે એક કોયડા રૂપ પ્રશ્ન છે.

અમારી સમજ પ્રમાણે પોક મૂકીને રોવું જોઇએ, કેમકે-એક દેશીભાઇને ડૉકટર તરીકેનો પણ સારી આવક વાળો ધંધો મળે છે. એટલા વ્યકિતગત લાભથી કદાચ ખુશી થવા જેવું માનીયે, પરંતુ દરવર્ષે હજારો રૂપીઆ પરદેશ ધકેલાય છે. અને બીજાઓ ઉપરાંત આ એક ડૉકટરનું સારી રીતે પોષણ થાય, તેટલા દર્દી દેશમાં હોવાનું કે વધવાનું અર્થિતરીતે આપણે ઇચ્છયું હોવું જોઇએ, અને બરાબર છે, કે-આજની આરોગ્ય નાશક સ્વદેશી કદેશી, ગરીબી, ચિંતા, અનારોગ્યકર ખાનપાન

હિંદના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટનને હાથે જ. ડી. લીટ.ની પદવી એનાયત કરવામાં આવી હતી. કહો, હવે આયુર્વેદના ઉદ્ધારની સાચી આશા ક્યાંથી રહે છે? આયુર્વેદના ઉદ્ધાર માટે વૈદ્યોએ કુમારીજીને માટે ખર્ચ કરીને ખાણાનો મેળાવડો ગોઠવ્યો, તેમાં પહેલી શરત જ એક એ મૂકી કે "આયુર્વેદના સંબંધમાં વાત ન કાઢવી" વૈદ્યો બિચારાં ચુપ રહ્યા ને ખર્ચ કર્યો, પછી પ્રસંગ મળતાં એજ વખતે આયુર્વેદ અને દેશી વૈદ્યોની તેમણે જ કડક શબ્દોમાં ઝાટકણી કાઢી નાંખી. વૈદ્યો હતાશ થઇ ગયા. લાઇસન્સ પદ્ધતિ, ગામડાઓમાં દેશી વૈદ્યોને મોકલવાની યોજના, મારફત આયુર્વેદના બાર વાગી ચૂકે તેવી પરિસ્થિતિ સર્જાય છે. આયુર્વેદનો પ્રશ્ન સમગ્ર-આર્ય પ્રજાનો છતાં, તેનો દેશી વૈદ્યોનો બનાવી દેવામાં આવતો જાય છે. અને વૈદ્યો આયુર્વેદના ઉદ્ધારને નામે પોતાના ધંધાની જાળવણીમાં ફસાઇને આયુર્વેદને એલોપથીની જેલમાં નિરાધાર છોડતા થાય છે. સરકારનો આડકતરો ટેકો છે. કેમકે-આયુર્વેદને ભવિષ્યને માટે વિદેશી સાઇન્સમાં સમાવવા જે યોજનાઓ ગતિમાન બની છે. તે માટે આયુર્વેદને ટેકો અપાય છે, તે ઉપર ઉપરથી. ઉપર જણાવેલી સરકારી યોજનાઓને વેગ આપવા પ્રાથમિક પંપાળાવટ માત્ર છે.

એજ વૈદ્યક ગ્રંથમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે, કે-"માણસો યુક્ત આહાર વિહાર રાખે, છતાં પણ કેટલાક ચેપી રોગો પ્રજાના મોટા ભાગને નુકશાન કરે છે, તેનું કેમ?"

ત્યારે ત્યાં જવાબ આપવામાં આવ્યો છે, કે-"તેમ છતાં કેટલાક સામુદાયિક એવા પાપો અને ભૂલો થાય છે, કે- તેના સરવાળા રૂપ ભયંકર રોગો ફેલાય છે. છતાં, જેઓ ધાર્મિક અને યુક્ત આહાર વિહાર રાખનારાઓ હોય છે, તેમને તેની અસર થતી નથી, તેવાઓ બચી જાય છે. નહીંતર તો, તમામનો નાશ થઇ જવો જોઇએ. પરંતુ, તમામ માણસો નાશ પામતા નથી. પરંતુ કેટલાકનો જ નાશ થાય છે. કારણ કે-જન સમાજનું પાપ એટલું જ હોય છે, ને નબળાઓને અસર કરે છે.

ભાગીદારો તેવા રોગીઓજ થાય છે. ઋષિ નહી." અને બીજું-" જે વિષયનું શાસ્ત્ર રચવામાં આવે, તેની દષ્ટિથી તેની મર્યાદામાં આવતા પદાર્થોના ગુણ કે દોષનો વિચાર કરવાનું ગ્રંથકારને અનિવાર્ય થઇ પડે છે. [જેમ યોગ શાસ્ત્રકારને પરકાય પ્રવેશઃ પ્રાણાયામઃ વિગેરેનો વિચાર આપવો, પડે છે, સાહિત્ય શાસ્ત્રકારને શૃંગારરસનું વર્ણન કરવું પડે છે. તેમ વૈદક શાસ્ત્રના ગ્રંથકારને એવા પ્રયોગો વિષયના અર્થ્યાર્થે આપવા પડે છે. પરંતુ તેમાંથી સારભાગજ લેવો જોઇએ. અસાર ભાગ છોડીદેવો જોઇએ." કહ્યું છે, કે-"મારે શાસ્ત્ર રચના ખાતર દરેક વિષયોનું વર્ણન કરવું પડે છે. તેટલા ઉપરથી અયોગ્ય પ્રયોગો કોઇએ કરવાના નથી. જેમા-વૈદક શાસ્ત્રમાં કુતરાના માંસના ગુણ કે દોષોનું વિવેચન કરવામાં આવ્યું હોય છે, તેટલા ઉપરથી તે ભક્ષ્ય કરતું નથી."]

સારાંશકે-"અહિંસાઃ સત્યઃ વિગેરે પ્રજાજીવનના અને આરોગ્યના રાજમાર્ગો છે. તે વાત વૈદક શાસ્ત્રકાર ઋષિને પણ સમ્મત છે" "પ્રજાએ પોતાનું જીવન રાજમાર્ગે ચલાવવું જોઇએ, અને તેવો રાજમાર્ગ ધર્મશાસ્ત્ર અને મોક્ષશાસ્ત્ર બતાવે છે. તેથી વિચલિત ન થવું જોઇએ."

આવા વિધાનો એકરીતે કંઇક ઠીક છે. એમ માનીયે; પરંતુ જૈન આગમોના ચૌદ પૂર્વોમાં-ચિકિત્સાપ્રાભૃતનો ભાગ અવશ્ય હતો જ તેમાં સ્વરૂપ વર્ણન તરીકે દરેક વસ્તુનું વર્ણન અવશ્ય હોય જ. પરંતુ, તેમનો કેટલો ભાગ જનસમાજમાં બહાર મૂકવો ? અને કેટલો ભાગ ગુરુગમમાં રાખવો ? આ પૃથકકરણ એક ગીતાર્થ જૈનચાર્ય જે રીતે કરે, તેના કરતાં એક વૈદિક ઋષિ વૈદક ગ્રંથમાં કાંઇક જુદી રીતે કરે, એ સ્વાભાવિક છે.*

*-એક શ્રીદિગમ્બર જૈનાચાર્યે કલ્યાણકર નામનો વૈદક ગ્રંથ એવો લખ્યો છે, કે જેમાં-મદ્ય, માંસ, મધ, અને માખણ, એ મહાવિગઇઓનો વપરાશ ન જ આવે, તેવા સર્વરોગોના આબાદ ઉપચારો બતાવ્યા છે. અને કોઇ રાજ્ય સભામાં વિદ્વાન વૈદ્યો સાથે ચર્ચા કરીને એ વાત સાબિત કરી છે. એ ગ્રંથ છપાઇ ગયો છે. તેમાં એ વાદવિવાદ પણ આપવામાં આવ્યો છે.

આજના ક્ષયંકર રોગો—પ્લેગ, મેનીન જાઈટીઝ, ઇન્ફલુએન્ઝા વિગેરે આજના નવા પાપના પરિણામ રૂપ જણાય છે. લાખો ડૉક્ટરોનું આજે આ દેશમાં પોષણ થઇ શકે. તેટલી રોગીઓની સંખ્યા પણ એવાજ કોઇ પાપનો પૂરાવો જણાય છે. જુદી જુદી રીતે પરદેશીઓએ ભારતને મોટા પ્રમાણમાં પોતાના માલના વકરાનું ક્ષેત્ર બનાવ્યું છે. તે પણ કોઇ પાપનું જ પરિણામ હશે જ?

વૈદ્યક શાસ્ત્ર પણ ધર્મશાસ્ત્રનું તાબેદાર શાસ્ત્ર છે. કેમકે- ધર્મ શાસ્ત્ર પ્રજાનું સાર્વત્રિક રક્ષક શાસ્ત્ર છે. ધર્મશાસ્ત્રની આજ્ઞા બહાર વર્તનારા પ્રાણીયોનાયે દુઃખો ટાળવા માટે ધર્મશાસ્ત્રોએ જ કરુણાથી આવા વૈદ્યકાદિ શાસ્ત્રોને પણ પ્રમાણ ભૂત ગણીને ચાલવા દીધાં છે. એટલે વૈદ્યક શાસ્ત્રને પણ ધર્મ શાસ્ત્રની મર્યાદા અને આજ્ઞામાં જ રહેવુ પડે છે. તેથી ધર્મ શાસ્ત્ર જેમ માનસિક અને આધ્યાત્મિક રોગો મટાડનાર છે. તેજ પ્રમાણે વૈદ્યક શાસ્ત્રોના પણ પ્રબળ ઔષધો તો તેજ છે. તેની અજમાયેશ ન કરી શકનાર માટે બીજા નંબરના વનસ્પત્યાદિકના ઔષધોના ઉપચારો બતાવવા પડે છે. એટલે વૈદ્યક શાસ્ત્રનુ પણ ધ્યેય તો અહિંસાઃ સંયમઃ અને તપઃ જ હોય છે. એટલે વૈદ્યક શાસ્ત્ર—ધર્મઃ અર્થ કામઃ અને એ સર્વના ધ્યેયરૂપ મોક્ષઃના મૂળ તરીકે ઉત્તમ આરોગ્યને ગણાવે છે. જેથી કરીને વૈદ્યક શાસ્ત્ર પણ મોક્ષ માર્ગથી વિરોધી હોય, તેવા આરોગ્યના ઉપાયો ગણાવી શકેજ નહીં. કેમકે—તેનુ પણ લક્ષ્ય પરંપરા એ તો મોક્ષ જ હોય છે.

અહીં કેટલાક પ્રશ્ન કરે છે, કે—"વૈદ્યક શાસ્ત્રમાં હિંસાજન્ય ઘણા ઔષધો બતાવ્યા છે, તેમાં અહિંસાને સ્થાન છે, એમ કહીજ કેમ શકાય?"

તેનો જવાબ—ચરકના ટીકાકાર ચક્રદત્તજીએ આપેલો છે. તેનો ભાવ આપણે વિચારી લઈ, તે લખે છે, કે—"ઋષિનો અભિપ્રાય માંસાહાર અ હિંસામાં નથી, પરંતુ જે પ્રજાઓ માંસાહારી છે. અને કાયમ માંસાહારનું સેવન કરે છે. બીજા પદાર્થોનો જોઇએ તેવો જેને પરિચય નથી, તેઓ પણ માંદા તો પડે જ. તેમને પણ ઋષિએ ઔષધ તો બતાવવું જ પડે. એટલે તેવાઓને માટે તેવા ઔષધો બતાવેલા છે. તેના પાપના

આરોગ્યની મહત્તા અને રોગની ભયંકરતા:—

धर्मा-ऽर्थ-काम-मोक्षाणामारोग्यं मूलमुत्तमम् ।
रोगास्तस्याऽपहर्तारः श्रेयसो जीवितस्य च ॥ च० १-१-१५-१६
प्रादुर्भूतो मनुष्याणामन्तरायो महानयम् । च० १-१-१६

અર્થ—"ધર્મ: અર્થ: કામ: અને મોક્ષ: નું મૂળ ઉત્તમ આરોગ્ય છે. રોગો આરોગ્યનો: આયુષ્યનો: શાંતિનો: અને જીવનનો: નાશ કરનારા છે. મનુષ્યોના જીવનમાં આ મોટામાં મોટું રોગ રૂપી—અનારોગ્ય રૂપી—વિઘ્ન ઉભું થયેલું છે."

માપસર આહાર ખાવાના ફાયદા:—

मात्रावद् ह्यऽशनमऽशितमऽनुपहत्य प्रकृतिं बल-वर्णम् ।
सुखा-ऽऽयुषा योजयत्युपयोक्तारमऽवश्यमिति ॥ च० १-५-९

અર્થ-"માત્રા-યોગ્ય માપ-પ્રમાણે ખાધેલો ખોરાક, પ્રકૃતિને બગાડ્યા વિના ઉપયોગ કરનારને બળ: અને કાંતિ:ને. હાનિ પહોંચાડ્યા વિના સુખ: અને આયુષ: સાથે અવશ્ય જોડે છે."

રોગ અને આરોગ્યનું ખાસ કારણ:—

तमुवाच भगवानात्रेयः-हिताऽऽहारोपयोग एक एव पुरुष-वृद्धि-करो भवति, अ-हिता-ऽऽहारोपयोगः पुनर्व्याधि-निमित्तः-इति ॥ च० १-२५-३१ ॥

અર્થ-"ભગવાન આત્રેયે તેને કહ્યું:-"હિતકારક આહારનો ઉપયોગ એ જ એક પુરુષની (શરીરની) વૃદ્ધિ કરનારો થાય છે, અહિતકારક આહારનો ઉપયોગ જ વ્યાધિઓનું કારણ થાય છે."

હિતકારક અને અહિતકારક ખોરાકની અસર:—

तमुवाच भगवानात्रेयः-यदाऽऽहार-जातमग्निवेश ! समांश्चैव शरीर-

અહિંસા: સંયમ: અને તપઃ આરોગ્યના મૂળ કારણો છતાં-અને તે ધર્મશાસ્ત્ર: તથા વૈદ્યશાસ્ત્ર: એમ બન્નેયને માન્ય છતાં, તેના ઉપર જેટલા જોરથી એક જૈનાચાર્ય ભાર આપે, તેટલા જોરથી કદાચ એક વૈદિક ધર્માનુયાયિ ઋષિ-વૈદ્ય ન આપે, એ સ્વભાવિક છે. કેમકે-બન્નેયના અનુભવ અને મનોદશાંમાંયે ફરક હોય છે.

જૈનમુનિ અહિંસા: સંયમ: અને તપ: ઉપર જેટલો ભાર આપે, તેના તત્ત્વો જેટલા જોરથી બ્હાર લાવે, કદાચ વૈદિક લેખક તેટલો ભાર ન આપે, અને તેટલા જોરથી એ તત્ત્વો બહાર ન લાવે, એ સ્વાભાવિક છે.

તેમ છતાં, ચરક સંસ્કારિત આગ્નવેશ સંહિતામાં અત્રિ ઋષિના પુત્ર પુનર્વસુએ પોતે વૈદિક દર્શનના અનુયાયિ છતાં પોતાના વૈદ્યકના ગ્રન્થમાં જરૂરી ભાર મૂકયો છે. અને સ્પષ્ટીકરણ પણ ઠીક કર્યું છે.*

આ આખા પ્રકરણનો સાર એકજ છે, કે-આરોગ્ય દૃષ્ટિથી યોગ્ય આહારને મુખ્ય અને મહત્ત્વનું સ્થાન છે. અને તેની પણ યોગ્યતાનો આધાર અહિંસા: સંયમ: અને તપઃ ઉપરજ છે. એમ વૈદ્યકશાસ્ત્ર અને તેના પ્રણેતાઓના અભિપ્રાયથી પણ સાબિત કરવામાં આવેલ છે.

૧૩ આધ્યાત્મિક વિકાસ ઉપર આરોગ્યના આધારને પોષક વૈદ્યક શાસ્ત્રના પ્રમાણો:-

આ સ્થળે, ચરક મુનિ-સંસ્કૃત-અગ્નિવેશ સંહિતા નામના પ્રાચીનમાં પ્રાચીન મળતા પ્રમાણ ભૂત ગ્રંથમાંથી કેટલાક ઉપયોગી અવતરણો ભાષાંતર સાથે આપવામાં આવે છે:-

---

* આ ગ્રન્થમાં-આત્મા: કર્મ: પૂર્વભવ: પુનર્જન્મ, શરીરની ઉત્પત્તિનો ક્રમ: પર્યાપ્તિઓ: અનેકાન્ત: આધ્યાત્મિક સામાન્ય જીવનચર્યા: વિગેરે જૈન [illegible] મળતી ઘણી સમજવા જેવી વાતો જોવામાં આવે છે.

ડૉક્ટરોની પ્રતિષ્ઠાનો ઉપયોગ કરીને સારી રીતે રળી ખાય છે. એટલે એ પ્રતિષ્ઠિતો પણ લુંટમાં ઉપયોગ કરવા માટેનું માત્ર જાહેરાત તરીકેનું અંગ બની રહે છે. વળી આજનો ડૉ૦ વર્ગ પ્રજાના ખાનપાનના નિયમો તથા રહેણીના નિયમોમાં પરિવર્તન કરાવી રહ્યો છે. અભક્ષ્યો તરફની સુગ ઉડાડવામાં અને સંતતિ નિયમન વિગેરેના પ્રચારમાં ઉપયોગી થઇ રહ્યો છે. પ્રજા ઘણે આડે રસ્તે દોરવાઇ ગઈ છે. અને તેનું આરોગ્ય જોખમમાં મૂકાઇ રહ્યું છે. લોકોને ઘણા તો બીવરાવી માર્યા છે. "શરદી લાગશે, ગરમી લાગશે, સેપ્ટીક થશે, ક્ષય થશે" એવી અને બીજી વાતો પ્રચલિત કરીને દરદીઓની ધીરજ અને મક્કમતા ડગાવી નાંખે છે. વાત વાતમાં દવા લેતા કરી નાંખ્યા છે. આપણી પ્રજા બનતા સુધી દવા લેવા બહુ ટેવાયેલી ન હોતી. તેને બદલે હવે ગામડાની પ્રજાને પણ દવા લેવાનો શોખ લગાડવાના પ્રયાસો મોટાપાયા ઉપર ગતિમાન્ થાય છે.

આ સ્થિતિમાં આજના-વૈદ્ય-ડૉક્ટરો શી રીતે આરોગ્ય અને યોગ્ય ખાનપાનનો ઉપદેશ આપે ? એવી નવરાશ જ તે બિચારાઓને ક્યાં છે ! કેટલાક તો માબાપના હજારો બગાડીને ડીગ્રી ધારી થયા હોય છે. તે સ્થિતિમાં કુટુંબિઓ સુદ્ધાં ભૂખ્યા વરુની માફક ધન ભેગું કરાવવાની લાલસાથી યેનકેન પ્રકારે દર્દીઓ ઉપર તુટી પડવાની જરૂરીઆતની તરફેણમાં હોય છે. તેમ છતાંયે ધન થાય, તો તેનાથી સંતોષ વળતો નથી. પરંતુ બંગલા, મોટર, ફરનીચરથી ખર્ચાળ જીવન વધુને વધુ તેઓને ધનના આકર્ષણ માટે લલચાવે છે. કેટલાક સટ્ટે પણ ચડતા હોય તેવું સાંભળ્યું છે. એટલે સારો હોંશીયાર ડૉક્ટર થાય, કે તે સારો ધનવાન થાય, તો પણ જન સમાજને તેનો લાભ ન જ મળે, એ સ્વભાવિક છે. પરંતુ, ઉલટો ત્રાસ વધે છે. સારાંશ કે,-જે આરોગ્યશાસ્ત્ર કે જનસમાજના કલ્યાણ માટે ઉત્પન્ન થયું છે, તે આજે પરિણામે આ રીતે સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં શ્રાપ સમાન થઇ પડવા સંભવિત થયું છે.

રાજાઓ, શેઠીઆઓ, અમલદારો, વિગેરે મોટા માણસોના નાના

માપસર ખાવાના ફાયદા:—

मात्रावदऽश्नीयात्; मात्रावद्धि भुक्तं वात्त-पीत-कफानपीडयदाऽऽयुरेव विवर्धयति केवलम्, सुखं-गुदमनुपर्येति, न चोष्माण मुपहन्ति, अव्यथं च परिपाकमेति, तस्मान्मात्रावदऽश्नीयात्
च० ३-१-२३.

અર્થ-:"માત્રાસર-માપસર જ ખાનપાન લેવું. માપસર ખાવાથી વાયુઃ પિત્તઃ કફઃ ની પીડા જગાડ્યા વિનાજ આયુષ્ય વધે છે. ઝાડો સહેલાઇથી અને સાફ આવે છે. જઠરાગ્નિ મંદ પડતી નથી. ક્યાયે ગડબડાટ-[ત્રાસ] થયાવિના-બધુંયે પચે છે. કોઇરીતે અપચો થતો નથી માટે માપસર જ ખોરાક લેવો."

બહુ ધીમે ધીમે ખાવાથી નુકશાન:—

नाति-विलम्बितमऽश्नीयात्-अति-विलम्बितं हि भुञ्जानो न तृप्तिमऽधिगच्छति, बहु भुङ्क्ते, शीतीभवत्याहार-जातम्, विषमं च पच्यते; तस्मान्नाऽति-विलम्बितमश्नीयात् ॥ च० ३-१-२३

અર્થ-બહુ ધીમે ધીમે પણ ન ખાવું જોઇએ. બહુ ધીમે ખાવાથી સંતોષ થતો નથી. અને ઘણું ખવાઇ જાય છે. તેમજ, આહાર ઠરીને ઠંડો થઇ જાય છે. અને ખોટી રીતે પચે છે. માટે બહુ ધીમે ધીમે ખાવાની ટેવ ન રાખવી. [એજ પ્રમાણે બહુ ઉતાવળથી ખાવાથી-સીધે રસ્તે ખોરાક જતો નથી, પીડા કરે છે. છાતીમાં ડુમો ભરાય છે. વાળ વિગેરે ખોરાકમાં કદાચ ભેગા ખવાઇ જાય, સ્વાદની ખબર ન પડે, માટે બહુ જલ્દી પણ ન ખાવું,]

મોન રહીને જમવાના ફાયદા:—

न-जल्पन्न-ऽ-हसन् तन्मना भुञ्जीत। जल्पतो हसतोऽन्य-मनसो वा भुञ्जानस्य त एव हि दोषा भवन्ति, य एवाऽतिद्रुतमऽश्नतः तस्माद्ऽ-जल्पन्नऽ-हसंस्तन्मना भुञ्जीत ॥ च० ३-१-२ ५

જોઇએ. અને ઇંદ્રિયો ઉપર કાબુ રાખવો જોઇએ, [અર્થાત્ ૧ અકરાંતીયા ન થવું જોઇએ, ૨ વારંવાર ન ખાવું જોઇએ, ૩ જે આવ્યું, તે, ભચરડવા ન મંડવું જોઇએ, ૪ વખતસરજ ખાવું જોઇએ.] "

શું ખાવું ?—

एषां विशेषाः शुभा-ऽ-शुभ-फलाः परस्परोपकारका भवन्ति तान् बुभुत्सेत् । बुद्ध्वा च हितेप्सुरेव स्यात्, न च मोहात् प्रमादाद्वा प्रियम-ऽ-हितम-ऽ-सुखोदर्कमुपसेव्यमा ऽऽहार-जात-मन्यद् वा किञ्चित् ॥ च० १-११-३२

અર્થ—"શુભાશુભફલ આપનારી ખાનપાનની વિશેષતાઓ પરસ્પર કેવી રીતે ઉપકાર કરે છે ?" તે બધું પ્રથમ જાણવું જોઇએ. અને જાણ્યા પછી ફાયદા કારક વસ્તુનો સંગ્રહ કરવાની ઇચ્છા કરવી જોઇએ. મોહથી કે પ્રમાદથી મીઠાં પણ અહિતકારક: અને પરિણામે સુખનો નાશ કરનારા: ખાનપાન કે કોઇપણ વસ્તુનો ઉપયોગ ન જ કરવો જોઇએ"

કેમ જમવું ?:—

उष्णं स्निग्धं मात्रावज्जीर्णे वीर्या-ऽ-विरुद्धमिष्टेदेशे, इष्ट-सर्वोपकरणम नाऽतिद्रुतं नाऽतिविलम्बितम-ऽ-जल्पन्नऽहसंस्तन्मना भुञ्जीताऽऽत्मा नमऽभिसमीक्ष्य भुञ्जीत सम्यक् ॥च ३-१-३५

અર્થ—ઉનું: સ્નિગ્ધ: માપસર: પ્રથમ ખાધેલું પચ્યા પછી: પોતાની પાચનશક્તિને માફક: ઇષ્ટ દેશ–માં: ઇષ્ટ સર્વ ઉપકરણ પૂર્વક: બહુ ઉતાવળથી નહી, બહુ ધીમેથી પણ નહી, બોલ્યાવિના–મૌન રહીને: હસ્યાવિના: જમવાના તે કામમાં બરોબર મન પરોવીને: પોતાની જાતને સારીરીતે સંભાળીને: પોતાની પ્રકૃતિને માફક હોય: તેજ સારીરીતે જમવું." [તન્મના એટલે આસક્તિથી નહીં, પરંતુ તે કામમાં બરાબર મન પરોવીને, ભોજન વખતે ભોજનનું જ તે કામ બરાબર સંભાળપૂર્વક કરવું. એવો ભાવાર્થ જણાય છે. કેમ કે–મોહથી અને પ્રમાદથી ખાવાની ઉપર ના પાડી છે.]

[આરોગ્ય દૃષ્ટિથી પણ કષાયનો જય, અને તે જય કરવામાં મદદગાર આધ્યાત્મિક ગુણો–ક્ષમાઃ નમ્રતાઃ સરળતાઃ નિર્લોભતાઃ તપઃ સંયમઃ સત્ય. શૌચઃ અલ્પ જરૂરીયાતઃ બ્રહ્મચર્યઃ વિગેરે કેટલા જરૂરી છે ? તે ઉપર જણાવેલા અને નીચેના અવતરણો છે, તે ઉપરથી બરાબર સમજાશે.]

वायु-पित्तं कफश्चोक्तः शारीरो दोष-संग्रहः॥
मानसः पुनरुद्दिष्टो रजश्च तम एव च ॥ च० १-१-५७ ॥

અર્થઃ–"વાતઃ પિત્તઃ કફઃ માં શરીરના દોષોનો સમાવેશ થાય છે. અને રાજસઃ તામસઃ સ્વભાવ એ મનના રોગો છે."

प्रशाम्यत्यौषधैः पूर्वो दैव-युक्ति-व्यपाश्रयैः।
मानसो ज्ञान-विज्ञान-धैर्य-स्मृति-समाधिभिः॥ च० १-१-५८

અર્થઃ–દૈવ વ્યપાશ્રય અને યુક્તિ વ્યપાશ્રય–રૂપ ઔષધોથી શારીરિક રોગ મટે છે. અને જ્ઞાનઃ વિજ્ઞાનઃ ધીરજઃ સ્મૃતિઃ અને સમાધિઃ વડે મનના રોગ મટે છે."

સારા ધંધાની આરોગ્ય ઉપર અસરઃ–

वृत्त्युपायान्निषेवेत ये स्युर्धर्मा-ऽविरोधिनः।
शममऽध्ययनं चैव सुखमेव समऽश्नुते ॥ च० १-५-१०

અર્થઃ–ધર્મથી વિરુદ્ધ ન હોય, તેવા ધંધાના સાધનો મેળવવા જોઇએ, તેમ કરવાથી શાંતિઃ શાસ્ત્રાભ્યાસમાં સાનુકૂળતાઃ અને સુખઃ જ મળે છે."

ક્યા વેગો રોકવા જોઇએ ?–

इमांस्तु धारयेद्वेगान् हिता-ऽर्थीप्रेत्य चेह च ॥
साहसानामऽ-शस्तानां मनोवाक्काय-कर्मणाम् ॥ च० १-७-२६
लोभ-शोक-भय-क्रोध-मान-वेगान् विधारयेत् ॥
नैर्लज्ज्येर्ष्यातिरागाणामऽभिध्यायाश्च बुद्धिमान् ॥ च०. १-७-२७

ઉપચય-વૃદ્ધિ-નો ક્ષય થાય છે. સંતોષ થતો નથી. ઉદાવર્ત જાતના રોગો થાય છે. આયુષ્યને હાનિ પહોંચાડે છે. નિર્બળ અને નિસ્તેજ બનાવનાર થાય છે. શરીરઃ મનઃ બુદ્ધિઃ અને ઇંદ્રિયોને ઉપઘાત કરે છે, શારીરિક તત્ત્વોમાં અસારતા કરે છે, અલક્ષ્મીકર થાય છે. એંશી પ્રકારના વાયુના વિકારોનું ઘર બને છે. (૨) અતિમાત્રાએ આહાર કરવાથી "સર્વ દોષોનો પ્રકોપ કરનાર તે થાય છે," એમ કુશળ લોકો માને છે."

માપસર ખાવા છતાં પણ રોગ થવાના બીજા કારણોઃ-

न च खलु केवलमऽति-मात्रमेवाऽऽहार-राशिमाऽऽम-प्रदोष-कर-मिच्छन्ति, अपि तु खलु, गुरु-रूक्ष-शीत-शुष्क-द्विष्ट-विष्टम्भि-विदाह्य-ऽ-शुचि-विरुध्धानामऽ-काले चाऽन्न-पाना-मुपसेवनं, काम-क्रोध-लोभ-मोहेर्ष्या-ह्री-शोक-मनोद्वेग-भयोपतत-मनसा वा यदऽन्न-पानमुपभुज्यते, तदऽप्याऽऽममेव प्रकूपयति ॥ च० ६-२-८ ॥

અર્થ-"તે કુશળ પુરુષો માપથી વધારે લેવાતા ખોરાક નેજ ફક્ત આમનો પ્રકોપ કરનાર માને છે." એમ નથી.પરંતુ,"ભારે, લુખું, ઠંડું, સુકું, અણ ભાવતું, વિસ્તબ્ધ-કઠ્ઠ-થયેલુ, વિદાહિ થયેલુ, અપવિત્ર અને અકાળે, તથા વિરૂદ્ધ ખાનપાનનુ સેવન કરવાથી, અને કામ, ક્રોધ, મોહ, ઇર્ષ્યા, શરમ, શોક, અભિમાન, ઉદ્વેગ, ભય અને સંતાપ વાળા મનથી પણ જે-ખાન -પાન લેવામાં આવે, તે સર્વ પણ આમને ખરાબ કરી મૂકે છે." એમ કહે છે, [સર્વ દોષોને પ્રકોપાવી શરીરને રોગનુ ઘર બનાવે છે.]"

मात्रयाऽप्यऽभ्यवहृतं पथ्यं चाऽन्नं न जीर्यति । चिन्ता-शोक-भय-क्रोध-दुःख-शय्या-प्रजागरैः ॥ च० ३-२-९

અર્થ-"ચિંતા, શોક, ભય, ક્રોધ, દુઃખ, વધુ ઉંઘ અને ઉજાગરાને લીધે માપસર અને પથ્ય ખોરાક લીધો હોય તો પણ, તે પચી શકતો નથી."

આરોગ્ય ઉપર આધ્યાત્મિક ગુણોની અસરઃ-

પ્ર તિજ્ઞાવાળાઃ શાંતિને ખાસ ચાહનારઃ બીજાના આકરા વચન ગળી નારઃ ક્રોધને દાબી દેનારઃ શાંતિના ગુણની ઇચ્છા રાખનારઃ અને રાગ ષના કારણોને દૂર કરનારઃ થવું જોઇએ."

ારોગ્યમાં મદદગાર નૈતિક ગુણો:—

ऽनृतं ब्रूयात्, नाऽन्य-स्वमाऽऽददीत, नाऽन्य-स्त्रियमऽभिलषे-
ाऽन्य-श्रियम्. न वैरं रोचयेत्, न कुर्यात्पापम्, न पापेऽपि पापीस्यात्.
ाऽन्य-दोषान् ब्रूयात्, नाऽन्य-रहस्यमाऽऽगमयेत्, नाऽ-धार्मि-
र्न नरेन्द्र-द्विष्टैः सहाऽऽसीत. नोन्मत्तैर्न पतितैर्न भ्रूण-हन्तृभिर्न
द्रैर्न दुष्टैः, न दुष्ट-यानान्यारोहेत, नोच्चैर्हसेत्, न चैत्य-
ाज-गुरु-पूज्या-ऽ-शस्त-च्छायामाक्रामेत्, नाऽना-ऽऽर्यमाऽऽश्र-
येत् [इत्यादि] ॥ च० १-८-१९ ॥

અર્થ:-"જુઠ્ઠું ન બોલવું, બીજાનું ધન ન લેવું, પરસ્ત્રીની ઇચ્છાયે ન ાવી, પારકા ધનની ઇચ્છાયે ન કરવી, વેરભાવ રકાવવાની ઇચ્છા ન રાખવી, ૫ ન કરવું, પાપી તરફ પણ પાપી ન થવું, બીજાના દોષ ન બોલવા, ીજાની ગુપ્તવાત ન પ્રકાશવી, અધર્મી અને રાજાના દ્વષી સાથે, તથા બાળ યા કરનારા, હલકા, અને દુષ્ટો સાથેય ન બેસવું જોઇએ, જોખમી વાહન પર ન બેસવું, ઉંચેથી હસવું નહીં, ચૈત્ય, રાજા, ગુરુ, પૂજ્ય અને ાશ્ત વસ્તુની છાયા ઓળંગવી નહીં. અનાર્યનો આશ્રય લેવો નહીં."

ાધ્યાત્મિક ગુણોના વિકાસ ઉપર આરોગ્યનો આધાર-

ह्म-चर्य-ज्ञान-दान-मैत्री-कारुण्य-हर्षो पेक्षा-प्रशम-परश्च स्यादिति॥

અર્થ:-"(આરોગ્યના ઇચ્છનારે) બ્રહ્મચર્યઃ જ્ઞાનઃ દાનઃ મૈત્રીઃ દયાઃ ર્ષઃ ઉપેક્ષાઃ [મોટુંમન]ઃ અને શાંતિમાં તત્પર રહેવું જોઇએ."

ीका-मैत्री सर्व-भूतेष्वाऽऽत्मनीवाऽ-प्रतिकूला प्रवृत्तिः ।....रागत एव प्राणिनां हिंसा-पूर्वक-मांस-भक्षणे प्राप्तेऽयमाऽऽयुर्वेदोपदेष्टा मांसस्य क्वचिद्रोगे कस्यचिद्धितत्वं क्वचिच्चाऽ-हितत्वमुपदिशति

એવી બાબતમાં ફસાવે, કે ભવિષ્યમાં ચિંતાઃ ભયઃ ઉત્પન્ન થાય. અને
અશરણરૂપ બની જાય. મજબુત શરીરવાળા માણસો પણ
લડાઇ વગેરેથી વહેલા મરણ પામે તેવા પ્રસંગમાં મૂકાઇ જાય છે.)
સત્સંગતિ અને આરોગ્યઃ—

बुद्धि-विद्या-वयः-शील-धैर्य-स्मृति-समाधिभिः ।
वृद्धोपसेविनो वृद्धाः स्व-भाव-ज्ञा गत-व्यथाः ॥ च० १-७-५८
सु-मुखाः सर्व-भूतानां प्रशान्ताः शंसित-व्रताः ।
सेव्याः सन्मार्ग-वक्तारः पुण्य-श्रवण-दर्शनाः ॥ च० १-७-५९

અર્થઃ—"બુદ્ધિઃ વિદ્યાઃ ઉમરઃ આચારઃ ધીરજઃ સ્મૃતિઃ અને સમાધિ એટલે શાંતિઃ વડે પોતાથી મોટાઓ હોય, તેઓની સેવા કરતા હોયઃ સ્વભાવના જાણકાર હોયઃ માનસિક પીડા વગરનાઃ સ્થિર મનવાળાઃ સર્વને મોઢું જોતું ગમે તેવાઃ શાંતઃ વખાણવા લાયક વ્રતવાળાઃ સન્માર્ગનો ઉપદેશ દેનારાઃ જેના નામનું શ્રવણઃ અને જેમનું પ્રત્યક્ષ દર્શનઃ પવિત્ર હોયઃ તેવા વૃદ્ધ-સત્પુરુષોની સેવા કરવી."

ઉત્તમ જીવન ચર્યા અને આરોગ્યઃ—

देव-गो-ब्राह्मण-गुरु-वृद्ध-सिद्धा-ऽऽचार्यानर्चयेत् । युग-मात्र दृग्विचरेत्-मङ्गला-ऽऽचार-शीलः सर्व-प्राणिषु बन्धु-भूतः स्यात्, क्रुद्धानामऽनुनेता, भीतानामाऽऽश्वासयिता, दीनानामऽभ्युपपत्ता, सत्य-सन्धः साम-प्रधानः पर-परुष-वचन-सहिष्णुः, अमर्षघ्नः, प्रशम-गुण-दर्शी राग-द्वेष-हेतूनां हन्ता च ॥
च० ३-८-१८

અર્થઃ—"દેવઃ બ્રાહ્મણઃ ગાયઃ ગુરુઃ વૃદ્ધોઃ સિદ્ધોઃ અને આચાર્યોનો સત્કાર-પૂજન કરવાઃ...ધોંસરા પ્રમાણ દૃષ્ટિ રાખીને ચાલવુંઃ...મંગળભૂત આચારઃ અને શીલવાળા થવુંઃ સર્વ પ્રાણીઓના બંધુ થવુંઃ ક્રોધીઓને સમજાવીને શાંત પાડનારઃ બીકણોને આશ્વાસન આપનારઃ દીનોનો ઉદ્ધાર કરનારઃ

અર્થ–"બહારથી આવી પડેલા રોગો શિવાયના દરેક રોગો પોતાના શરીરની ધાતુઓમાં વિષમતા થવાથીજ થાય છે, અને તે વાતઃ પિત્તઃ કફઃથી જુદા પડતા નથી, અર્થાત્ સર્વ રોગો તે ત્રણમયજ હોય છે."

तत्र, प्रथमत एव तावदाद्यांल्लोभा-ऽभिद्रोह-कोप प्रभवानष्टौ व्याधिन्निदान-पूर्वेण क्रमेण व्याख्यास्यामः ॥

च० २-१-१५

અર્થ:–"તેમાં પહેલાં તો લોભઃ દ્રોહઃ ક્રોધઃથી ઉત્પન્ન થયેલા આઠ વ્યાધિઓનું પ્રથમ નિદાન આપવા સાથે વ્યાખ્યાન કરીશું."

[અર્થાત્–લોભાદિક–માનસિક વિકૃતિઓ રોગોનું કારણ બને છે. માટે તે મટાડવાના ઉપાય તરીકે સર્વ શાસ્ત્ર શિરોમણીભૂત અધ્યાત્મ શાસ્ત્ર સર્વ રોગો મટાડવામાં અસાધારણ મદદ કરી શકે છે. તેથી શરીર ખાતર પણ ધર્મ વિરૂદ્ધ આચરણ ન કરવું કેમકે–પરિણામે તેથી આરોગ્યનો નાશ થાય છે.]

ચેપી મહારોગો ફેલાવાનાં મૂળ કારણો–

तमुवाच भगवानात्रेयः–सर्वेषामऽप्यऽग्निवेश ! वाय्वा-ऽऽदीनां यद्वैगुण्यमुत्पद्यते, तस्य मूलमऽ-धर्मः, तन्मूलं वाऽ–सत्कर्म पूर्व-कृतम्, तयोर्योनिः प्रज्ञा-ऽपराध एव। तद्यथा–यदा वै देश-नगर-निगम-जनपद-प्रधाना धर्ममुत्क्रम्याऽ-धर्मेण प्रजां वर्तयन्ति, तदा-ऽऽश्रितोपाश्रिताः पौर-जनपदा व्यवहारोपजीविनश्च तमऽ-धर्ममऽ-भिवर्धयन्ति, । ततः सोऽ-धर्मः प्रसभं धर्ममऽन्तर्धत्ते, ततस्तेऽन्तर्हित-धर्माणो देवताभिरऽपि त्यज्यन्ते; तेषां तथा-ऽन्तर्हित-धर्माणामऽ-धर्म प्रधानानामऽ-प्रक्रान्त-देवतानामृतवो व्यापद्यन्ते। तेन नाऽऽपो यथा कालं देवो वर्षति, विकृतं वा वर्षति । वाता न सम्यगऽभिवान्ति, क्षितिर्व्यापद्यते। सलिलान्युपशुष्यन्ति। ओषधयः स्वभावं परिहाया-ऽऽपद्यन्ते विकृतिम् । तत उद्ध्वंसन्ते जन-पदाः,स्पृश्या-ऽभ्यव-हार्य-दोषात् ॥ च० ३-३-२४ ॥

ચાડીઃ જૂઠઃ અકાળે કજીયોઃ અપ્રિય; અસંબદ્ધ; અવિવેકવાણી; અને કઠોરઃ બોલવું, તે વાણીનો મિથ્યાયોગ છે.

ભયઃ શોકઃ ક્રોધઃ લોભઃ મોહઃ માનઃ ઈર્ષ્યાઃ મિથ્યાદર્શન-મિથ્યાત્વ: વિગેરે માનસિક મિથ્યા યોગ છે"

ઓષધના ત્રણ પ્રકારઃ—

त्रि–विधमौषधमिति–दैव–व्यपाश्रयम्,युक्ति–व्यपाश्रयम्, सत्वा घजयश्च ।

तत्र, दैव–व्यपाश्रयम्–मन्त्रौपधि–मणि–मङ्गल–वल्युपहार–होम –नियम·प्रायश्चित्तोपवास-स्वस्त्य–ऽयन-प्रणिपात–गमना–ऽऽदि । युक्ति–व्यपाश्रयम्–पुनरा–ऽऽ हारौपध–द्रव्याणां योजना ॥ सत्त्वा–ऽवजय: पुन:–अ–हितेभ्यो ऽर्थेभ्यो मनो–निग्रह: ॥ च० १–११–५४

અર્થ–"ત્રણ પ્રકારનું ઓષધ છે. દૈવવ્યપાશ્રયઃ યુક્તિવ્યપાશ્રયઃ અને મનોનિગ્રહઃ

તેમાં દૈવવ્યપાશ્રયમાં, મંત્ર, ઓષધિ, મણિ, માંગલિક પ્રયોગો, બલી આપવો, હોમ, વિગેરે, નિયમઃ પ્રાયશ્ચિત્તઃ ઉપવાસઃ સ્વસ્ત્યયનઃ પ્રણિપાતઃ સામે જવુંઃ વિગેરે

યુક્તિ વ્યપાશ્રયમાં–આહારઃ અને ઓષધ દ્રવ્યોઃની યોગ્ય યોજના.

અને સત્વાવજયમાં–અહિતકારક પદાર્થોથી લલચાતા મન ઉપર કાબુ રાખવો, અર્થાત્ માનસિક સંયમ."

રોગોનું મુખ્ય કારણ શરીરમાંજ હોય છે:—

—સ્વ–ધાતુ–વૈષમ્ય–નિમિત્ત–જ્ઞા યે વિકાર–સઙ્ખ્યા વહવ: શરીરે। न ते पृथक्–पित्त–कफा–ऽनिलेभ्य: आगन्तवस्त्वेव सतो विशिष्टा: ॥

च० १–१९–६ ॥

તથા લડાઇ વિગેરેથી જનપદનો ધ્વંસ થાય છે, તેનું પણ કારણ અધર્મ જ હોય છે. કેમકે–ઘણો લોભ, ક્રોધ, મોહ, અભિમાન, વધી જાય છે, ત્યારે નિર્બળોની પરવા કર્યા વિનાજ પોતાનો, સ્વજનોનો અને બીજાનો ધ્વંસ કરવા શસ્ત્રોથી પરસ્પર લડાઇ માંડે છે, અથવા બીજા ઉપર હુમલો લઇ જાય છે, અથવા બીજાનો હુમલો પોતાની ઉપર આવી પડે છે.

તથા શાપ એટલે દુઃખી હૃદયની આંતરડી કકળાવવાથી પણ દેશનો નાશ થાય છે. તેનું પે કારણ અધર્મ જ હોય છે. અધર્મી અને ધર્મ વગરના લોકો–ગુરુઃ વૃદ્ધોઃ સિધ્ધોઃ અને ઋષિયોઃનું અપમાન કરે છે. નિર્મર્યાદ થઇને અહિતનું આચરણ કરે છે. તેથી તે ગુર્વાદિકના શાપથી શાપિત થયેલા લોકો ભસ્મીભૂત થઇ જાય છે, વિગેરે.

દેશ, સમાજ અને પ્રજાના ઉદ્ધારનો અને સામાજિક, શારિરિક, આર્થિક, વિગેરે ઉન્નતિનો ખરો આધાર ધર્મ ઉપર જ છે. એમ વૈદ્યક શાસ્ત્ર પણ પોકારીને કહે છે. ત્યારે, આજે લોકો દેશ ખાતર ધર્મને તિલાંજલિ આપવાનું કહે છે. તે **અનર્થકર વાકય છે.**

ઉંડામાં ઉંડું રહસ્ય તો એ છે, કે–" ભારતીય આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ પ્રજાને આધ્યાત્મિક જીવનમાં ટકાવે છે, અને પ્રેરે છે. ત્યારે આધુનિક ડોક્ટરી ચિકિત્સા પદ્ધતિ પ્રજાને આધ્યાત્મિક જીવન રહસ્યોથી પતિત કરે છે, અશ્રદ્ધાળુ બનાવે છે, અને જડવાદ તરફ પરાણે ધકેલે છે. માટે સુજ્ઞોએ ૧ આરોગ્યના નિયમો પાળીને જીવવું. ૨ ઉપચાર કરાવ્યા વિના સહન કરીને રોગને પાકવા દઇ નાબુદ થવા દેવો. ૩ ન છુટકે ભારતીય શુદ્ધ આયુર્વેદિક ચિકિત્સાનો આશ્રય લેવો એજ હિતાવહ છે.

અધ્યાત્મ શાસ્ત્ર જ ધર્મનો પાયો છે. તે સમજાવવા માટે વૈદ્યકશાસ્ત્રના પ્રમાણભૂત મૂળ ગ્રંથના કેટલાક અવતરણો આપવામાં આવ્યા છે. આજના હિંદના નવા બંધારણમાંથી હિંદનાજ કરોડો વર્ષોની

तथा, शस्त्र-प्रभवस्याऽपि जनपदोद्ध्वंसस्याऽ-धर्म एव हेतुर्भवति । येऽतिप्रवृद्ध-लोभ-क्रोध-मोह-मानास्ते दुर्बलानऽवमत्याऽऽत्म-स्व-जन-परोपघाताय शस्त्रेण परस्परमऽभिक्रामन्ति, परान् वाऽभिक्रामन्ति परैर्वाऽभिक्राम्यन्ते ॥

च० ३-३-२५ ॥

तथा-ऽभिशाप-प्रभवस्याऽप्यऽ-धर्म एव हेतुर्भवति । ये लुप्त-धर्माणो धर्मादऽपेतास्ते गुरु-वृद्ध-सिद्धर्षि-पूज्यानऽवमत्याऽहितान्याऽऽचरन्ति, ततस्ताः प्रजा गुर्वादिभिरऽभिशप्ता भस्मतामुपयान्ति ॥ च० ३-३-२७ ॥

અર્થ:-"તેને ભગવાન્ આત્રેયે કહ્યું-"અગ્નિવેશ ! હવા વિગેરે ખરાબ થાય છે, તેનું પણ મૂળતો અધર્મજ છે, અને તેનું યે મૂળતો પૂર્વના પાપો હોય છે.

તેનું પણ ખરું મૂળતો પ્રજ્ઞાપરાધ-અજ્ઞાન હોય છે. તે આ રીતે-

જ્યારે દેશ, શહેર, પ્રાંત અને તાલુકાના મુખ્ય પુરુષો અધર્મને આગળ કરીને અધર્મે પ્રજાને વર્તાવે છે, ત્યારે તેના આશ્રિત અને તેની આજુબાજુના પૌરવાસી અને જનપદવાસી લોકો, જે વ્યવહારથી આજીવિકા ચલાવે છે, તેથી અધર્મ વધે છે. તે વખતે અધર્મ બળાત્કારે ધર્મને એક વખત દબાવી દે છે. અને જ્યારે ધર્મ દબાઇ જાય, ત્યારે શુભદેવો પણ ધર્મીઓને છોડીને ચાલ્યા જાય છે.

અધર્મ ફેલાય છે. એટલે ઋતુ બગડે છે. વરસાદ યોગ્ય વખતે આવતો નથી; અથવા વિકારી પાણી વરસાવે છે; હવા પણ ખરાબ ચાલે છે, જમીન પણ બગડે છે. સારાં પાણી સૂકાઇ જાય છે, વનસ્પતિ પોતાના શુભ સ્વભાવ છોડીને બગડી જાય છે. તેથી સ્પર્શ કરવા લાયક અને ખાનપાનને લાયક ચીજોમાં બગાડો થવાથી જનપદોનો ઉદ્ધ્વંસ થાય છે. આખા દેશની સલામતી તૂટી પડે છે.

જ્યારે યાન્ત્રિક વાહનો અને યાંત્રિક ખેતી થાય, ત્યારે વાહનના પશુઓ તથા ખેતીમાં ઉપયોગી પશુઓ ફાજલ પડે, તેમજ દુધ આપનારા શિવાયના નર પશુઓનો જન્મ તો ચાલુ જ રહે, તેનો વાહન કે ખેતીમાં ઉપયોગ ઘટતો જાય, તો પછી "વ્યાપારની દૃષ્ટિથી તેનો શા માટે ઉપયોગ ન કરવો!" આ દૃષ્ટિ અને દલીલથી તેવા પશુઓની કતલ માટે મોટા યાંત્રિક કતલ ખાનાઓની જરૂરીઆત વિચારાઇ રહી છે. "પરંતુ, કતલ ખાનાઓ શરૂ થવા છતાં અમાંસાહારી પ્રજાની અસરને લીધે ભારતમાં માંસાહારનું સંકુચિત ક્ષેત્ર છે. તે વધારી, તેના વકરાનું ક્ષેત્ર વધારવું જોઇએ." આ ધ્યેયને ધ્યાનમાં લઈ ડૉ. મુંજે જેવાની આધુનિક દેશનેતામાં ગણના કરવામાં આવી છે. અને તેમની મારફત "માંસાહાર હિંદુઓને જરૂરી છે. વૈદક શાસ્ત્રના પૂરાવાથી તે જરૂરી હોવાનું સાબિત કરી આપવાની મારી તૈયારી છે. જૈનોએ અહિંસાનો અને વૈષ્ણવોએ પ્રેમ ભક્તિનો ઉપદેશ આપી પ્રજાને નરમ બનાવી છે. વિગેરે." પ્રકારનું સાહિત્ય બહાર આવી રહ્યું છે. ગુજરાત જેવા ચુસ્ત વનસ્પત્યાહારી દેશની મુખ્ય દેશી રાજ્યધાનીના શહેર વડોદરામાં દિવાન સાહેબ જેવા જવાબદાર અધિકારીના પ્રમુખપણામાં એ વિષયનું ભાષણ કરવાની પણ તક તેઓ લઈ શક્યા હતા. એટલે કે એક તરફ આવા પ્રચાર કાર્યને વેગ આપવાના આંતર રાષ્ટ્રીય યોજનાઓને મજબુત ટેકો મળવાનું ચાલુ થઇ ગયું છે.

બીજી તરફ: ઉચ્છરતી પ્રજાને શાળા: કોલેજો: અને પ્રચારક સાધનો:દ્વારા સમજાવવામાં આવે છે. કે—"પ્રજાનું આરોગ્ય બગડતું જાય છે. આરોગ્યનો મુખ્ય આધાર પોષક ખોરાક ઉપર છે. પોષક ખોરાકનો મુખ્ય આધાર યોગ્ય વિટામીનવાળા ખોરાકો ઉપર છે, એ રીતે વીટામીનની વૈજ્ઞાનિક શોધો અને તેના ગુણ દોષ તથા લાભાલાભ સમજાવનારું સાહિત્ય પ્રસિદ્ધ કરી ખૂબ ફેલાવવામાં આવે છે. "માટે તેનો લાભ લઇ દરેકે પોતાનું આરોગ્ય વિકસાવવું જોઇએ." સિનેમાની રસાકડો દ્વારા પ્રત્યક્ષ

આધ્યાત્મિક ભૂમિકાજ ઉડાડી દેવામાં આવી છે. અને કેવળ ભૌતિક વાદ ઉપરજઆખું બંધારણ ઘડવામાં આવ્યું છે. અને તે પ્રજાને નામે, પ્રજાની ઇચ્છાને નામે-ધરમૂળનો જ પલટો કરવામાં આવ્યો છે. જે મોટામાં મોટું જુઠાણું છે. મોટામાં મોટો અનર્થ અને અધર્મ થયો છે. ધર્મોને રક્ષણ નહીં, પણ આડકતરી રીતે તેમાં ડખલો દાખલ કરી છે.

---

૧૪ આહાર વિષે આજની સ્થિતિ :

આજના યુરોપનો આદર્શ માંસાહાર તરફ વાળવા વધુ કેન્દ્રિત થતો જાય છે. અમને તો તેઓની આજની જીવ દયાની એકતરફી વાતો પણ માત્ર જગત્માં માંસાહારના ખોરાકનો વધારો કરવા માટે જ જણાય છે. શિકાર અને મત્સ્ય પકડવાના ધંધાને છડેચોક મોટા પાયા ઉપર ઉત્તેજન અપાઈ રહ્યું છે. "લોકોએ માંસાહાર કરવાની અને સ્ત્રીઓએ તે રાંધવાની ટેવ પાડવી જોઈએ." એવો ઉપદેશ અપાઈ રહ્યો છે. આ શું સૂચવે છે. ?

આજનો યંત્રવાદ: તેની પાછળ લાગેલી વ્યાપારી બુદ્ધિ: તેની પાછળ લાગેલો રાષ્ટ્રવાદ. તેની પાછળ લાગેલી સીવીલાઇઝેશનની સંસ્કૃતિને વધારવાની આંતર રાષ્ટ્રીય તમન્ના: અને તે ખાતર આખી દુનીયાને યુનિયન જેકના વાવટા નીચે લાવવાની સર્વ ગોરી પ્રજાઓની ગડમથલ: વિગેરે જોતાં એમ કહેવામાં હરકત જણાતી નથી. બાકીની બાબતો બધી શાબ્દિક હોય છે. મૂળ ધ્યેય ઉપર પ્રમાણે છે. તેઓ પ્રાણીઓના શરીરની અનેક વસ્તુઓમાંથી અનેક ચીજો કાઢે છે. અને વેચે છે. માંસ જેવી ગંદી ચીજોને આધુનિક વિજ્ઞાનની મદદથી સ્વાદિષ્ટ અને આકર્ષક બનાવવાના અનેક પ્રયાસો કરી રહેલ છે.

ડાક્ટરો વિગેરે મારફત અમાંસાહારી પ્રજાઓમાં પણ દવાને નામે, પૌષ્ટિક ખોરાકને નામે, આર્ય શાસ્ત્રોમાંની ઔષધ તરીકેની કેટલીક છુટેના વાકયોનો દુરૂપયોગ કરીને, ઇંડાના રસો તથા માંસના સુપો વિગેરેનો છુપો પ્રચાર શરૂ થયો છે.

ઘણાની નજરે જોતી થઇ જાય, એટલે પહેલા તો એવી વસ્તુઓ બાતલ રાખેલી છે. પરંતુ ભવિષ્યમાં ધીમે ધીમે કોઇ સંશોધકની નવી શોધને નામે માંસ, માછલી, ઇંડા, મદ્ય વિગેરે ચીજો સહજ રીતે દાખલ કરાતો રોકી શકાશે જ નહીં. " એક તરફ વીટામીનની લાલચ તરફ પ્રજાનું મન દોરવાયા પછી તેમાં પાછળથી જોઇએ તે ઘુસાડી શકાશે. " પ્રચારકો પ્રથમ તો પ્રજાને રૂચતી વાતો આગળ કરી પ્રજાનો વિશ્વાસ મેળવી, પછી ધીમે ધીમે ઘુસાડી પોતાનું ધાર્યું પરીણામ લાવી શકે, તેવી તેઓની એ યુક્તિ હોય છે. હાલમાં વર્તમાનપત્રોમાં બહાર પડતા ખોરાકના લીસ્ટોમાં માંસો અને માંસરસો ખોરાકોમાં દાખલ થઇ ચૂક્યા છે. લીસ્ટમાં પ્રથમ તો ઘઉં વિગેરે વાપરવામાં આવતા ખોરાકો આપ્યા છે. પછી જુદા જૂદા માંસો દાખલ થયા છે.

આજે પીપરમીટની ગોળીઓ મારફત ઉછરતી પ્રજામાં કેટલીએ જાતની ચોકલેટો અને બીસ્કીટો તથા માંસાહારી ચોકલેટો વિગેરેનો મોટા પ્રમાણમાં પ્રચાર થઇ ગયો છે. કેમ જાણે તે એક ઘરગથ્થુ ચીજ હોયની ? તેવી થઇ પડતી જાય છે. પતાસા, પેંડાને બદલે આપણા જાહેર પ્રસંગોમાં પણ બાળકોને વ્હેંચવાની ચીજ તે થતી જાય છે. દહેરાઓમાં પીપરમીટો મૂકાવી શરૂ થઇ છે. નિશાળે જતાં છોકરાઓ પહેલાં તો બચપણમાં ખરીદ કરતાં થાય છે. પછી મોટા થયા પછી ચોકલેટો, બિસ્કુટો વિગેરેની શહેરોમાં ક્રમસર ખરીદી શરૂ કરતાં થાય છે. તેને માટે નિશાળોમાંથી તેવું માનસ તૈયાર થાય છે. આમ છતાં, આપણા પૂર્વ પુરૂષોએ આપણી રોજની ખોરાકની ચીજો એવી સરસ ગોઠવી છે, કે તેમાંથી સ્હેજે વિટામીન કે સાત્વિક પોષક તત્ત્વો મળ્યા જ કરે છે. અને આપણી આહાર વિધિ તથા આપણો ભક્ષ્યાભક્ષ્ય વિવેક જળવાય છે. " ચૂલો કેમ સળગાવવો ? લોટ કેમ બાંધવો ? " વિગેરે બાલિકાઓને શિક્ષણ આપતી ચિત્રો સહિત સરકારી ચોપડીઓ બહાર પડી છે. " તેમાં આપણો ખોરાક સંપૂર્ણ વ્યવસ્થિત તથા યોગ્ય તત્ત્વોવાળો છે. " એ મતલબનું આપણા

પ્રયોગો દેખાડવામાં અને સમજાવવામાં આવે છે. પાઠ્ય પુસ્તકોમાં વિગતથી સમજાવવામાં આવે છે.

વીટામીનની આ પ્રચાર પદ્ધતિ આપણી આર્યોની ભક્ષ્યાભક્ષ્ય વ્યવસ્થા ઉપર કુહાડો મારનારી છે, વિટામીનનું વિજ્ઞાન સમજાવવા માત્રથીજ અટકવાના નથી. પરંતુ પ્રજાના આરોગ્યની જાણે કે ઘણી જ ચિંતા હોય, એવી રીતે તેને માટે વ્યાવહારિક યોજનાઓ પણ યોજવા માંડી છે. અને તે લોકલ બોર્ડ, ગ્રામ્ય પંચાયતો જેવી ઉપર ઉપરથી લોક કલ્યાણની જણાતી છતાં વાસ્તવિક રીતે સરકારી વિદેશી ધોરણે ચાલતી સંસ્થાઓ મારફત-હજુ ફરજીયાત રૂપે નહીં-પરંતુ લગભગ ફરજીયાત જેવા સ્વરૂપમાં "કઈ ચીજમાં ? કઇ જાતનું વિટામીન છે ?" જેને જે જાતના વીટામીનવાળા ખોરાકના પદાર્થોની જરૂર હોય, તે સમજવા માટે તેના લીસ્ટોવાળા બોર્ડો તૈયાર કરવામાં આવ્યા છે. અને તે ઘેર ઘેર રાખવા માટે એ સંસ્થાઓ તરફથી પ્રજાને હાલમાં ભલામણ થાય છે. પછી ફરજીયાત રાખવા પડે, તેવું થવાનું સંભવિત છે.

ઉચ્છરતા યુવકોને (૧) આપણા ભક્ષ્યાભક્ષ્યનું જ્ઞાન ન હોય, અને (૨) વિજ્ઞાનના નામ નીચે આવી વસ્તુ તેમની સામે મૂકવામાં આવે, તથા (૩) હાલમાં ખરાબ થતાં આરોગ્યને સારા કરવાની લાલચમાં દરેકોઇ દોરવાઇ જાય, તેવું માનસ પ્રજાનું ઘડવામાં આવ્યુ છે. એટલે સ્હેજેજ વીટામીનવાળા પદાર્થોનો ખોરાક લેવા લલચાય, અને અહિંસાઃ સંયમઃ તથા તપઃની દૃષ્ટિથી રચાયેલા ભક્ષ્યાભક્ષ્યના વિવેકવાળા સદાના આદર્શ ખોરાકને બદલે વિટામીનની દૃષ્ટિથી રચાયેલા ભક્ષ્યાભક્ષ્ય તરફ સ્હેજે હવે પછીની પ્રજા દોરાઈ રહી છે. એમ, એકતરફી પવન પ્રજામાં ફુંકાયા પછી તેને અટકાવી શકાતો નથી.

જો કે-વિટામીનના કેટલાક બૉર્ડોમાં તો હજી માંસનો સમાવેશ કરવામાં આવ્યો જણાતો નથી, કેમકે-ગુજરાતમાં પહેલેથી એ વસ્તુનું નામ દાખલ થયેલું જોવામાં આવે, તો એ પ્રચાર તરફ પ્રજા પ્રથમથી જ

ત્યારે તેને કતલખાને લઈ જવામાં પાછી ધાર્મિક માન્યતાઓ નડે, એટલે ત્યાંજથીજ ધાર્મિક માન્યતા તરફનો વિરોધ શરૂ કરવામાં આવ્યો છે.

એક તરફ કેટલાક હિંદુઓ માતા પાસેના બલિદાનમાં હિંસા કરે છે. ધર્મને નામે થતી એ હિંસા રાજ્યો કાયદા કરીને અટકાવે છે. તેમાં મહાજનના અગ્રેસરોને ક્યાંક રાજ્ય સામેલ રાખે છે. અને એ રીતે તેઓની ધાર્મિક માન્યતાઓમાં રાજ્ય હસ્ત પ્રક્ષેપ કરે છે. દેશનેતાઓ પણ તેમાં સાથ આપે છે, એટલે સુવદો પણ સાથ આપે છે. નેતાઓની ધારણા માંસાહાર બંધ કરવાની નથી. કેમકે–બીજી રીતે તેઓ તેને ઉત્તેજન આપી રહ્યા છે. માત્ર ધાર્મિક માન્યતામાં હસ્ત પ્રક્ષેપ કરવા વિદેશી સરકાર તેઓનો સાથ મેળવી રહી હતી, અને તેઓ તે સાથ આપી રહ્યા હતા.

મહાજનની કેટલીક વ્યક્તિઓ પણ ભૂલથી રાજ્યસત્તાને ધાર્મિક માન્યતામાં પ્રવેશ કરવાને સાથ આપે છે. એવી ભૂલથી રાજ્યસત્તાને ધર્મક્ષેત્રમાં વચ્ચે પડવા નોતરે છે. એમ કરીને ભવિષ્યને માટે દરેક બાબતમાં રાજ્યસત્તાને હાથ ઘાલતી કરવાનો માર્ગ સરળ કરે છે. એમ એક મોટું નુકશાન ઉભું કરે છે. ખરી રીતે, રાજ્યસત્તાના પ્રચારની ભૂલ ભૂલામણી વિગેરે તેમાં કારણભૂત છે. આ ભૂલ આજે મોટા પાયા ઉપર ચાલી રહી છે. અને તેમાં કોઈ ત્યાગી સંત મહંતો અને મુનિમહારાજાઓ પણ આકર્ષાઈ જાય છે. આમ રાજ્ય તટસ્થ રીતે મદદ આપવાને બદલે પોતાની સત્તા ધર્મમાં ઘુસાડે છે. અને પછી હરકોઈ બહાને કાયદા કરવાનો અધિકાર મેળવી લે છે ને તેમાં સહકાર અપાયાનું પ્રજાજનોના ખ્યાલમાં રહેતું નથી.

બીજુ: ધર્મને નામે થતી હિંસા એ રીતે રાજ્યસત્તાની મદદથી ને કાયદાથી બંધ થયા પછી, જે માંસાહારી લોકો માટે ખુલ્લ્લા સરકારી જાહેર પ્રજાના ટેકાથી ખાનગીને બદલે જાહેર કતલખાના અને માંસ વેચનારી દુકાનો મોટા પાયા ઉપર ચલાવાતી થઈ રહી છે. પ્રજાના પ્રથમના અગ્રેસરોએ પ્રજાના ભલા ખાતર જ આજ સુધી ઉપેક્ષિત કરેલી જે ખુલ્લ વિગેરે સંસ્થાઓમાં

છે ? પરંતુ તેઓને સમજાતું નથી. એથી પ્રજા અને દેશના સાચા સંજોગોનું તેઓને અજ્ઞાન છે, એમ સૂચવાય છે. ગોવધના ગુંચવી નંખાયેલા પ્રશ્ન સાથે ભારતમાં હિંસા અને માંસાહારના પ્રચારની મોટી પ્રવૃત્તિ સંકળાયેલી છે. કેમકે-ભારતની સાચી અને વ્યાપક અહિંસાનું ગોવધ બંધીઃ એ મુખ્ય કેન્દ્ર અને મુખ્ય પ્રતીક છે.

જો કે-ભારતમાં મોટાપાયા ઉપર યાંત્રિક ખેતીનો પ્રચાર કરવાનો છે. તેને માટે અનેક યોજનાઓ પ્રચલિત થયેલી છે. અને વડી સરકાર તથા મુંબઇ વિગેરે પ્રાંતિક સરકારો તથા દેશી રાજ્યોમાં કરોડોના ખર્ચની મોટી મોટી યોજનાઓ પાસ થઇ છે. તેની સાથે-મોટાપાયા ઉપર ડેરીઓ પણ ખીલવવાની છે. જેથી કરીને, તે ધંધા દેશીઓના હાથમાંથી છુટીને આ દેશમાં વતન હક્કથી રહેતા થયેલા વિદેશીઓને તે ધંધા ભવિષ્યમાં મળે. માટે દુધાળા સિવાયન પશુઓ કતલખાને છુટથી જઇ શકે, પરંતુ દુધાળા ઢોરોને બચાવવાના તો છે જ. અને તેના બચાવ માટે કાયદા થઇ રહ્યા છે.

દુધાળા ઢોરોને પ્રજાની દુધની અને આર્થિક જરૂરીઆતની દૃષ્ટિથી બચાવવાના છે. છતાં, તેમાં ધાર્મિક દૃષ્ટિની માન્યતા કેટલાકની ચાલી આવે છે, તેને તો ધસી નાંખવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. " દુધાળા ઢોરોને બચાવવાની જરુર છે. અને તેમાં ગાયો પણ ખાસ બચાવવાની છે. પરંતુ તે કોઇનીયે ધાર્મિક દૃષ્ટિથી તો બિલકુલ બચાવવાના નથીજ. " એવી ચોખવટ જાહેરમાં રાષ્ટ્રવાદીઓ મારફત વિદેશી એકરાર કરાઇ રહ્યા છે. જો વદિક હિંદુઓની ધાર્મિક માન્યતાથી ગાયો બચાવવી પડે, તો જૈનોની ધાર્મિક માન્યાતાથી બીજા નિર્દોષ પ્રાણીઓને પણ બચાવવા પડે, મુસલમાનોની માન્યતા પ્રમાણે ડુક્કરોને પણ બચાવવા પડે. તેમ કરવાથી હિંદમાં વાંધો આવે તેમ નથી. પરંતુ વિદેશી માંસાહારીઓને અને મોટા મોટા યાંત્રિક કતલખાનાઓ ચલાવનારા કારખાનાદારોને કાપવા માટે કાચો માલ મળે નહિ, તેમજ વૈજ્ઞાનિક સાધનોથી દૂધ જેવો પદાર્થ ભવિષ્યમાં લોકોને આપી શકાય, તો પછી દૂધાળા ઢોરોને પણ બચાવવાની જરૂર ન રહે.

કતલખાનાઓમાં કપાયેલા પશુઓના જુદા જુદા અવયવોમાંથી કઇ કઇ ચીજો બનાવીને કેવી રીતે તેનો વેપાર ચાલી શકે ? અને કમાણી વધે ! તેવું હીંદીમાં પુસ્તક જૈન કૂળમાં જન્મેલા અમલદારના હાથે લખાયેલું હોવાનું જાણી ખેદનો પાર રહ્યો ન હતો. અમેરિકા વિગેરે દેશોમાં તો એમ ચાલે છે.

ઘણીજ નિષ્ઠુર વૃત્તિ થાય, ત્યારે આવું પુસ્તક લખી શકાય. આવો હાલના શિક્ષણનો-પણ વાસ્તવિક રીતે અશિક્ષણનો-પ્રભાવ છે.

અને તે પુસ્તક સામે પ્રજાનો વિરોધ જાગે નહિ, પ્રચારની એ ખુબી છે. પરંતુ બધા વાંચનારાની દૃષ્ટિ કેવળ દયાની ન હોય, કેટલાકની વ્યાપારી બુદ્ધિ પણ હોય. તેથી " વ્યાપારી દૃષ્ટિથી કેવો લાભ ઉઠાવવો ?" તેનું વિગતવાર વર્ણન અને વિચારો એ પુસ્તક મારફત હિંદમાં પ્રચાર પામે." એ મૂળ લેખકનો અને તેને ટેકો આપનાર સંસ્થાઓનો આશય હોય છે.

એક અમેરીકન વિદ્વાને અમેરીકામાં ચાલતા—કતલખાનાઓનું વિગતવાર વર્ણન કરતું "કતલખાનું" નામનુ પુસ્તક પુષ્કળ સુગ અને ઘૃણા પૂર્વક લખ્યું છે. પાને પાને ભયંકર હિંસાના કામને નરકની ઉપમા આપ્યા કરી છે. અને તે પુસ્તકનું ગુજરાતી ભાષાંતર સસ્તા સાહિત્ય વર્ધક કાર્યાલયે છપાવ્યું છે. પરંતુ પુસ્તકમાં લેખકે ઘૃણા એટલા માટે જ બતાવેલી છે, કે-" હિંદની પ્રજાના માનસને તે પુસ્તક બંધ બેસતું લાગે અને દયાની લાગણીથી પણ તે પુસ્તક વાંચે.

પ્રથમ હળવા પ્રચારને માટે આવા પુસ્તકો સામાન્ય વાંચન માટે ફેલાવવામાં આવે છે. પછી આર્થિક દૃષ્ટિથી પ્રાણિજ સૃષ્ટીના ઉપયોગના પદ્ધતિસરના પાઠ્ય પુસ્તકો કોલેજોમાં ચઢાવાય છે, તેના ઉપર એમ. એ. માં નિબંધો માંગવામાં આવે, પછી એ વાત વર્તમાન પત્રો અને પ્રાસંગિક

દાખલ થવા કેટલાક અદીર્ઘદષ્ટિ જૈન જૈનેતર હિંદુબંધુઓ આજે પડાપડી કરી રહ્યા છે. અને આજનું રાજ્યતંત્ર તેમ કરવા લલચાવી રહ્યું છે. ચુંટણી જંગ તેમાં રસ ઉભો કરે છે. ચુંટાયેલાને માનપાન મળે છે, ને તેથી કેટલાકના આર્થિક વિગેરે અંગત સ્વાર્થો પણ સંધાતા હશે! રાજ્યમાં માન વધે છે. "ચોકખું માંસ લોકોને મળવું જોઇએ." એ વિચારથી તેઓને માંસની દુકાનોની વ્યવસ્થા જોવા પણ જવું પડે છે. એથી તેઓ જાહેર કતલખાના અને માંસાહારની દુકાનોને એક રીતે સીધો ટેકો આપી રહે છે.

ત્રીજી તરફઃ-માંકડ,-ચાંચડ, મચ્છર વિગેરે ઝીણા જંતુઓને મારી નાંખવાનું, સાપ, વીંછી વિગેરે ઝેરી જંતુઓને મારી નાંખવાનું, મગર વિગેરે જળજંતુઓને મારી નાંખવાનું, શહેરમાં નકામાં પડેલા કુતરા વિગેરેને મારી નાંખવાનું, ખેતીના પાકને નુકશાન કરતા વાંદરા, હરણ, રોજ, ઉંદર, કાતરા, તીડ, વિગેરેને મારી નાંખવાનું સૂચન તો અહિંસક ગણાતા દેશનેતાઓ પણ કરતા રહે છે. અને તેને મારવાના ઇનામો પણ નીકળ્યા દાખલા મળે છે.

માછલીને આર્થિક દષ્ટિથી દેશનું ધન ગણીને તેની સુકવણીનો વેપાર કરવાનું આધુનિક અર્થ શાસ્ત્ર ભણેલા દેશી અમલદારો અને માત્ર આર્થિક વિચારણા કરતા નેતાઓ પણ રાજ્યને ગર્ભિત કે સીધી સમ્મતિ આપી રહ્યા છે.

સાચી અહિંસાના પ્રચારક અને તેના પ્રતિકો તથા રીત રીવાજોનું રક્ષણ કરનારો વર્ગ રાજ્ય સત્તાના ભયથી ડરતો રહે, રાજ્યસત્તાની વચ્ચે ન આવવાનું વચન પાળતો રહે, માટે એ બધું રાજ્ય સત્તાને નામે કરાવવામાં આવી રહ્યું છે. કેટલાક એવાયે જુલ્મો દેશી રાજ્યોની અંધાધુંધી ચલાવતી સત્તાના કલ્પિત પડદા પાછળ ઉભા રહેવા દે અને ચલાવવામાં આવતા હોય છે.

આ પ્રશ્ન ઉઠાવ્યો હતો, તેનો કોઇ દેશનેતા સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. ખરી રીતે, આ હિંસા વધારવાજ લોકોને ભ્રમણામાં નાખવા અહિંસાની વાત વિદેશીઓ તરફથી પ્રચારમાં આવી હતીઃ અને દેશનેતાઓએ તે ઉપાડી લીધી હતી. એટલે ઉડાઉ જવાબ આપ્યા વિના બીજો રસ્તો જ નહોતો. પશુ-પક્ષિની રક્ષા તથા માંસાહાર વિરોધિ પ્રવૃત્તિ કરનારા કેટલાક વિદેશી પ્રચારકો આ દેશમાં દેશીઓની લાગવગ મેળવી પ્રચાર કરી રહ્યા છે, તે પણ હિંસા અને માંસાહારની વૃદ્ધિમાં પરિણમે તેમ છે. માટે વિશ્વાસ કરવા જેવું નથી.

યાંત્રિક ખેતી વધતાં બળદો વિગેરે ખેતીમાં ઉપયોગી પશુઓની પણ એ દશા નજીક આવતી જાય છે, હિમાલયમાં આવેલ મુક્તેસર વિગેરે સ્થળે ઘોડાના પ્લુરસી રોગના ઇજેક્ષનો બનાવવા માટે પણ લગભગ વાર્ષિક ૩૦ થી ૪૦ હજારની સંખ્યામાં કેટલાક બળદોનો મારવામાં ઉપયોગ થતો હતો. સારી ઓલાદના બળદો ખેતી માટે ઉછેરવાની વાત પણ કામચલાઉ જ છે. દૂધનો વેપાર હાથ કરવા માટે દૂધાળા ઢોરને મોટા પ્રમાણમાં ઉછેરવા માટે સારી ગાયો તૈયાર કરવા, સારા આખલા જોઇએ. જ્યાં સુધી ખેતીના યંત્રો દેશભરમાં વ્યાપક ન થાય, ત્યાં સુધી તેનો ખેતીમાં પણ ઉપયોગ થાય. પછી તો કતલખાના શિવાય તેઓનો બીજો આશરો જ નથી. પૌષ્ટિક માંસ માટે, તથા જુદા જુદા રોગો પર દવાઓના બ્હાને તેની હિંસા મોટા પાયા ઉપર ચાલવાની જ છે. એમ આજના વાતાવરણ ઉપરથી સ્પષ્ટ ભાસ થાય છે.

જળ જંતુઓ અને જંગલી પ્રાણીઓ શિકારના શોખીનો માટે શિકારના લક્ષ્ય બનતા જાય છે. અને શિકારના ક્ષેત્ર વિસ્તારાતા જાય છે. અને તેને માટે રીતસર શિક્ષણની સગવડ પણ થતી જાય છે. તેની રીતો પણ દેખાડાય છે. માસિકો અને વર્તમાનપત્રો તેમાં વેગ આપે છે.

હવે. માત્ર રહ્યા દુધાળા ઢોરો. તેની પણ દશા સારી નથી જણાતી. કેમકે-માંસ માટે પશુઓનો કેટલોક ભાગ પરદેશ જતો હશે. ખરાબ ઓલાદને, નબળાને, અને રખડતાને મારી નાંખવાની વિચારણાઓ

વર્ગોના પાઠ્ય પુસ્તકોમાં દાખલ થાય છે. મુંબઈમાં ગુજરાતી બીજી ત્રીજી ચોપડીમાં ચાલતા પુસ્તકમાં એવી વાતો ચિત્રો સહિત રીતસર ધીમે ધીમે દાખલ કરવામાં આવતી જાય છે.

બીજી તરફ નબળા પશુઓના પાલનનો વધુ પડતો બોજો "ગરીબ પ્રજા ઉપર પડતો હોવાથી તથા આર્થિક દૃષ્ટિએ સારા પશુઓને જ બચાવવાનું જરૂરી હોવાથી, નબળા પશુઓને શા માટે કતલખાને મોકલીને તેના શરીરના અવયવોમાંથી નવનવી ચીજો બનાવીને દેશને આર્થિક લાભ ન મેળવી આપવો ?" આવા આવા લેખોનો પ્રચાર થઈ રહ્યો છે. તે માટે કાયદા પણ થઈ રહ્યા છે, અને આગળ પાછળની પરિસ્થિતિથી અજ્ઞાત રાષ્ટ્રવાદી ધાર્મિક વૃત્તિના લોકોનો ટેકો લઈને, સરકાર તેવા કાયદા પણ કરી રહી છે.

આ આખી પ્રવૃત્તિને ટેકો મળી શકે, તેવું હિંદનું થોડુ ઘણું લોકમાનસ ઘડવા "કતલખાનું" પુસ્તકનો પ્રચાર થવા દીધો છે, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના સંચાલકો આ મુદ્દો સમજી શકયા નથી, એ કાર્યાલય એવી તો ઘણીજ ભૂલો તો કરે છે, તેમાંની આ એક વધુ ગંભીર ભૂલ છે.

રેલ્વે, મોટરો, એરોપ્લેનો, સાયકલો વિગેરે યાંત્રિક વાહનોની વધતી જતી વપરાશથી હાથી, ઘોડા, ઉંટ, બળદો, ગધેડા, પોઠીયા, વિગેરે નકામા પડતા જાય છે. તેમ તેમ તેને માટે કતલખાનાનો રસ્તો ખુલ્લો થતો જાય છે.

આ રીતે, વિદેશીઓએ ભારતમાં હિંસાનો પાયો નાંખી દીધો છે. અને તેને જાહેરમાં પ્રતિષ્ઠિત પણ બનાવે છે. ૧૯૧૯ થી ભારતમાં અહિંસાનો નાદ ગુંજ્યો છે. પણ તે કૃત્રિમનાદ હતો, કેમકે-ત્યાર પછી હિંદના માનવેતર પ્રાણીઓની હિંસા ખુબ વધી છે. અને માનવોની ગુપ્ત હિંસાએ પણ મર્યાદા મૂકી છે. એક અંગ્રેજે "હિંદમાં હિંસા વધ્યાનો"

કેતરી પરદેશી મૂઠીઓથી ઉભી થતી ડેરીઓને વકરાના ક્ષેત્રો ઉત્પન્ન કરી આપવા માટે, આમ જાહેરના ઘી, દૂધ બગાડવાની અને તેના ઉપર અંકુશ મૂકીને પ્રજાના ઘી, દૂધના ઉત્પાદનના મૂળ ક્ષેત્રો બંધ પાડી દઇ, નવા કેન્દ્રો ઉઘાડવાની તક ઉભી કેમ ન કરવામાં આવતી હોય ? આ પણ સમજવા જેવો પ્રશ્ન છે. આ યોજનાઓને અમલી બનાવવા પ્રદર્શનો માં સારી ઓલાદના પશુઓ ને ઉત્તેજી પ્રદર્શનો મારફત પ્રચાર કાર્ય કરવામાં આવે છે.

પશુપાલક ગરીબ લોકોનાં જીવન પણ ખર્ચાળ થયા છે, સંતાનો ફરજીયાત ભણવા જાય, તે ધંધામાં મદદ કરી શકે નહિ, ગરીબી, કાયદા, સારા સાધનોનો દિવસે દિવસે અભાવ, વિગેરે વધતા જતાં મુશ્કેલી ભર્યા સંજોગોમાં આજીવિકા ચલાવવા એ ગરીબ લોકો પોતાના માલમાં દગો કરતા થઇ ગયા છે. પછી, પૈસાની લાલચે વધુ ને વધુ દુધ ઘી બગાડવાનો ચેપ ફેલાતો જાય છે. તેમાં દેશી વેપારીઓ ભળે છે, અને તેની મારફત તથા એ બહાનાથી વિદેશી સ્વાર્થી જાળો આગળ વધારાય છે. તે લોકોને તે ધંધામાંથી કાઢી નાંખવાની હિલચાલને વેગ આપી શકાય છે. અને વેજીટેબલ ઘીના પ્રચારથી ઘી તો બગડી ગયું છે. દેશનાં મૂળ ધંધાદારીઓની આ સ્થિતી થતાં, ડેરીઓના ઘી, દૂધ, ચોક્ખાં મળે. અને સારે ભાવે સારા માણસો લેતા થતા જાય, તેમ તેમ તેના વેપારનો વિકાસ વધતો જાય. તેમ તેમ તે મૂળ ધંધાર્થીઓના ધંધા વગર ટકે તુટતા જાય. એક નવી પ્રવૃત્તિને મજબૂત ટેકો મળે, એટલે પ્રથમની મૂળ સ્થિતિ તુટીજ પડે.

આજકાલ પ્રજાને ઘી, દુધ, ચોક્ખા મળવા માટે રાજ્યો અને પ્રજાજનોના આગેવાનો પ્રયાસ કરતા દેખાય છે. પરંતુ ઘેર ઘેર ગાય, ભેંસ, બંધાય, અને તેને માટે મ્યુ. મારફત મફત બાંધવાની સગવડ મળે, તથા સસ્તા ઘાંસની સગવડ મળે, તોજ આ પ્રશ્નનો ઉકેલ થાય તેમ છે, પરંતુ તે ગોઠવણને રાજ્યને ટેકો નથી. પ્રથમ ઘેર ઘેર ગાય, ભેંસ, રાખવાથી

અને કાયદા ફેલાઇ રહેલા છે. જો કે રચનાત્મક શબ્દોમાં દુધાળા પશુઓની ઓલાદ સુધારવાની વાત આગળ આવે છે. પરંતુ તેનો આડકતરો અર્થ એ છે, કે "સારી ઓલાદને વધારવી, એટલે નબળી ઓલાદને ઓન્છી કરી નાંખવા માટે–તેનો વંશવેલો ન ચાલે, તેવી રીતે નર–માદાને અલગ રાખવા, અથવા નાશ કરવો." વિગેરે યોજનાઓ પ્રચારમાં આવતી જાય છે. અને લડાઇ દરમ્યાન કંઇકનો કચ્ચરઘાણ નીકળી ગયો. જેથી, લડાઇ પછી વેજીટેબલ ઘીની પૂરી છુટના વખતમાં પણ ઘીનો ભાવ રૂ ૨૦ થી ૩૫ ને બદલે ૮૦, ૯૦, ૧૦૦, ૧૨૦, સુધી પહોંચી ગયો. એ પશુના મોટા નાશનું પરિણામ હતુ. અને વળી, પ્રદર્શનો મારફત સારા પશુઓ ઉચ્છેરવાનો પ્રચાર કરવામાં આવે છે. આ બધી બેવડી યુક્તિ પ્રયુક્તિથી પ્રજાની સમજ શકિત જ ગુંચવાઈ જાય છે. એક તરફ દયા દેખાય અને બીજી તરફ કતલ જણાય. એવી ખુબી છે.

સાંભળવા પ્રમાણે મહુની છાવણીમાં એક ડેરી કંપની છે, તેમાં જેટલા વાછરડા, વાછડી જન્મે તે જો સારી ઓલાદના પાકે તેમ હોય, તો તેને જીવવા દે છે, નહીંતર, ત્રીજે દિવસે શિકારી કુતરાને નાંખીને મારી નાંખે છે. કેટલાક દયાળુઓ તેઓને બચાવવાની માંગણી કરે છે. ત્યારે નંગ દીઠ એક રૂપીયો માગે છે. લેનારાઓને પૈસા આપવા અને ઉચ્છેરનો બોજા ઉપાડવો, તે ગરીબ ગામડાઓવાળા મહાજનો શી રીતે કરી શકે? જે ફરજ રાજ્યની અને સમસ્ત પ્રજાની છે, તે ફરજ જીવદયા પ્રેમીઓ ઉપર નાંખવાથી, તેઓ એકલે હાથે કેટલેક પહોંચી શકે? આખરે થાકે. તેમને નિંદાય, અને હિંસાને પૂરતી છૂટ મળે.

પ્રજામાં છેલ્લા પચાસ વર્ષમાં ખરાબ ઘી, દૂધનો, ખુબ ફેલાવો થયો છે. જો કાયદાની સાચી દેખરેખ હોય, રાજ્ય સંસ્થા પ્રજાના હિતનું વ્યવસ્થિત કામ કરતી હોય, તો જે દેશમાં ઘી, દુધ માટે કદી ખોટ નહોતી, અને કદી ફરીયાદનું કારણ નહોતું, તે દેશમાં ભગડેલા ઘી, દૂધનો વખત કેમ આવ્યો? શો સુધારો થયો? તે કહેવું મુશ્કેલ છે. , તેનું ખરૂં કારણ ચોકખા ઘી, દૂધ પૂરાં પાડનારી સીધી યા આડ-

યુવકો પણ વિરોધ કરવાને બદલે તેવી હિંસા સામે મૌન રહેતા થાય છે. અને કેટલાક આધુનિક કૃત્રિમ વિદેશી અર્થશાસ્ત્રના પાઠ પઢેલા મોટા પંડીતો જેવા અર્થશાસ્ત્રની ડીગ્રી ધરાવતા આર્થિક દૃષ્ટિએ તેવી વાતોનું સમર્થન પણ કરતા થઇ જાય છે. ડેનમાર્કમાં અનાજની તંગી વખતે કુકડાઓને અપાતું અનાજ બચાવી, તે માનવોને આપવા અને કુકડાંને મારી નાખવાની યોજના અમલમાં આવેલી હતી, તે દાખલો આપીને મનુષ્ય ખાતર અનાજ બચાવવા માટે નબળા ઢોરોની કતલની આવશ્યકતા વિષે સુચન કરનારો એક લેખ હરિજન બંધુમાંજ છપાયેલો વાંચ્યો હતો. જુઓ આજની અહિંસા !

સારી ઓલાદના વૈજ્ઞાનિક ખર્ચાળ ઉચ્છેરને આ દેશના ગરીબ પશુ ધંધાર્થીઓ પહોંચી વળી શકે જ નહીં. સરકાર નાણાં ધીરે, પણ આખરે તો વિદેશી મુડીદારો જ તેમાં ફાવી શકે. એટલે, એ ધંધા પ્રથમ દેશી મુડીદારો મારફત-છેવટે વિદેશી મુડીદારોના હાથમાં જ જાય. આ તેનો કાર્યક્રમ છે. અને ધાર્મિક માન્યતાઓની પરદેશીઓ મારફત કે-આ દેશના તેઓના અનુયાયિઓ મારફત ટીકા થાય, અને દેશના આર્થિક પ્રશ્નની વાત, કોઇ ગમે તે રીતે કરે, એટલે આજના નેતાઓ અને યુવકો આગળ પાછળનો વિચાર કરવાનાજ નહીં. તુરત જ પ્રચારકામ હાથમાં ઉપાડીને ઓલાદ સુધારણાને ટેકો આપે છે. આજે "ગૌવધ" અટકાવવાનો પ્રશ્ન ધાર્મિક દૃષ્ટિએ ન ચર્ચવો. પણ આર્થિક દૃષ્ટિએ ચર્ચવાની ઝુંબેશ ચાલી રહી છે. કેમકે-જયારે વિજ્ઞાન દુધાળાં ઢોરો વિનાજ દુધ પૂરું પાડે, ત્યારે તો આર્થિક દૃષ્ટિએ પણ ગાયોની જરુર ન રહે, એટલે તે વખતે ધાર્મિક દૃષ્ટિ ગાયોને કતલખાને લઇ જવામાં રોકાવટ ન કરી શકે. વળી, જુદા જુદા પશુના વૈજ્ઞાનિક માંસની વાત રાહુલસાંકૃત્યાયનજીએ પોતાના પુસ્તકમાં આપી છે. અરે ! મુંબઇની જીવદયા મંડળી અને વૈષ્ણવોના ગોરક્ષક મંડળો વિ. વગર વિચાર્યે ઓલાદ સુધારણાની વાત ઉપાડીને ઓલાદ સુધારણાને ટેકો આપે છે. અને "દયાળુઓના તથા દેશના ખરા હિતના

અનાયાસે પ્રજાના પેટમાં ઘી; દુધના શેધ રેડાતા હતા. તે સ્થિતિ આવે તેમ નથી. જો કે ઘેર ઢોર બાંધવાની જ વાતો જાહેરમાં સૌ કરવાના. પરંતુ ઘેર બાંધવાની અનુકુળતાના માર્ગો બંધ થઇ ચૂક્યા છે, કોઇને સગવડ હશે, તો તે બંધ થવાની અણી ઉપર છે. આ સ્થિતિમાં "તે શક્ય નથી." એમ માની સહજ રીતેજ કદાચ પ્રજા ઉપર દયા આવવાથી કરુણામય ભાષામાં અપાતા ભાષણો ડેરીઓના વકરાને ઉત્તેજવાના કામમાંજ પરિણમવાના છે, જાહેરાતની એ પણ એક ખુબી છે. દુધાળા ઢોરના પ્રદર્શનો, આખલાના ઇનામો, નામદાર વોયસરોય સાહેબ જેવા મોટામાં મોટા અમલદારના હાથે આખલાઓની પ્રસિદ્ધિ, મોટે સ્થાનેથી પ્રસિદ્ધિ થતાં રાજા મહારાજાઓ અને શેઠ શાહુકારો વિગેરેનું ધ્યાન તરફ બરાબર જાય છે. દુધાળાઓની લાવ લઇ જાવ માટે રેલ્વેના સસ્તા દરો કરવા, વિગેરે સર્વ ડેરી કંપનીઓના વિકાસ માટેની જાહેરાતો જ છે. પણ હિંદના પશુ ધનને ઉછેરતા મૂળ ધંધાર્થીઓને ઉત્તેજન આપવા માટે નથી જ. બલ્કે, તેના હાથમાંથી એ ધંધા તેમને જાહેરમાં હડધૂત કરી ધારાસભામાં કાયદા કરીને પડાવરાવી લેવા માટે જણાય છે.)

કેટલાક લેખકો લખી ચૂકયા પણ છે, કે—"હિંદમાં માણસોને ખાવા મળતું નથી તેવા સમયમાં નબળા પશુઓ પાછળ હિંદીઓ માસિક રૂ ૩ ત્રણ ખર્ચે છે. તેને બદલે રૂ ત્રણ ખાનાર સાડાત્રણ આપે, તેવા ઉત્પાદક પશુઓ કેમ ન જીવાડવા? અને બોજારૂપ થતા નબળાનો નાશ કેમ ન કરવો? પરંતુ હિંદુઓની ધાર્મિક માન્યતાઓ તેઓને પણ જીવાડવાની છે, તો અમે તેમની આડે આવતા નથી. પરંતુ દેશના આર્થિક દૃષ્ટિથી તે શી રીતે ચલાવી લેવું વ્યાજબી છે? તેનો વિચાર કરવા સૌને વિનવીએ છીએ." આવી આવી નમ્રતાભરી દલીલો ભોળા દીલના યુવકો વિગેરેના મનમાં ઝટ ઉતરી જાય છે, અને તેનો પ્રચાર કરવા પણ માંડે છે. અને ધીમે ધીમે પ્રચાર વધે છે. પરિણામે મદ્ર જેવી સ્થિતિમાં કેટલાક જૈન

કામોમાં વધુ રસ લે છે. માત્ર ગળાકાપાઓ મારફત જ પશુઓને મારીને કેટલાક ખાટકી લોકો પોતાની દુકાનો ચલાવતા હતા, તે ખાનગી પ્રયાસો હતા. તેને હિંદની જાહેર પ્રજાનો ટેકો નહોતો. હવે મ્યુ. મારફત મોટા મોટા યાંત્રિક કતલખાના થાય, તેમાં પ્રભુના જન્મ દિવસની રજા પાળવાનો મેળાવડો કરીને બાકીના દિવસોમાં જાહેરનો ટેકો મેળવી લેવામાં આવે છે. ખાનગી ખાટકીવાડાને માંસાહારીઓ સિવાય જાહેરનો ટેકો નહોતો. પરંતુ મ્યુ. જાહેર પ્રજાની સંસ્થાઓ છે. માટે જાહેર સાથે જૈનોનો પણ જાહેર ટેકો ભળે છે.

જે માનવોના ભલા માટે નાના જંતુઓને, જંગલના પશુઓને, ગામના નકામા પશુઓને, વાહનના પશુઓને, ખેતીમાં નુકશાન કરતા જંતુઓને, અને પશુઓને મારી નાખવાની જે જરૂરીયાત આ જમાનો કરાવી રહેલ છે. તે જમાનાની ફક્ત માનવોની બનાવટી દયા વિષેનો પણ થોડો વિચાર કરી લઇએ:—

"જૈનો નાના જંતુઓને બચાવે છે. મોટા પ્રાણીઓને રેંસી નાખે છે" [મોટાને રેંસવામાં "લેણદારો પાસે કડક ઉઘરાણી કરે છે. ખોટી રીતે દેવાદાર બનાવે છે," વિગેરે વિગેરે આગળ કરવામાં આવે છે. બીજું તો કાંઇ મળે તેમ નથી, ને તેમાં પણ ઘણું જુઠાણું છે.] એટલે કે "જૈનોને માનવ દયા નથી." ખરેખર, "માનવ દયા ન હોવી અને ઝીણા જંતુઓને બચાવવા નનતોડ મહેનત કરવી," એ વાત સાંભળતાંજ જૈનોની મૂર્ખતા ગમે તેને ગળે ઉતરી જાય. જે વાસ્તવિક નથી પરંતુ જૈનોને આ રીતે હલકા પાડવામાં "આ દેશમાંની જૈનોની આગેવાની આવા કાયદાઓ કરવામાં આડે ન આવે." તે હેતુ સમજી શકાય છે. પહેલેથીજ ભયંકર હિંસક તરીકે જનસમાજમાં જૈનોને વગોવાતા કર્યા હોય. તો પછી તેઓ અહિંસાને નામે આડે આવી શકેજ નહીં. અને આડે આવવા જાય, તો જાહેર પ્રજા તેને બેસાડી જ દે. કહે કે—"બેસો બેસો" 'તમે ભયંકર હિંસકજ છો. જુલમી છો. કયે મોઢે અહિંસાના જ્ઞાન કરો છો?"

ચાલ્યા આવતા કામમાં પોતે વિઘ્નભૂત થાય છે." તેની તેને ખબર પણ નથી રહેતી. આ અને આવી ઘણા પ્રકારની આજની અહિંસાના પડદા પાછળ ચાલી રહેલી હિંસાના મજબુત પાયા રોપનારી ભયંકર હિંસાને અજ્ઞાનથી મુંબઇ જીવદયા મંડળીનો મજબુત ટેકો હોવાથી હું એ સંસ્થાને એક અપેક્ષાએ–જીવહિંસા મંડળી કહું છું, તે સહેતુક છે. બીજી પણ ઘણી રીતે સાચી અહિંસાને રૂંધવામાં અને વિદેશી સ્વાર્થો સાથે જોડાયેલી કૃત્રિમ અહિંસાને–પરિણામે હિંસાને–એ સંસ્થાનો ટેકો જીવદયાના પડદા પાછળ ગોઠવાતો જાય છે. જો તે સંસ્થા ખરેખરી જીવદયાની સંસ્થા હોત, તો અહિંસા પ્રધાન ભારત જેવા દેશમાં આટલા વર્ષોમાં જોત જોતામાં આટલી હિંસા વધી ન જાત. પરંતુ, હિંસાને રોકનારી પ્રબળ મહાજન સંસ્થાને દુર્લક્ષ્ય કરતી કરવા આ સંસ્થાને આડકતરી રીતે પાછળની સરકાર તરફથી વેગ આપવામાં આવ્યો છે. જેનો ખ્યાલ તેના શરૂઆતના સંસ્થાપકો તથા આજ સુધીના સંચાલકોને હજી પણ આવ્યો નથી. અને ગતાનુગતિકતા કર્યે જાય છે.

બસ. આ રીતે પ્રજામાંજ મતભેદો અને આંતર કલહો મંડાતા જાય, એટલે ધીમે ધીમે કાયદાઓ થતા જાય. મુંબઇ વિગેરેની, મ્યુ૦ નકામા ઢોરોને કતલખાને મોકલવાનો ઠરાવ કરી શકેલ છે. બીજું મ્યુ. હાલમાં અમુક અમુક મોટા તહેવારના પસંદગીના દિવસોમાં કતલખાના બંધ રાખી પ્રથમ પ્રજાનો ચાહ મેળવવાની ગોઠવણ કરી રહી છે. ને ધીમે ધીમે ભવિષ્યને માટે મ્યુ. પોતાના હસ્તક જાહેર કતલખાના ચલાવવાની વેતરણમાં પ્રવેશતી જાય છે. પ્રમુખો અને ચેરમેનોને માન મળે છે. પરંતુ એમ કરીને "રજાના દિવસો સિવાયના દિવસોમાં પણ કતલ કરવાની જાહેરની છુટ અહિંસક લોકો પાસેથી પણ લઇ લે છે." એ વાત કોઇના ધ્યાનમાં રહેતી નથી. ભવિષ્યમાં ખરૂં સ્વરુપ સમજાશે, ત્યારે સૌ લમણે હાથ દઇને વિચારણામાં પડશે. શેઠ રવજી સોજપાળ વિગેરેનું આ તરફ ખાસ ધ્યાન ખેંચુ છું, કેમકે–તેઓ આવા જાહેર

વાનો છે. તેઓની સગવડ માટે મૂળ ભૂમિકા રચના આપણી રાષ્ટ્રીય સરકાર આંતરરાષ્ટ્રીય ધોરણે દરેક પ્રદેશના એકમો કરી રહેલ છે.–તેથી એક સરખા કાયદા બધેય ચાલે. અને નેતાઓ દરેક સ્કીમોને આંતરરાષ્ટ્રીય ધોરણે ચલાવવાના ઠરાવો જુદી જુદી પરિષદો મારફત કરી રહ્યા છે. એમની મૂળ ભૂમિકા તથા તેમાં વિદેશી મૂડી અને નિષ્ણાતો આ દેશમાં ફેલાઇ જવાના હોય, તેવા સ્પષ્ટ ચિન્હો સહુને દેખાય છે, બધાય આ દેશમાં આવવા ટાંપી રહ્યા છે. તેના ઘણા પૂરાવા મળે છે. "અમેરીકન સંદેશ" ઘણા પૂરાવા પૂરા પાડે છે.

ધંધા હાથમાંથી જવાથી ગરીબ થતી ભારતની પ્રજાને ભવિષ્યમાં કોણ બચાવશે? પરંતુ, કાંતો વિદેશમાં ધંધા ખાતર વેર વિખેર થઇ જવાથી રોગ અને ભુખમરાનો ભોગ બનવાથી, અનાથાશ્રમો વિગેરેમાં દાખલ થવાથી, ધર્મ પરીવર્તન કરવાથી, કદાચ આપણાં લોકોમાં ગરીબી બહાર ન પણ દેખાય, એવો પણ સંભવ છે.

વિદેશી મૂડી સુરક્ષિત રાખવાના કાયદા થઇ રહ્યા છે. તે મૂડી-ના નવા કરોડોના ઉત્પાદનમાં રોકાયેલા દેશી લોકોને પગાર કે કમીશન રૂપે લાખોના સારા ભાગ મળે, તેમ થશે. તેથી કેટલાક મીલ માલીકો, અમલદારો, વકીલો, ડૉક્ટરો, વેપારીઓ વિગેરે ધનવાન દેખાય છે, ને દેખાશે: પરંતુ તેનુ ધન પરંપરાએ પરદેશીઓનું જ છે.

દેશનું મૂળ ધન બહુજ થોડાના હાથમાં જમીન અને મૂળ ધંધા તથા બીજા રૂપે છે. અને તે દિવસે દિવસે ઘટતું જાય છે. જમીન ઉપરના દેશીઓના મજબુત હક્કો કાયદાથી ઢીલા કરવામાં આવ્યા છે. જેથી પરદેશીઓ આ દેશના વતની થઇ ધનના જોરથી જમીન હાથ કરી શકે, તેવી ભૂમિકા રચાઇ રહી છે.

મૂળ ધનની આવકનો માણસ રોજ ૧ રૂપિયો આવતો હોય, તો પણ સારો. પરંતુ કરજના ધનના ૧૦ રૂપીયા પણ આખરે ખોટા ગણાય છે. આ દેશ ઉપર અબજોનું કરજ થશે, તે સ્વતંત્ર

આમ ખોટી રીતે માનવ દયાને આગળ કરીને, બીજા પ્રજા-જનોની સહાનુભૂતિ મેળવાય છે. જૈનોની દયાને ધૃણાસ્પદ કરી શકાય છે. તેના ફળરૂપે, મનુષ્યોના હિત ખાતર નાના અને નકામા થતા પશુઓ અને જંતુઓને મારી નાંખવાનાં કાયદા આ ભારત દેશમાં પણ કરી શકાય છે. તેની આડે જૈનો આવે તો, તેનાજ બીજા દેશ બાંધવોજ ઉપરની દલીલો આગળ કરીને તેમની આડે આવે. એમ મતભેદમાં કાયદાને પસાર થતાં તો વાર લાગેજ નહિ. કેમકે-ધારાસભા વિગેરેમાં એવાજ વિચા-રનાઓને પ્રથમ દેશ નેતા બનાવરાવી પ્રજાના કેટલાક ભાગનો બીજા મુદ્દાઓ ઉપર વિશ્વાસ ધરાવરાવીને આકર્યા હોય છે.

માનવોમાં પણ બેકારી વધતી જાય છે. રોગો વધતા જાય છે. દેશમાં વિદેશી ધન વધતું જાય છે. વિદેશી રીતિના અને સ્વાર્થના ધંધા વધતા જાય છે. ઉત્પાદન ક્રિયામાં વેગ વધતો જાય છે. લોકો તનતોડ મહેનત, મજુરી, ટાઇમસર અને ખેંચી ખેંચીને શક્તિ ઉપરાંત દોડતાં દોડતાં કરી રહ્યા છે. છતાં, લોકોમાં બેકારી વધતી જાય છે. અનાથ, રોગી, ગરીબ, નિરાશ્રિત, નિરૂદ્યમી, નબળા, પોચાં, ટુંકા, પાતળા, અશક્ત, ગાંડા, ઘણું ભણેલા છતાં સાચી હકીકતથી અજ્ઞાત, વિગેરેના વર્ગોને વર્ગો વધતા જાય છે. કારણ એક જ છે કે—આ દેશના ઘણાખરા ધંધાના મુખ્ય મથકો પરદેશી લોકોના હાથમાં છે, ને જે નથા, તે તેના હાથમાં જતા જાય છે, તેથી મુડી, ધંધા અને ધન દેખાય છે. તે સઘળા પ્રાયઃ દેશી મુડીદારોના પડદા પાછળેય પરદેશીજ છે. હમણા નજીકનાજ ભવિષ્યમાં અમેરીકા વિગેરે-ની મોટી મૂડી ધંધા અને ઉદ્યોગો ખીલવવા, ભારતના માનવીઓની ગરીબી દૂર કરવાને બહાને, દેશમાં ઉતરી પડવાના છે. અને આપણી રાષ્ટ્રીય સરકાર તેને ગરીબી ટાળવાના ઉદ્દેશ નીચે એક વખત મજબુત ઉત્તેજન આપે છે. તેમજ, વિદેશી ધંધા–નિષ્ણાતોનો પણ મોટો વર્ગ સરકારના આમંત્રણથી આ દેશમાં ઉતરી પડવાનો છે. અને તે અહિંના નાગરીક તરીકેના હક્કો ભોગવી શકે તેવી રીતે સ્થાયિ વતની તરીકે રહે-

સંહાર પ્રતિષ્ઠા કેમ નહીં પામે? આ પ્રશ્ન પણ ઉપેક્ષા કરવા જેવો તો નથી જ. પશ્ચિમ પંજાબમાં ખેતી–માટે અને કાશ્મીરમાં મગજના કામની ખીલવટ માટે વિદેશી ગૌરાંગ વિદ્વાનો અને સમર્થ લોકોનો વહેલો વસવાટ શરૂ થશે, એવી ચોક્કસ સંભવના રહે છે. અને ખેતી પ્રધાન દેશના ઘણા લોકોને નિર્વાસિત સ્થિતિમાં આવવું પડયું છે. પરંતુ ખુબી એ છે, –નિર્વાસિત થવું, એ પણ આજની એક જાહેર હિલચાલ ગણાય છે. નિર્વાસિતોને માટે જે કાયદા થાય છે, તેનો ખરો લાભ તો હવે પછીની લડાઈ પછી, હિંદ બહારના યુરોપમાંથી નિર્વાસિતોના ટોળાને ટોળા આવશે, તેમને મળવાનો છે. તેઓ એ કાયદાથી રહેવાના ઘરો અને ધંધા આ દેશમાં સહેલાઈથી મેળવી શકશે, કેમકે–કાયદામાં પ્રાંત બહારના હિંદના નહિ, પણ દેશ બહારના કોઇ પણ નિર્વાસિતો માટે કાયદાથી પ્રથમ હક્ક મળે તેવી જોગવાઈ છે.

આ તરફ સ્વચ્છતા, શોભા, કળા, વિગેરેને નામે દેશ ખીલતો જાય, તેમાં સશક્ત માણસો પ્રવેશતા જાય, મૂળ સબળા હતા, તે નબળા પડતા જાય, નબળા નાશ પામતા જાય. એવો ક્રમ સો વર્ષ ચાલે, તો ઘણા કાળા લોકો અલોપ થતા જાય, અને ગોરાઓ આ દેશમાં ફેલાતા જાય. અને તેથી આ દેશ સુસંસ્કારી અને સમૃદ્ધ તથા સ્વર્ગ સમો બનતો જાય, એ સ્વભાવિક છે. આનું નામ આજનો દેશોદય અને સંસ્થાનિક [ગોરી પ્રજાઓના વસવાટના સ્થાનમાં] સ્વરાજ્ય છે. તેને માટે નેતાઓનો ભોગ છે, અને તેને લીધે તેમને વિદેશમાં માન પ્રતિષ્ઠા મળે છે.

આજની માનવ દયાની પાછળી પરિણામે માત્ર ગોરા માનવોની જ દયા હોય, તો પણ આપણને વિચારવું પડે તેમ છે. એટલે કે– આજના જમાનામાં અહિંસાની મૂળ વ્યાખ્યા ફેરવીને જુદી જાતની દયાની વાતો: એનીમલ હોસ્પીટાલો વગેરે યોજનાઓ, ધર્મને નામે થતી હિંસાની બંધી, કરુણા દિન, વગેરે રચનાત્મક સીધી દયાની પ્રવૃત્તિઓ ચાલી રહેલ છે,

સંહાર પ્રતિષ્ઠા કેમ નહીં પામે ? આ પ્રશ્ન પણ ઉપેક્ષા કરવા જેવો તો નથી જ. પશ્ચિમ પંજાબમાં ખેતી–માટે અને કાશ્મીરમાં મગજના કામની ખીલવટ માટે વિદેશી ગૌરાંગ વિદ્વાનો અને સમર્થ લોકોનો વહેલો વસવાટ શરૂ થશે, એવી ચોક્કસ સંભાવના રહે છે. અને ખેતી પ્રધાન પંજાબના ઘણા લોકોને નિર્વાસિત સ્થિતિમાં આવવું પડયું છે. પરંતુ ખુબી તો એ છે, કે– નિર્વાસિત થવું, એ પણ આજની એક જાહેર હિલચાલ ગણાય છે. નિર્વાસિતોને માટે જે કાયદા થાય છે, તેનો ખરો લાભ તો હવે પછીની લડાઇ પછી, હિંદ બહારના યુરોપમાંથી નિર્વાસિતોના ટોળાને ટોળા આવશે, તેમને મળવાનો છે. તેઓ એ કાયદાથી રહેવાના ઘરો અને ધંધા આ દેશમાં સહેલાઇથી મેળવી શકશે, કેમકે–કાયદામાં પ્રાંત બહારના હિંદના નહિ, પણ દેશ બહારનાયે કોઇ પણ નિર્વાસિતો માટે કાયદાથી રહેઠાણ અને ધંધાના પ્રથમ હક્ક મળે તેવી જોગવાઇ છે.

આ તરફ સ્વચ્છતા, શોભા, કળા, વિગેરેને નામે દેશ ખીલતો જાય, તેમાં સશક્ત માણસો પ્રવેશતા જાય, મૂળ સબળા હતા, તે નબળા પડતા જાય, નબળા નાશ પામતા જાય, એવો ક્રમ સો વર્ષ ચાલે, તો ઘણા કાળા લોકો અલોપ થતા જાય, અને ગોરાઓ આ દેશમાં ફેલાતા જાય. તેથી આ દેશ સુસંસ્કારી અને સમૃદ્ધ તથા સ્વર્ગ સમો બનતો જાય, એ સ્વભાવિક છે. આનું નામ આજનો દેશોદય અને સંસ્થાનિક [ગોરી પ્રજાઓના વસવાટના સ્થાનમાં] સ્વરાજ્ય છે. તેને માટે નેતાઓના ભોગ છે, અને તેને લીધે તેમને વિદેશમાં માન પ્રતિષ્ઠા મળે છે.

આજની માનવ દયાની પાછળ પરિણામે માત્ર ગોરા માનવોની જ દયા હોય, તો પણ આપણને વિચારવું પડે તેમ છે. એટલે કે–આજના જમાનામાં અહિંસાની મૂળ વ્યાખ્યા ફેરવીને જુદી જાતની દયાની વાતો, એનીમલ હોસ્પીતાલો વિગેરે યોજનાઓ, ધર્મને નામે થતી હિંસાની બંધી, જીવદયા દિન, વિગેરે રચનાત્મક દયાની સીધી પ્રવૃતિઓ ચાલી રહેલ છે, તેની પાછળ ખરેખરી કઇ જાતની દયા છે ? તેનો ચિતાર ઉપર

હાલમાં આપણા ઉપદેશકો પણ પોતાના જાહેરમાંના વ્યાખ્યાનો આપણોમાં માનવતા, માનવ પ્રગતિ, માનવ રાહત, માનવ વિકાસ વગેરે વિષયો પસંદ કરતાં થયાં છે. પરંતુ આ શબ્દોના પ્રચાર પાછળ બે હેતુઓ જોડવામાં આવ્યા છે.

૧ પશુ, પક્ષિઓ, જંતુઓ તરફની દયા ખેંચી લઇ તેને માનવોમાં કેન્દ્રિત કરવી.

૨ ધાર્મિક પ્રવૃતિઓમાં ખર્ચાતા ધન અને સાધનોને ત્યાંથી અટકાવીને- વિદેશીઓથી આડકતરી રીતે ગરીબ અને દુઃખી થતા માનવો તરફ દાનનો પ્રવાહ લાવવાની પ્રેરણા ઉભી કરાવી ધાર્મિક બળને હતપ્રહત કરવાની યોજનાને વેગ આપી. શકાય છે.

માટે આવા શબ્દોનો પ્રચાર થવા દેવા માટેના તેવા ભાષણો પણ જોખમકારક છે. આપણી દૃષ્ટિથી માનવભવ મોક્ષનું અનન્ય કારણ છે. એ દૃષ્ટિથી આપણા વ્યાખ્યાનો હોય છે. પણ જાહેરમાં ગુંજતો **માનવ દયા, માનવ વિકાસ,** વિગેરે અવાજમાં, અને તે સત્ય વાસ્તે સહકાર આપીને તેમાં મદદગાર થઇ પડે છે. સામાન્ય પ્રજા પૃથક્કરણ કરી શકતી નથી.

હાલમાં દેશી રાજ્યોમાં ચાલી રહેલી જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના પણ વાસ્તવિક રીતની અહિંસાના પાયા ઉપર થતી નથી. પણ માનવી હિંસાના પાયા ઉપર છે. તે તંત્ર આપનાં રાજ્ય તરફથી એક બખારણુ પ્રજાના નવા વિચારના લોકોને હાથે તૈયાર થયું છે. તેમાં રાજાને સાલીયાણું બાંધી આપી તેની રાજસત્તા લઇ લેવામાં આવી છે. અને પ્રાચીન ભારતીય રાજ્ય નીતની જવાબદારી અદા કરવાની ફરજમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા છે. વતન હક્કના કાયદામાં ફેરફાર કરીને વિદેશીઓનો અહીં વતન હક્ક ચાલુ કરવામાં આવ્યો છે, અને અહીંના વતનીઓ અમુક વખત બહાર રહે, તો તેનો વતન હક્ક રદ કરવામાં

તેની પાછળ, ખરેખરી પણ કઇ જાતની દયા છે? તેનો ચિતાર ઉપર બતાવવામાં આવેલ છે, માટે આજની માનવ દયા પણ એક પાક્ષિક છે. અને તેનો પ્રચાર માનવ સિવાયનાઓની દયાને હાલમાં બિન જરૂરી ઠરાવવા માટે છે. અને ભવિષ્યમાં બિન જરૂરી માનવો શિવાયના માનવોની રાહત માટે છે. શાસ્ત્રોમાં ભાવ પરોપકાર, પોષક દ્રવ્ય પરોપકાર, અનુકંપા, ભાવદયા પ્રેરક દ્રવ્ય દયા. દુઃખિઆની દયા, માનવોની દયા, પ્રાણીમાત્રની દયા, સાધર્મિકો માટેના સ્થાનિક સંઘોએ કરેલા નિધિઓ-ભંડોળો વિગેરે શાસ્ત્રોક્ત એક પણ વાતનો વિરોધ કરવાનો નથી. બલ્કે-તેજ દયા અને અહિંસાના ખરા ઉપાયો છે. અને આ રીતે કરવામાં આવે તો માનવજાત કે કોઈ પણ પ્રાણી જાત દુઃખમાંથી સીધી અને પરંપરાએ બચી શકે છે. કુદરતી આફત, દુષ્કાળ, રોગ ચાળાનો ફેલાવો તથા લુલા, લંગડા, અશક્ત વિગેરે સાધર્મીકોની રક્ષાની પહેલી ફરજ તેના કુટુંબીજનોની, પછી કુટુંબની, પછી જ્ઞાતિની, પછી સંઘ અને મહાજનની ફરજ છે. આ આપણા દેશની વ્યવસ્થા છે અને તે રીતના નિધિનો વિરોધ કરી શકાય જ નહીં.

પરંતુ આજે એક નવો પ્રકાર જે જાહેરમાં ફંડો કરવાનો બહાર આવ્યો છે. તે ભયંકર છે. કેમકે-એક તરફથી માનવોને બેકાર અને ન બહલાવવાની ગોઠવણ તો મોટા પાયા ઉપર ચાલતી હોય છે અને બીજી બાજુથી તેના ઉપર પડદો બિછાવવા માનવ રાહત- માનવ દયા, અને સ્વધર્મીઓની રક્ષાને નામે ફંડો થવાની ચાલ વિદેશીઓએ શરૂ કરી છે. તે એક ભયંકર ભુલામણીમાં નાખનારી વસ્તુ છે. ખરી રીતે ધંધાની લુંટ અને બેકાર બનાવવાની યોજનાઓ ન થવા પામે, યા અટકવા પામે તેવા યોગ્ય ઉપાયો લેવા જોઇએ. અને છતાં જરૂરીઆત ઉભી રહે તો ફંડો કરવામાં વાંધો નથી. પણ સીધી અને ફંડો કરવાથી બેકારીના મૂળ તો વધતાં જ જાય. તેના તરફ કોઇનું લક્ષ્ય ન જાય.

અહિંસાનું પ્રતિક છે. નહીં કે ખરી અહિંસાના પ્રતિક છે કેમકે—આ દેશમાં વિલાયતી કાપડ આવ્યા. પહેલાં જે અયાંત્રિક કાપડ વપરાતું હતું, તે શુદ્ધ સ્વદેશી કાપડ (ખાદી) હતું. તેને બદલે વિલાયતી એટલે કે યાંત્રિક કાપડ વપરાયું તેમાં ચરબી વપરાતી હતી. તે હિંસા હતી. પરંતુ કેટલાકના મત વિચાર પ્રમાણે યંત્રવા જગતની માનવ જાતને પરિણામે ભયંકર નુકસાન કરનાર છે. ખરી હિંસાજ તેના પ્રચારમાં છે. તેથી તે યંત્રો જ્યારે હિંદની છાતી ઉપર આવીને બેસ ત્યારે સ્વદેશીને નામે લોકોને કેળવી, યાંત્રિક બનાવટોના "મેઇડ ઇન ઇંડીયા" ના માર્કાવાળા માલના વકરાનું ક્ષેત્ર વધારવા માટે આખી સ્વદેશી હિલચાલ પ્રથમ શરૂ થયેલી ચાલતી હતી. અને તેને વધુ વેગ આપવા માટે તથા સ્વદેશીના પ્રચારકોના પ્રજાને વિશ્વાસ પડે તેવા યુનીફોર્મનો એક વર્ગ તૈયાર કરવા માટે હાલની નવી ખાદીનો પ્રચાર થવાની જરૂર હતી, માટે શુધ્ધ સ્વદેશીના હિલચાલ શરૂ થવા દેવામાં આવી હત ને ' સામે વિરોધ વાતાવરણ ગોઠવી તેને વધુ વેગમાં આવવાની સગવડ આપવામાં આવી હતી.

કેમકે—વિલાયતી કાપડના પ્રચાર પહેલાનું કાપડ ઉત્પન્ન કરીનેજ હિંદમાં આખી પ્રજા તે પહેરી શકે તેવા કોઈપણ સંજોગો આજે નથી. એટલે હાલની નવી ખાદી મીલના સ્વદેશીના હિલચાલને વેગ આપવા પૂરતીજ ઉભી થઈ હતી. અને તેમાંજ પરિણમી છે. ભૂલાવામાં નાખીને લોકોનો તાત્કાલીક વિશ્વાસ મેળવવા માટે સ્વદેશીની વધુમાં વધુ સ્તુતિ કરવી જોઈએ. માટે તેની સાથે શુદ્ધ (સ્વદેશીનું) શબ્દ જોડવામાં આવ્યો હતો. જાહેરાતમાં હંમેશા એમજ કરવું પડે છે.

લોકોમાં અત્યારે વપરાશ છેલ્લા ૩૫ વર્ષમાં પણ યાંત્રિક કાપડનો એકંદર વધ્યો છે. ત્યાં એવું સમાધાન કરવામાં આવે છે, કે—

"દેશમાં, દેશના માલિકો, દેશની મજુરી, અને તાતા વિગેરેના કારખાના માંહનો સામાન બનાવી આપવા માંડે, તેમ તેમ દેશી સંચ,

આવી શકે. આવા બે ત્રણ મુદ્દાના વિદેશી હિતના તત્ત્વો ઘુસાડવા માટે જ આ આખી હિલચાલ આંતરરાષ્ટ્રીય સ્વાર્થોમાંથી જન્મી છે અને બીન અનુભવી લોકોને હાથે બંધારણ ઘડાઇને–તે કબુલવાની પ્રજાને નામે ગોઠવણ થાય છે. રાજ્યોની ધારાસભા ઉપર એકમો અને તે ઉપર વડી ધારાસભા અને તે ઉપર સંસ્થાન, તેના ઉપર શહેનશાહ અને યુનોની સત્તા ગોઠવાય છે. એમ હિંદના રાજાઓ અને વર્તમાન પ્રજા વિદેશી માનસની ગુલામ બને છે. અને પરદેશીઓને આ દેશમાં સંપૂર્ણ નાગરિક હક્ક પ્રાપ્ત થાય છે. ચુંટણીના આગેવાનોથી વંશપરંપરાના આગેવાનો-રદ થઇ જાય છે. એટલે ભવિષ્યમાં વિદેશી નિષ્ણાતો, ધારાસભા કે કેન્દ્ર પાર્લામેન્ટમાં ચુંટાઇને આવી શકે, ત્યારે સ્થાપિત હિતવાળા પોતાનો દાવો આગળ લાવી શકે જ નહિ. આ બીજ શ્રી કેડલને રાજકોટના દિવાન તરીકે ૭ માસ માટે મોકલીને બ્રી. પાર્લામેન્ટે પલ્લવિત કર્યું છે. તેને પાછળથી સરદારશ્રી પલ્લવિત કરી રહ્યા હતા.

દેશ નેતાઓના અહિંસાના ઉપદેશામાં પણ ઉપર જણાવેલી અહિંસા જ લક્ષ્ય રૂપ છે. સાચી સૈદ્ધાંતિક અહિંસા લક્ષ્ય રૂપ નથી જ.

ત્યારે ખરી અહિંસા જગતમાં જૈનો જ જાળવી શકેલ છે. અને તેની અસરથી જ કાંઇક અસર બીજાઓ ઉપર ખરેખરી થઇ છે, તેટલીજ ખરી અહિંસા જગતમાં છે. તે અહિંસા હાલના અહિંસાના પ્રચારને દરેક ઠેકાણે નડે તેમ છે, એટલે તેને આડે ન આવવા દેવા, દેશનેતાઓ અને સુધારકોને અને તેમના સંસ્થાઓને, સાચી અહિંસાના પ્રચારની વચ્ચે ગોઠવવામાં આવેલ જણાય છે. આ રીતે એક વખત તો આ દેશ ન માલુમ પડે તેવી રીતે ભયંકર હિંસાનો અખાડો બની જવાની તૈયારી કરી રહ્યો છે. તેને કેમ અટકાવી શકાય? એ મહત્વનો પ્રશ્ન વિશ્વના હિતચિંતક સાચા મહાત્માઓ માટે થતો જાય છે.

નવી ખાદી વિગેરે અહિંસાના પ્રતિક ગણાય છે. પરંતુ તે આધુનિક

હાલનો રેંટીયો મૂળ રેંટીયાને નાબુદ કરવા અને મીલને ઉત્તેજવા પ્રચારમાં] લાવવામાં આવ્યો હતો. તેથી [યાંત્રિક વિકાસ સાથે જે] માનવી હિંસા સંકળાયેલી છે. એ સ્પષ્ટ થયા વિના રહેશે નહિ. સારાંશ કે—આજની રાષ્ટ્રીય હિલચાલમાં અહિંસા શબ્દનો છુટથી પ્રયોગ સિવાય, ક્યાંય પણ સાચી અહિંસાનું નામ નિશાન પણ જડતું નથી, જડે તેમ નથી. મુંગા પ્રાણીઓની અહિંસા તો નથી, પણ માનવી અહિંસા પણ નથી. એટલુંજ નહીં પણ જગતની ગોરી પ્રજા સિવાય સૌની સીધી કે આડકતરી, તાત્કાલીક કે પરીણામે હિંસાજ હિંસાજ જણાય છે. બીજું કાંઇ વાસ્તવિક રીતે હોય તેમ જણાતું નથી. જો કે અહિંસા અને રાહતનો ભાસ માત્ર તો જરૂર છે જ. વાસ્તવિક અહિંસા કે વાસ્તવિક રાહતનું નામનિશાન નથી જણાતું.

માટે, આ જમાનો હંસામય જણાય છે. તેમાં અહિંસાના કામે અને નામે પણ હિંસાજ પોષાય છે. સાચી અહિંસા આધુનિક જડવાદની સંસ્કૃતિની ખીલાવટમાં આડે ન આવે, માટે જ તેની વચ્ચે બનાવટી અહિંસા ગોઠવવામાં આવી જણાય છે, અને યુરોપીય વિચારના પાઠ્ય પુસ્તકો અને પ્રોફેસરોના હાથ નીચે કેળવાયેલા કામ ચલાઉ નેતાઓ દેશ અને પ્રજાની સ્થિતિના અને લાભાલાભના વિચાર વિના તેના પ્રચારમાં ઉપયોગી થઇ રહ્યા જણાય છે. સરકારી પાઠ્ય પુસ્તકોમાં પણ માંસાહારને ઉત્તેજન મળે તેવા પાઠો અને ચિત્રો હવે મોટા પ્રમાણમાં બહાર આવતા થયા છે. આટલો સારાંશ તરી આવે છે.

શ્રી અર્હત પરમાત્મા મહાવીર દેવ વિગેરે તીર્થંકરોના તપોબળની જેટલી અસર હોય, અને તેને લીધે જેટલી થોડી ઘણી સાચી અહિંસા ટકી હોય, અને પોષાતી હોય, તેટલીજ અહિંસા જગતમાં સાચી અહિંસા છે. જો કે નવા નવા મહાપુરુષોને એટલી બધી અતિશયોક્તિ ભરી ખૂબ જાહેરાત આપીને હિંદના પ્રાચીન મહાપુરુષોને અને શુદ્ધ સંસ્કૃતિના પ્રચારકોને

દેશી વ્યવસ્થા, અને દેશમાં વપરાશ, એમ થવાથી મીલ ઉદ્યોગની ખીલવટથી પણ સ્વદેશીને ટેકો મળે છે, અને ભવિષ્યમાં લાભ થવાનો છે."

પરંતુ પહેલી ભુલ તો એ છે, કે-તેમાં આડકતરો યાંત્રિક બનાવટનો સ્વીકાર અને નવી ખાદી મારફત તેના માલનો પ્રચાર ગોઠવાયેલો છે. તેજ મહાહિંસક તત્વો છે. તેની સાથે દેશી મૂડી અને દેશી માલિકી માનવામાં આવે છે. તે પણ ભુલ છે. મુડી તો પરદેશી છે, તેમજ માલિકીઓ પણ ધીમે ધીમે પરદેશીઓની આડકતરી વધતી જાય છે. તે હવે ખુલ્લી રીતે દેખાતી જશે. ગામડામાં એક વેપારી લાખના સવાલાખ કમાવા માટે મૂડી રોકે-અને તે નાણાં ખેડુતો પાસે દેખાય છે. ત્યારે તેને આપણે ખેડુતોની મૂડી માનીયે છીએ. પરંતુ એ મૂડી તેમની નથી હોતી, વેપારીની હોય છે.

તેમ આજના આપણાં ધનિકો પાસેની મૂડી પરદેશીઓની છે. માટેજ દરેકની મૂડી રાષ્ટ્રીય ધન બનાવવાની વાત ચાલી શકે છે, કેમકે વિદેશીઓએજ અબજો કમાઇને કરોડોની મૂડી દેશીઓને આપી છે. એટલે વિદેશીઓ પોતાના નવા ધંધાઓની ખીલવટમાં તે મૂડીને રાષ્ટ્રીય બનાવવાની દેશ નેતાઓ મારફત હિલચાલ ચલાવીને કબજો કરે, અને દેશની સંસ્કૃતિના પોષણમાં ન ખર્ચાય તેની તકેદારી ભરી રોકાવટ માટે રાષ્ટ્રીય ઠરાવે એ સહજ છે.

ખરા મૂળ ધનિકો ગરીબ થઇ ગયા છે, અને તેઓની મૂડી તો ક્યારનીએ ખેંચાઇ ગઇ છે. માટે દેશી મીલોમાં કાંઇપણ દેશી નથી. એ ઉંડા અભ્યાસથી કોઇપણને કબુલ કરવું પડશે. આમ સ્વદેશીને નામે હાલની ખાદી શુદ્ધ સ્વદેશી શબ્દનો સ્વાંગ પહેરીને યાંત્રિક યોજનાઓનેજ વેગ આપે છે. આનો એક દાખલો "કુમાર"ના પાછળના પુંઠા ઉપર હમણાં છપાતી જાહેરાત પૂરો પાડે છે. તેમાં-પહેલા રેંટીયો પછી તકલી અને પછી ભુંગળાવાળી મીલ છાપી છે. તેજ બતાવી આપે છે, કે

થી, ભાવો ઉંચા જાય, એ સ્વાભાવિક હતું. અને તેથી ગરીબો કે મધ્યમ વર્ગના લોકોને જીવનોપયોગી અનાજ વિગેરે ચીજો સરળતાથી ન મળી શકે, તે મુશ્કેલી દૂર કરવા માટે ઉંચા ગયેલા ભાવે વેપારીઓ વેચી ન શકે, અને અમુક જથ્થાથી વધારે જથ્થામાં માલ સંગ્રહી ન શકે, માટે અમુક નક્કી કરેલા જાતના દરેક માલ ઉપર કંટ્રોલના કાયદાથી અંકુશ મૂકવામાં આવ્યો હતો. અને જાહેરમાં વેચવા માટેના ભાવ જે બાંધવામાં આવ્યા તે ભાવેજ દરેકે લેવું, અને વેચવું જોઈએ. એવી ફરજ પાડવામાં આવી. તથા એ નક્કી કરેલા ભાવે વેચનારી સરકારી અંકુશ તળેની દુકાનો પણ ખોલવામાં આવી. ખરીદ કરનારાઓને સરકાર તરફથી અનાજ વિ૦ મેળવવાના અરજી પત્રકોના રૂપે અનાજ આપવા વિગેરેના કુટુંબ વાર કે વ્યક્તિ વાર માપ, તારીખ, વગેરે નોંધનારા નોંધકાર્ડો પણ પૂરા પાડવામાં આવ્યાં હતાં.

